વર્ષ ૩૮ · અંક ૬
જૂન ૧૯૬૧
સળંગ ૪૫૦

# કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

સંસ્થાપક · રવિશંકર રાવળ
તંત્રી · બચુભાઈ રાવત






શરીરમાં કાર્યશક્તિ આવે છે; શરીરનો વિકાસ થાય છે ને તેનામાં રોગપ્રતિકારશક્તિ આવે છે.


# પાચનતંત્ર (કાયાની કરામત-૪)

આપણું શરીર જે જીવંત કોષોના આધારે ટકી રહ્યું છે એના અને એ દ્વારા આપણા શરીરના પોષણને માટે ખોરાક અનિવાર્ય છે. આ ખોરાકનો મોટો ભાગ તો 'બળતણ' તરીકે વપરાય છે અને એથી ક્રિયાશક્તિ ઉત્પન્ન થાય છે. ખોરાકનો બીજો કેટલોક ભાગ જીર્ણ કોષોની મરામતમાં ને નવા કોષો ઉત્પન્ન કરવામાં વપરાય છે. આમ, આહારથી શરીરમાં કાર્યશક્તિ આવે છે, શરીરની વૃદ્ધિ અને વિકાસ થાય છે તથા તેનામાં રોગપ્રતિકાર શક્તિ આવે છે. ટૂંકમાં આહાર એટલે પોષણ અને પોષણ એટલે જીવન. પણ ખોરાક સીધો જ શરીરના કામમાં આવતો નથી. એ માટે એમાંના શક્તિદાયક તત્ત્વો—પ્રોટિન, ચરબી, સ્ટાર્ચ વગેરેનું 'માનવ કણો'માં રૂપાંતર થવું જરૂરી છે. એ માટે ખોરાકને ચૂર્ણ-વિચૂર્ણ કરી તેનું સૂક્ષ્માતિસૂક્ષ્મ વિભાજન કરવું પડે. દાંત તથા હોજરી ને આંતરડાંના સંકોચનથી ખોરાકનું ભૌતિક રીતે વિભાજન થાય છે. જ્યારે, મોંમાંની લાળ, હોજરી, યકૃત, અગ્ન્યાશય વગેરેમાંથી ભળતા વિવિધ પાચક રસો તેનું રાસાયણિક રીતે વિભાજન કરે છે. આ આખી પ્રક્રિયા એટલે પાચન. પાચનનું આ કાર્ય શરીરના 'અન્નનળ' નામે ઓળખાતા વિવિધ પાચન-અવયવોના એક આખા ક્રમ વડે થાય છે. મોઢાથી શરૂ થઈ, અન્નનળી તરીકે આગળ જતો આ માર્ગ વચ્ચે હોજરીના રૂપમાં વિસ્તૃત થાય છે. ત્યાંથી આગળ નાના-લાંબા આંતરડા તરીકે ને તેથી આગળ મોટા આંતરડાના રૂપમાં ફેરવાઈ અતે ગુદાદ્વાર આગળ એ પૂરો થાય છે. પુખ્ત વયના માણસમાં 'અન્નનળ'નો આ માર્ગ એક છેડાથી બીજા છેડા સુધીમાં લગભગ ૩૦ ફૂટ લાંબો હોય છે. આટલા લાંબા અન્નનળમાં પ્રથમ દાંતથી ભાંગતો જતો ખોરાક હોજરીમાં અને આંતરડામાં પણ ભૌતિક અને રાસાયણિક રીતે ખંડાતો-ભંગાતો જઈ પ્રવાહી રૂપમાં આવી જાય છે. આ સ્વરૂપે જ એ કાર્યક્ષમ નીવડે છે. ખોરાકના મુખ્ય ત્રણે ઘટકો–પ્રોટિન, ચરબી અને સ્ટાર્ચનાં જે અણુઓ ભૌતિક રીતે અવિભાજ્ય લેખાય તેનું પણ શરીરમાં 'આથવણ' વડે રાસાયણિક રીતે વિભાજન થાય છે. આ આથવણો ખોરાકને તોડ્યા બાદ પણ પૂર્વવત પ્રમાણમાં જ રહે છે. છૂટા પડેલા કણોને માનવકણોમાં રૂપાન્તરિત કરવામાં પણ આથવણો સહાય કરે છે. પચેલા આ ખોરાકમાંથી પછી શરીરને પોષક રસોનું શોષણ થાય છે. અને નકામો ભાગ શરીર બહાર ફેંકાઈ જાય છે. અને આમ શરીર આહારથી પોષાય છે.









આહારનું પાચન થતું જઈ આગળ ધકેલાતો જતો તે પેટમાં કયે સ્થાને પહોંચે છે તેનું ક્રમવાર દર્શન.

# કુમાર

જૂન ૧૯૬૧ અંક · ૪૫૦



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

# વાચકો લખે છે....

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ 'FRIEND' વિષેની મારી એક નાનકડી પૃચ્છાનો આટલો શીઘ્ર પ્રત્યુત્તર આપી આપે જે સૌજન્ય બતાવ્યું છે તે બદલ હું આભાર માનું છું. સાથે, મેં અન્યત્ર વાંચેલા, એવા જ પ્રકારે 'Education' શબ્દના પ્રત્યેક અક્ષરથી શરૂ થતા સદ્‌ગુણોની યાદી મોકલું છું:

E: Expression–અભિવ્યક્તિ–રજૂઆત
D: Discrimination–વિવેક
U: Unity–ઐક્ય
C: Character–ચારિત્ર્ય
A: Awareness–જાગ્રતિ–સાવધાનતા
T: Tact–યુક્તિ–કુનેહ
I: Inspiration–પ્રેરણા
O: One-pointedness–એકાગ્રતા
N: Nationalism–રાષ્ટ્રીયતા–દેશપ્રેમ

આશા છે કે આ પણ આપને ઉપયોગી થશે.

(પોરબંદર) —રાજાભાઈ લાદીવાળા

એપ્રિલ 'કુમાર'માં માધુકરી નીચે શ્રી પારાશર્યના પ્રગટ થએલા મુક્તકનું સંસ્કૃત રૂપાંતર મોકલું છું. 'કુમાર'ના રસિક વાચકોને તે જરૂર આનન્દ આપશે.

(શાર્દૂલવિક્રીડિત)

'ग्रीष्मेऽप्येव वने न घर्मपतनं,
शीतः प्रवातोऽनिलो
यद्वृक्षाः सकलाः पिबन्ति तपनं,
कुर्वन्ति छायां सदा।
चित्रं किं यदि सर्वमानवगणः
सौजन्यमार्गे रतः
उत्कृष्टां पदवीं प्रयाति जनता
नैकाकिनो यत्नतः ॥'

(ભિલોડા) —લક્ષ્મીશંકર અ. જોષી

આજ સુધીમાં અનેક સામયિકોનો ઢગ થઈ પડ્યો છે એમાં 'કુમાર'નું બધું જ સાહિત્ય ઉત્તમ હોય છે એમ મારું માનવું છે.

પરંતુ 'કુમાર'ની સાહિત્ય-સામગ્રી જોતાં એક ખોટ બહુ જ સાલે છે. ને તે છે પુરાતત્ત્વની માહિતી અંગેની.• સૌરાષ્ટ્ર જ નહિ ભારતવર્ષમાં તારાશંકર× બૅનરજીથી આજ સુધીના અનેક અભ્યાસીઓએ પુરાતત્ત્વસંશોધન પાછળ જીવન ખરચી નાખ્યું છે... એમણે કરેલી શોધો, એમની મુશ્કેલીઓ, એમના જીવન-પ્રસંગો, એ માહિતી કેટલી રસપ્રદ છતાં દુર્લભ છે? ને એવી માહિતી 'કુમાર' ન આપે તો કોની પાસે અપેક્ષા રાખી શકાય?

પુરાતત્ત્વની વાત નીકળી છે ત્યારે 'કુમાર'ના અનેક વાચકોની જાણ માટે પણ એક પ્રખર પુરાતત્ત્વવિદ્‌ની હકીકત આપવાની ઇચ્છા થાય છે. એમનું નામ શ્રી પ્રેમશંકર પી. પંડ્યા. જૂનાગઢમાં બાલ્યકાળ ગાળી કિશોરજીવનથી જ તેમને પુરાતત્ત્વની રઢ લાગેલી. ગિરનારના કેટલાય અજાણ પથ્થરોમાં પડેલી કથાઓ તેમણે વાંચેલી. અમદાવાદ કૉલેજમાંથી વધુ અભ્યાસ કર્યા પછી તેમને સૌરાષ્ટ્રના વડા પુરાતત્ત્વવિદ્ નીમવામાં આવેલા. એ કાળમાં તેમણે રોઝડીના પુરાણા અવશેષો, લોથલનું સંશોધન એવાં સૌરાષ્ટ્રની સંસ્કૃતિ ઝળકાવતાં સંશોધનો કરેલાં. હજુ પણ તે વધુ સંશોધનોની ભેટ આપત, પણ થોડા માસ પહેલાં એ શ્રેષ્ઠ પુરાતત્ત્વવિદ્‌નું રાજકોટમાં અવસાન થયું.

પુરાતત્ત્વ-સંશોધનમાં અમુક પ્રદેશો પછાત રહી ગયા લાગે છે. આ બાજુ માણાવદર પ્રદેશની જ વાત કરું તો પાસેના નદીકિનારા પરથી હજારો વર્ષ જૂનાં ઘરેણાં અને વાસણો મળી આવે છે. થોડે દૂર ચૂડવા ગામ પાસે એક મોટી હાથણીની મૂર્તિ ઊભી છે જેની સૂંઢ તૂટેલી છે. આ વિષે વધુ સંશોધન કરનાર કોઈ જાગે?

'કુમાર'ના વાચકો પાસેથી વધુ માહિતીની અપેક્ષા રાખું છું. 'કુમાર' વધુ ને વધુ પ્રગતિ કરતું રહે એવી આકાંક્ષા છે. જોકે જાહેરખબરના આ યુગમાં માત્ર થોડી જાહેરખબરથી કોઇ સામયિક ભાગ્યે જ ચાલતું હશે.

(માણાવદર) —રમણિક કુલેતરા

[• ખરેખર? × તારાશંકર નહિ પણ રાખાલદાસ બૅનરજી આપને અભિપ્રેત હશે.]

અંક ૪૪૮ના છેલ્લે પાને શ્રી અ. રૂ. નાયકે મોકલેલા, છવ્વીસે અંગ્રેજી મૂળાક્ષરો દર્શાવતા વાક્ય જેવું વાક્ય મોકલું છું: Pack My Box With Five Dozen Liquor Jugs. આમાં-ફક્ત આઠ જ શબ્દો છે.

(રાજકોટ) —યોગેશ હ. પંડ્યા

[•છાપખાનાંનાં વિધવિધ બીબાં દર્શાવતાં સૂચિપત્રોમાં એક જ વાક્યમાં બધા અક્ષરોનો ઘાટ દર્શાવવા વારંવાર આ વાક્ય વપરાય છે.]

પાકેલા ચાંદા અને સોજા પર ધંતૂરાનાં પાનનો રસ ઘણો ઉપયોગી થઈ પડે છે.

(કરાડી) —હીરાલાલ પટેલ

એપ્રિલ અંકમાં શ્રી એન. સી. વૈષ્ણવનું સૂચન ગમ્યું. જો આપ પાકા બાઇન્ડિંગનું 'કુમાર' નામવાળું કવર બનાવી શકો તો ઘણો જ આનંદ થશે. ૧૯૬૦ના વર્ષની ફાઈલ મેં બંધાવી; કિંમત રૂ. ૧-૨૫ ન. પૈ. ખર્ચવા છતાં પણ સંતોષ ન થયો. અક્ષરો દબાઈ જાય છે. ઘણી વાર તો આર્ટ પ્લેટો પણ કપાઈ જાય છે. 'કુમાર'નો દેખાવ અને બધી જ મઝા બગડે છે; ઉપરાંત બે ત્રણ મહિનામાં તો એ અંકો પાછા ઢીલા પડી જાય છે. આપ એક વાર માગણી કરી જુઓ. ગ્રાહકો જરૂર નીકળશે.

(અમદાવાદ) —જયંતી પંચાલ



[• આ સાથેના નમૂના મુજબનાં બાઇન્ડિંગ કેઈસ (જેમાંની દોરીઓમાં અંકો છૂટા ભરાવી શકાય, અને જરૂર પડે ત્યારે કાઢી શકાય એવાં) તૈયાર કરાવતાં લગભગ બે રૂપિયા થાય. કેટલા ગ્રાહકો નીકળે છે તે જોઇએ.]

મારા લેખમાં વૃષ્યના અંગ્રેજી પર્યાય તરીકે 'ટૉનિક' શબ્દ મૂકવામાં આવ્યો છે તે બરાબર નથી. વૃષ્ય એટલે વાજીકરણ. કામશક્તિ વધારે તે વૃષ્ય અથવા વાજીકરણ કહેવાય. શક્તિપ્રદ અથવા બલ્ય માટે ટૉનિક પર્યાય બરાબર છે. વૃષ્ય માટે Aphrodisiac શબ્દ પ્રચલિત છે. મુ. શ્રી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીએ પણ ડુંગળી પરના લેખમાં વૃષ્યના પર્યાય તરીકે ટૉનિક શબ્દ કેમ મૂક્યો છે તે સમજાતું નથી.

સવારે દોહાએલા દૂધમાંથી મલાઈ વધુ ઊતરે છે કેમકે આયુર્વેદમાં રાત્રિને સ્નિગ્ધ કહી છે; એટલે રાત્રિ દરમ્યાન પશુના શરીરમાં સ્નિગ્ધતાનો ઉપચય વિશેષ થતો હોઈ સવારે દોવાતા દૂધમાંથી મલાઈ વધુ ઊતરે છે.

(અમદાવાદ) —લાભશંકર ઠાકર

૪૪૩મા અંકમાં 'પ્રકૃતિ'ના પુનઃ પ્રકાશનની વાત લખી છે. મારે ગ્રાહક બનવું છે, પણ તેના પ્રકાશકના સરનામાના અભાવને લીધે ઘણા વખતની ઇચ્છા પૂર્ણ થતી ન હતી. આપ 'કુમાર'માં તેનું સરનામું આપશો તો મારા જેવા બીજા કેટલાય લોકોને ફાયદો થશે.

(અમદાવાદ) —સુશ્રુતકુમાર પટેલ

[• શ્રી રતિલાલ ખરાદી, પ્રકાશક 'પ્રકૃતિ', ૫૨, પ્રીતમનગર, એલિસબ્રિજ, અમદાવાદ-૬]

એપ્રિલના 'હિતચર્યા' વિભાગમાં 'તાવમાં આટલું કરો'નાં 'ચિકિત્સક'શ્રીનાં સૂચનો અમલમાં મૂક્યાં. તે અનુસાર વર્તવાથી મને રહેતો જીર્ણ તાવ સદંતર દૂર થવા પામ્યો છે. 'ચિકિત્સક'ને તે બદલ ધન્યવાદ! 'કુમાર'માં આરોગ્ય વિષેના વિભાગો પ્રગટ કરવા બદલ તંત્રીશ્રીને પણ ધન્યવાદ ઘટે.

'કુમાર'માં મોનોટાઇપ પ્રિન્ટિંગ શરૂ કરવામાં આવે તો તેની લોકપ્રિયતા વધુ ને વધુ થાય એમ મારું માનવું છે.●

(તલોદ) —રણછોડ ભાવસાર

[● એ સરંજામ વસાવવા જતાં રૂ. પચાસેક હજાર જોઇએ. 'કુમાર'નું એવું ગજું ક્યાંથી?]

મારો પાંચ વર્ષનો બાબો છે જે લગભગ હમેશાં રાત્રે પથારી પલાળે છે : સૂતી વખતે પેશાબ કરાવવાની ખાસ કાળજી લેવા છતાં. ડૉક્ટરની દવાથી ફાયદો ન થયો. કરમિયાની કોઈ તકલીફ નથી. વળી મારા બીજા કોઈ બાળકને આ તકલીફ ન હતી.

દેશી દવા અને તેના અંગેના ટુચકાઓમાં મને ખાસ રસ છે. વળી ઘણી વખત તે અકસીર નીવડે છે. અને છેવટે નિર્દોષ તો ખરા! વળી આવા પ્રશ્નોના જવાબ આપના પત્રમાં આવે છે તેથી પુછાવું છું. આ પ્રકારની તકલીફ ઘણાં બાળકોને હોય છે. તો આપના માસિક દ્વારા આ પ્રશ્ન જાહેરમાં મૂકશો તો કોઈને કોઈ અનુભવી તરફથી ઉકેલ મળી રહેશે ને તે રીતે કેટલાંય માબાપનો કોયડો ઉકેલાશે.

(મુંબાઇ) —ધરમશીભાઇ શાહ

માર્ચ અંકમાં શ્રી બક્ષીની 'તમે આવશો?' વાળી 'વાર્તા' વાંચી. પછી પૃષ્ઠ ૯૮ પર વીલેપાર્લેમાં વાર્તાકાર સંમેલનમાંની 'વાર્તાકલા' પરની વિચારકણિકાઓ ઉપર નજર પડી : "આજે વાર્તા કોઈ 'કહેતું' નથી. સૌએ વાર્તા 'વાંચી' લેવાની હોય છે"."વાચકે વાર્તાનો રસાસ્વાદ પામવા માટે પરિશ્રમ કરવો પડે છે". "આજે લાંબી બુદ્ધિનો વાચક ટૂંકી વાર્તા વાંચે છે ને ટૂંકી બુદ્ધિનો લાંબી નવલકથા. ટૂંકી વાર્તા પરત્વે બુદ્ધિની અપેક્ષા આજે વિશેષ રહે છે."

આના ઉદાહરણ રૂપે "તમે આવશો?" નથી ને? છે જ તો. કે "તમે આવશો?"ની પ્રસિદ્ધિની પૂર્વભૂમિકા રૂપે ઉપરનાં અવતરણો છે? તે પણ તેટલું જ સાચું છે. 'કુમાર'માં મારા જેવા ચીકણા, ઝીણવટથી વાંચે તેવાને આવું ઘણી વાર રસિક, અદ્ભુત મળે છે. એટલે જ પચ્ચીસ વરસથી પડેલું 'કુમાર'નું વ્યસન છૂટતું નથી! છોડતું યે નથી.

(કલકત્તા) —જયન્તીલાલ મહેતા


ગયા માર્ચમાં નટવરભાઈ માળવીનો 'આંખે છાલક માથે ધાર' વાળો લેખ વાંચેલો, એટલે મારી જાત ઉપર અજમાવેલો એક ઉપાય લખું છું. જ્યારે ખૂબ વાચન કરવામાં આવે છે ત્યારે આંખો બળે છે, પાણી ગળે છે અને ઝાંખું દેખાય છે. આ વખતે 'વડ'નું દૂધ બન્ને આંખમાં એકએક ટીપું મૂકવાથી આંખની બધી તકલીફ દૂર થશે. સૂતી વખતે મૂકવું. ગામડાના એક ભાઇએ મને આ ઉપાય બતાવેલો. એણે પોતાની આંખમાં, પોતાના દીકરાની દીકરીની આંખમાં વડ-દૂધ મૂકી પછી મારી આંખમાં મૂકેલું અને આશ્ચર્ય વચ્ચે ત્રણ વાર મૂક્યા પછી ફરી જરૂર નથી પડી.●

(૨) હાથપગ ધોતી વખતે, માથું અને આંખ પહેલાં ધોવાં અને પગ પછી.

(૩) સવારમાં સહેજ મીઠાના પાણીન[illegible] વાડકો ભરી તેમાં આંખો બોળી, ઉઘાડબં[illegible] કરવી. આંખનું તેજ વધશે ને દૂરદષ્ટિદોષ દૂ[illegible] થશે. આ ખારવા લોકોનો ખાસ ઉપાય અ[illegible] સૂરત જિલ્લાના ખારવાઓમાં પ્રચલિત છે

(અમદાવાદ) —ચન્દ્રકાન્ત પટેલ

[●અગાઉ આવેલી ડૉ. શુક્લની ચેતવણી તર[illegible] વાચકોનું ધ્યાન ખેંચીએ છીએ. અજમાવત[illegible] પહેલાં ડૉક્ટરની સલાહ લેવી.]



કાશ્મીરની સુષમા • જેલમનો તટ • ફોટો: નાનુભાઇ દેસાઇ

જેઓ કાશ્મીર જઈ આવ્યા હશે તેઓ સ્વાનુભવને સંભારીને અને નહિ ગયા હોય તેઓ આ મનોરમ ચિત્રદર્શનથી કલ્પનાબળે ત્યાંના સૌન્દર્યસુખનો સાક્ષાત્કાર કરશે.



પુષ્પશોભા
ચિત્રકાર · વીરેન્દ્ર પંડ્યા

## પોત પોતાનું

• ગાન •

મન! છોડ હવે છળ છાનું,
તારી વાત તુંથી શે છૂપશે,
કર્યું ચાલશે બ્હાનું?—મન૦

રાગ ઘણા, વરણાગ ઘણા,
ને વેશ ધર્યો વેરાગી,
હેમપાત્ર લઇ હાથ આમ
કાં રહ્યું ભીખ તું માગી?
લાગણીઓ લ્હેરાય ભલે,
ભરકંઠ ગાઇ લે ગાણું—મન૦

શમણાંની સો ભાત ભરીને
વણ્યું પટોળું પોતે,
સોડ માંહ્ય સંતાડી, હવે
કાં કાળી કામળી ગોતે?
ઊઠ, ઓઢી લે હુંફે પાલવ
જેવું પોત પોતાનું—મન૦

**વિનોદ અધ્વર્યુ**

## કિનારો બનું નહીં

• ગઝલ •

કોઇની દૃષ્ટિનો હું સહારો બનું નહીં,
સાગર બનું, બનું તો, કિનારો બનું નહીં!
પરિક્રમા કરું છું, આ પ્રવાસ કૈં નથી
મુકામ છો તમે તો તમારો બનું નહીં!
નમનની ટેકરી મેં નિહાળી અહીં અશી
(કે) પ્રભુને પણ નમીને બિચારો બનું નહીં!
અસારતા ફૂલોની જોઇ સૈ લીધી હવે
કોમળ છલે ફસાઇ જવારો બનું નહીં!
નશામાં જવાનીના થયો ચૂર હાલ તો
અનુભવે ઠરેલ થનારો બનું નહીં!
સૂરજની ઉગ્રતાને પણ હસી લઉં છું ત્યાં
શશીથી હારવાને સિતારો બનું નહીં!
પીઉં છું ઝેર પણ હું નીલકંઠ તો નથી
અસર જણાય એમ પીનારો બનું નહીં!

**હેમન્ત દેસાઇ**

## 'આવું?'

• વિષમ હરિગીત •

નવા નાજુક ખીલેલા
ફૂલના ઝાકળભર્યા આવાસમાં વાસો રહી,
આંબો ભરી ઝૂલી રહેલા મ્હોરના વાઘા સજી,
રળિયામણી વહેલી પ્હેરોડ
આજ
દક્ષિણ હવા પર હેતથી પગલી ધરી,
મલકાઇને કેવું
વસંતે કાનમાં આવી કહ્યું, 'આવું?'

**નલિન રાવળ**

## વૈશાખી રેણુ

• ગામ •

દા'ડા તો લાગે મુંને જેટલો અકારો સઇ!
એટલી ગમે આ રૂડી વૈશાખી રેણુ,
હાં હાં રે સઇ! કાંઇ રૂડી–કાંઇ રૂડી વૈશાખી રેણુ!

રોમરોમ ભોંકાતી બાવળની શૂળ
એવાં દા'ડે દઝાડે તીખાં તેજ,
સીમ સીમ ઝરે એલી! રાતે ચાંદરણાં
કે પાથરી ચમેલડીની સેજ?
દા'ડા તો જાણે નેણુ રાતાં ઉજાગરે
ને રાતલડી જાણે આંખ્ય ઢળી મીઠે ઘેન!
હાં હાં રે સઇ! કાંઇ રૂડી–કાંઇ રૂડી વૈશાખી રેણુ!

દા'ડે વંટોળ શો વાવડો વીંઝાય એવો
રજેભરી કાય રેબઝેબ,
શીળી શીળી રમે કાંઇ લેરખડી રાતનાં
કે અંગઅંગ ચંદણના લેપ!
દા'ડા તો જાણે બોલ સાસુજીના તાતા
ને રાતલડી સાયબાની મનગમતી શેણુ!
હાં હાં રે સઇ! કાંઇ રૂડી–કાંઇ રૂડી વૈશાખી રેણુ!

**પ્રદ્યુમ્ન તન્ના**

## મધુર નમણા ચ્હેરા

• હરિણી •

મધુર નમણા ચ્હેરાઓની હવામહીં પ્યાલીઓ
ગગન કરી દે કેફે રાતું કસૂંબલ આસવે;
નયન હજી તો હોઠે માંડે, પીધો ય ન ઘૂંટડો,
નજર ખુદ ત્યાં મારી પીવા જશી મદિરો બની
જતી લથડતી ઘેરી રસ્તે પતંગ શી ફૂલ પે
વદન વદને ઊડે, બેસે, પિયે મધુ, ચીકણી
ઘણી ય વખતે મારે એને ઉઠાડવી રે પડે,
નયન મીંચીને ઢીંચ્યે જાતી અસહ્ય ઊંઘેટીને.

મધુર નમણા ચ્હેરાઓનો ભવોભવનો ઋણી;
મુજ જીવનના પંથે છાયાકુમો સમ જે હસ્યા,
નયન ઊતરે ઊંડે ઊંડે અતીત વિશે ય, તો
મધુર નમણા ચ્હેરાઓના દીપે પથ ઊજળો!

જીવનવગડે કાંટામાં છો ઘુંદાય પદો પડી,
મધુર નમણા ચ્હેરાથી તો ખસે જ ન આંખડી.

**ઉશનસ્**

## ક્યાં સુધી?

ખરજમાં ને ખરજમાં ક્યાં સુધી ગાયા કરે કોઇ!
વિરહમાં ને વિરહમાં ક્યાં સુધી ઝૂર્યા કરે કોઇ!
ઘડી કે બે ઘડીમાં આવનારા! માફ કર મુજને,
ભરમમાં ને ભરમમાં ક્યાં સુધી જીવ્યા કરે કોઇ?

**'સાકિન' કેશવાણી**

## દ્વિધા સમે

• મિશ્ર •

ઊભી ઊભી
કુંતલ વ્યસ્ત ભીના
તું પોષના આતપમાં બપોરે
સુકાવતી'તી નતશિર જ્યારે–
ને કંઠમાંથી કલગાનમાધુરી
ઝમી રહી'તી સહજ ધીમી ધીમી.

હું આ અહીં વ્યસ્ત દ્વિધા મહીં બહુ
અસત્ય થોડા બસ કર્મથી મને
મળી જતી'તી ઠીક લાંચ તે વિષે
લેવી ન લેવી…

ત્યહીં દક્ષિણાનિલે
ફંગોળિયા કુંતલ જે ભીનાભીના
ગતિ વધી ગાન તણી… અને… અને
રહ્યું નહીં અંતર મારું રિક્ત આ
પ્રવેશ ત્યાં કિંચિત કો અશુભનો
હવે નહીં શક્ય.

પ્રિય હું ઊભો થઇ
આવું ધીરે પદ્મ-શરીરની કને
ધીમેશથી સ્કંધ પરે મૂકી કર
બીડી દઉં લોચન બે, ડૂબી જઉં
ઝીણાઝીણા આ ઘનશ્યામ કેશમાં
ભીનાભીના કો' શુભરમ્ય દેશમાં!

**લાભશંકર ઠાકર**

## એકીસાથે

• ઇન્દ્રવજ્રા •

વાર્ધક્ય-વીંટ્યા મુજ પિતૃ-અંકે
મારા શિશુને હસતું દીઠું મેં;
ને એકીસાથે રમતાં દીઠાં ત્યાં:
મારો જ ભાવિ, કરમાં અતીત.

**ચીમન કલાલ**

## તો યે?

• મિશ્ર •

છે રૂપ તારું ઘડિયાળ કેરા
કો આંકડા શું.
યદિ કોઇની યે
નેનોતણી નજરનો ફરતો ન કાંટો
એની પરે,
નહિ તદા કંઇ મૂલ્ય એનું.
તો યે ગુમાન પર તું શીદ
માનુની, હે?

**ગીતા પરીખ**

વિચારવિશેષ]

# લોકશાહી

[યશવન્ત શુક્લ

**આ** નવજાતિએ સૈકાઓના અનુભવો પછી, પોતાના વિકાસને અનુકૂળ એવી જીવનપ્રણાલી હજી હમણાં જ ઉપજાવી છે. વિરોધોની વચ્ચે મેળ ઊભો કરીને જીવવાની આ પ્રણાલીને આપણે 'લોકશાહી' કહીએ છીએ. લોકશાહી વિરોધોનો 'નિકાલ' નથી કરતી, પણ વિરોધોની નોંધ લે છે; અને જે દિશામાં સૌની અથવા મોટા ભાગની નજર વળે છે તે દિશામાં નિર્ણયને વાળે છે. એમ કરતાં જે થોડાકને રંજ થાય અથવા નુકસાન થાય એમને લોકશાહી ખમી જવાનું અને પોતાના હેતુ અથવા માન્યતામાં રહેલા સત્યનું આગ્રહથી પ્રતિપાદન કરતા રહેવાનું આશ્વાસન આપે છે, કે આજે જનસમૂહનો મોટો ભાગ આ તરફ ઝૂકચો છે તો આવતી કાલે બીજી દિશા તરફ ઝૂકવાનો પણ સંભવ છે. કેમકે લોકશાહીનું અભયદાન છે કે કોઇને પણ વિચારો ધરાવવા ખાતર કે ઉચ્ચારવા ખાતર સજા કરવામાં આવશે નહિ. સંભવ છે કે આજે અસ્વીકાર્ય લાગતો વિચાર આવતી કાલે સ્વીકાર્ય પણ બને. માટે વિચારને અભયદાન હોવું ઘટે છે.

આ જીવનપ્રણાલી બહુ ડહાપણભરેલી છે. જોકે એના અનેક જવાબો સંભવે છે. અને તેથી લોકશાહીની ભાતભાતની વ્યાખ્યાઓ પ્રચારમાં આવી છે, તથા લોકશાહી કહેવડાવતાં તંત્રોમાં પણ ઘણું વૈવિધ્ય જોવા મળે છે.

તેમ છતાં, જે શ્રદ્ધા અને ઉત્સાહથી રૂસોએ એમ કહેલું છે કે, સૌની ઇચ્છા અથવા તો સૌનો સંકલ્પ સાચો જ હોય, એવું હવે ભાગ્યે જ કોઇ માનશે. સૌની અથવા મોટાભાગની એટલે કે બહુમતીની ઇચ્છા સાચી કે સારી જ હોય, એનો નિર્ણય કલ્યાણકારી જ હોય એવું કંઈ હરેક વખતે ન બને. યુદ્ધે ચડનાર રાષ્ટ્ર બહુમતીથી, ઘણી વાર તો સર્વસંમતિથી જ યુદ્ધે ચડે છે, અને છતાં યુદ્ધ કલ્યાણકર નીવડે છે એવું ભાગ્યેજ કોઈ માનશે.

પરંતુ અનુભવે માનવને સમજાયું છે કે જે કાર્યમાં મોટા ભાગની સંમતિ હોય છે તે કરી શકાય છે. એટલે બધાનો મત પૂછીને કાર્ય કરવાની રીત સૌથી સારી છે. પણ હું કહું છું તે જ સાચું છે, ફલાણા સંત કે મહંત કહી ગયા છે તે જ સાચું છે, ફલાણા ચક્રવર્તી કે ધર્મપ્રવર્તક કે નેતાએ કહ્યું છે તે જ સાચું છે એમ માનવા અને મનાવવા જે મથે છે તે મત પૂછવામાં માનતો નથી. પરિણામે મતાન્ધતા–શ્રદ્ધાન્ધતા, લોકશાહીની પાયાની વાતને જ નકારે છે.

કોઈ એમ પૂછી શકે કે શું એવું કોઇ જીવનમૂલ્ય નહિ હોય, એવો કોઈ ગુણરાશિ નહિ હોય, એવો કોઈ તર્ક નહિ હોય, જે દાખલાદલીલપૂર્વક એવી પ્રતીતિ ઉપજાવી શકે કે એને અનુસરવામાં કે સ્વીકારવામાં જ સૌનું શ્રેય રહેલું છે? યુગેયુગે ઉદારચરિત મહાત્માઓએ અને પ્રતાપી વિજેતાઓએ સૌને સુખી કરવાનો, સૌનું કલ્યાણ કરવાનો ઉદ્યમ કરેલો હોવા છતાં, લોકશાહીનો અનુભવપૂત જવાબ એ છે કે ના. એવું કોઈ ત્રિકાલાબાધિત, સનાતન, સર્વસ્વીકાર્ય મૂલ્ય કે લક્ષણ કે તાત્પર્ય સંભવતું જ નથી. હરેક જમાને, હરેક પ્રજાએ પોતાના પ્રશ્નો પોતાના દેશકાલના સંદર્ભમાં પોતાના વિવેકવિચારથી ઉકેલવાના હોય છે. 'જ્યારે ધર્મની અવગતિ થાય છે ત્યારે અધર્મને ઉચ્છેદવા અને ધર્મને સંસ્થાપવા માટે યુગે યુગે અવતાર લેવો પડે છે' એમ ભગવદ્‌ગીતામાં શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું હતું તેનું રહસ્ય પણ આ જ છે.

પ્રત્યેક યુગનાં બલાબલો નોખાં હોય છે, પ્રત્યેક યુગના પ્રશ્નો નોખા હોય છે; તેથી જ પ્રત્યેક યુગનાં મૂલ્યો પણ નોખાં હોય છે. એનો અર્થ એવો નથી કે યુગ બદલાય એટલે મૂલ્ય પણ બદલાય છે. કેટલાંક મૂલ્યો વધારે ટકાઉ અને સંગીન હોય છે અને જીવનસાતત્યને પોષક પણ હોય છે. પરંતુ દેશકાલફેરે સમગ્ર મૂલ્યસૃષ્ટિમાં ફેર પડયા વિના રહેતો નથી. પ્રમાણમાં સુસ્થિર અને સાત્ત્વિક મૂલ્યોને પણ વ્યવહારનો, અવિચારનો, જડત્વનો, મમતાનો, સ્વાર્થનો એમ નાનાવિધ કાટ ચડે છે. તેથી ઝૂડઝાપટની ક્રિયાની તો હરહમેશ જરૂર રહે જ છે. આ ઝૂડઝાપટ તે જ વિવેક, તે જ વિચાર,–લોકશાહી જેને જીવાડીને જીવે છે તે જ એ તત્ત્વ.

હું જ સાચો છું એમ કહીને આક્રમકવૃત્તિથી ધસી જવાને બદલે 'વખતે તું પણ સાચો હોય' એમ કહીને મૃદુતાથી બીજાના આન્તરજીવનનું સ્વાગત કરવાની અનાક્રમક પદ્ધતિ આપણે અપનાવીએ એ જ લોકશાહીની તાત્ત્વિક પદ્ધતિ છે. મનુષ્યજાતને ટોળાઓ અને જૂથોના જીવનરક્ષક વ્યવહારોમાંથી, સમજદારીભર્યા વ્યવહારોમાંથી, પ્રાચીન ગ્રીક નગરજીવનમાંથી, અને પ્રાચીન ભારતીય ગણરાજ્યોમાંથી, અનેક સંઘર્ષો ભૂલો અને યાતનાઓને અન્તે આ પદ્ધતિ માંડ હાથ લાગી છે અને તેને વિકસાવવા એ મથી રહેલ છે. એનો જો કોઇ મોટામાં મોટો શત્રુ હોય તો તે અણસમજ, અવિવેક, અવિચાર, સંકુચિતતા, જડતા અને આક્રમકતાના સમુચ્ચય જેવી અન્ધશ્રદ્ધા છે. પછી તે સાંપ્રદાયિક અન્ધશ્રદ્ધા હોય કે બીજી કોઇ હોય.

મનુષ્ય આમ તો વિચાર કરનારું પ્રાણી ગણાય છે; તો પણ, નિશ્ચિત માન્યતા અને નિશ્ચિત વ્યવહાર એને ઘણી આસાયેશ આપે છે; કેમ કે ત્યાં વિચારવાની તકલીફ ઊભી થતી નથી. આપણે જેને અન્ધશ્રદ્ધા કહીએ છીએ તે આ વિચાર-વિવેકહીન શ્રદ્ધાનો જ પ્રકાર છે.

અને આ અન્ધશ્રદ્ધા માત્ર પોતામાં જ સમાઇ રહેતી નથી. જુદી શ્રદ્ધા ધરાવનારને પોતાની શ્રદ્ધા વળગાડવા પણ એ મથે છે. અન્ધશ્રદ્ધા જડ તો છે જ, પણ ધૃષ્ટ અને આક્રમક પણ છે. આથી જ, સાંપ્રદાયિક તો શું, કોઈ પણ અન્ધશ્રદ્ધા લોકશાહી માટે ભયરૂપ છે.

---

## લોકશાહી!

**આ** જે આપણે ઘડીના છઠ્ઠા ભાગમાં એક મોટું આંદોલન ખડું થઈ જતું જોઇએ છીએ. લોકો પોતાંના કામધંધા મૂકીને, નિત્યની સ્થાયી પ્રવૃત્તિને મૂકી દઈ નીકળી પડે છે. હજારો માણસો રસ્તા પર જોતજોતાંમાં ભેગાં થઈ જાય છે, સરઘસો રચાઈ જાય છે, સભાઓ ભરાઈ જાય છે, એક છેડાથી બીજા છેડા સુધી, બીડમાં આગ લાગે તેમ, આંદોલનો જાગી ઊઠે છે. લોકમાત્ર, નાનાંમોટાં બધાં જ–સ્ત્રીઓ, બાળકો, વિદ્યાર્થીઓ, મજૂરો, શિક્ષકો, ડૉક્ટરો, પ્રોફેસરો, ધારાસભ્યો બધાય સંગઠનમાં આવી જાય છે, મોરચા બાંધે છે, જંગ ખેલાય છે, પથ્થરબાજી ચાલે છે, આગ લગાડાય છે, મ્યુનિસિપાલિટીનાં ફાનસોથી માંડી માણસનાં માથાં સુધીની ભાંગફોડ થાય છે, કે પછી 'સત્યાગ્રહ' શરૂ થવા માંડે છે, 'ઉપવાસ' આદરાય છે. અને વળી વીસમી સદીની રીતે આ સ્થૂલ અને સૂક્ષ્મ યુદ્ધશક્તિઓ પોતાની નવીનવી 'આકર્ષક' અને 'અસરકારક' પદ્ધતિઓ પણ વિકસાવે છે, અને એ સમરાંગણોને અંતે આપણી ઍમ્બ્યુલન્સકારો ફરતી થઈ જાય છે અને 'શહીદો'નાં સ્મારકો રચાય છે. ને દરેક જણ મોટી કૃતાર્થતા અનુભવે છે—'પ્રવૃત્તિ' બહુ સારી થઈ ગઈ!

સુન્દરમ


## પોલીસના પ્રમાદ, સરકારની સુસ્તી ને કાયદા-ન્યાયની જડતાને તોડી ફાંસીને માચડે જતા અનેક નિર્દોષોને શોધીશોધીને બચાવનાર 'છેલ્લા આશરાની કોર્ટ'નો સ્થાપક

# અર્લ સ્ટૅનલી ગાર્ડનર



એનાં અનેક પુસ્તકો ઉપરથી તારવીને તૈયાર કરનાર

**પુષ્કરભાઈ ગોકાણી**



એક દાદર પાસેથી કોઈ માણસનું શબ મળી આવ્યું. એની પાસેથી એક રીવૉલ્વર પણ મળી. એમાંથી એક ગોળી છૂટેલી હતી. મરનારના શરીરમાં પણ ગોળી પેસી જવાથી જ તેનું મોત થયું હતું. આપઘાતનો કેસ લાગતો હતો. પણ ના, આસપાસની વધુ તપાસ કરતાં એવું જણાતું હતું કે હાથમાં રીવૉલ્વર લઈ એ દાદર ઊતરતાં લથડ્યો હશે. તો પછી કેસ અકસ્માતનો ગણાય.

પરંતુ ડૉ. ગર્બરે જ્યારે શબચ્છેદન (પોસ્ટ મૉર્ટમ) કર્યું ત્યારે ખબર પડી કે જે ગોળાથી એ માણસ મર્યો હતો એ તો ૦.૩૨ કૅલિબરની હતી, જ્યારે તેની પાસેની રીવૉલ્વર ૦.૨૮ કૅલિબરની હતી. એટલે તેના શરીરમાંની ગોળી જુદી જ રીવૉલ્વરમાંથી છૂટી હતી. મતલબ કે કેસ આત્મહત્યા કે અકસ્માતનો નહિ, પણ ખૂનનો હતો. તપાસ થતાં પરિણામ એ આવ્યું કે તેને કોઈ સાથે ઝગડો થયો હતો તેમાં સામા માણસે ગોળી મારી, પણ તુરત તેનું મોત ન થયું. તે પોતાની રીવૉલ્વર લેવા દોડ્યો પણ લઈને દાદર પર આવતાં ગોળીની અસરમાં એણે ભાન ગુમાવ્યું. પડતાં પડતાં પિસ્તોલમાંથી ગોળી છૂટી હશે (તે દાદરમાં ખૂંપી ગયેલી મળી આવી) દરમિયાન એની શક્તિ ક્ષીણ થઈ જઈ એ મરી ગયો હશે. વધુ તપાસ કરતાં ખૂનીનો પણ પત્તો મળી ગયો. પણ જો ડૉ. ગર્બરે ગોળીની જાત ન તપાસી હોત તો મરનારની વિધવાને વીમો ન મળ્યો હોત, મરનારને ન્યાય ન મળ્યો હોત અને ગુનેગાર સમાજમાં વધુ ગુના કરવા છૂટો રહ્યો હોત.

બીજો કિસ્સો : એક અમેરિકન પોતાની કારમાં બેસી મિત્રો સાથે ઉજાણીએ જતો હતો. રસ્તામાં એક હબસીએ તેની ગાડીને વટાવીને (ઑવરટૅઈક કરીને) પોતાની ગાડી આગળ કરી દીધી. અમેરિકનનો પિત્તો ગયો. તેણે પોતાની ગાડી ઝડપથી આગળ લઈ પેલા હબસીની ગાડીને ફૂટપાથ પાસે દબાવીને અટકાવી. બંને ગાડીઓ ઊભી રહી. અમેરિકન ગુસ્સામાં મોટર બ્હાર નીકળી હબસી તરફ ધસ્યો. ડરના માર્યા હબસીએ પોતાનો હાથ આગળ કર્યો અને એ જ વેળા અમેરિકન એના પગ પાસે ઢળી પડ્યો. છ કલાક બાદ એ ઑસ્પિટલમાં મરી ગયો. એના મિત્રોએ જુબાની આપી કે હબસીએ એને જોરથી મુક્કો માર્યો અને તેથી એ મરી ગયો. હબસીને માટે ખોટી સજા નિશ્ચિત જણાવા લાગી. પણ ડૉ. ફિશરે પોસ્ટ મૉર્ટમ કરી જાહેર કર્યું કે મરનારનું મોત હબસીના મુક્કાથી નહિ પણ અતિશય ગુસ્સે થવાથી લોહીનું દબાણ એકદમ વધી જઇ તેના મગજની એક નસ ફાટી ગઇ હતી એને લીધે જ થયું હતું. હબસી તદ્દન નિર્દોષ જાહેર થયો.

ત્રીજો કિસ્સો : એક કલબની બહાર કેટલાક માણસોના એક ઝગડામાં એક જણ મુક્કો વાગતાં મરી ગયો. બચાવ પક્ષે દલીલ કરી કે અતિશય દારૂ પીવાના પરિણામે 'ઍસિડોસિસ' થઇ તેના શરીરમાં ઝેર વ્યાપી જતાં તે મરી ગયો હતો. પણ ડૉ. ફ્રેઇરિચને શબચ્છેદનમાં એવું કોઈ ઝેર જોવા મળ્યું નહિ. એટલે શંકા ગઈ કે મૃત્યુ એવા ઝેરથી નહોતું થયું પણ પૂર્વયોજિત રીતે ગણતરીપૂર્વક અમુક જગ્યાએ જોરદાર મુક્કો લગાવીને જ તેને મારી નાખવામાં આવ્યો છે. અને આ હકીકત સાબિત થતાં ગુનેગાર છટકી જતો રહી ગયો.

એક વીમા કંપનીનો દાવો એવો હતો કે પોતાને ત્યાં વીમો ઉતરાવનાર આ મરનારે અગાઉ બે વખત આપઘાત કરવા પ્રયત્ન કરેલો. આ વખતે પણ તેણે એ જ રીતે પ્રયત્ન કરતાં ઝેર પીધું હતું. વધુમાં પોતાના કાંડાની નસ કાપી નાખી લોહી વહેવડાવી મરણ નિપજાવ્યું છે, એટલે વીમાની રકમ પર તેની વિધવાનો કોઈ હક્ક રહેતો નહોતો; પણ ડૉ. કૉન્ડોને સાબિત કરી આપ્યું કે મરનારની હોજરીમાં અલબત્ત ઝેર હતું, અને કાંડા પરનો કાપ પણ ખરો; પણ ઝેર લોહીમાં પ્રસર્યું જ નહોતું અને કાપમાંથી ભાગ્યે જ થોડું લોહી નીકળ્યું હતું. વધુમાં હૃદયની તપાસ કરી તેમણે એ પણ પુરવાર કરી દીધું કે મરનારનો પ્રયત્ન કારગત નીવડે એ પહેલાં જ તેનું કુદરતીરીતે મરણ થઈ ચૂક્યું હતું. અને વિધવા બાઇને વીમાની રકમ મળી ગઈ.

સરકસમાં એક ગોરિલ્લો છૂટી ગયો. તેની સાથેની ઝપાઝપીમાં એક રિંગમાસ્ટર માર્યો ગયો. ઝપાઝપી વખતે રિંગમાસ્ટરના હાથમાં છરી હતી એટલે ત્યાં લોહી પણ હતું જ. ડૉક્ટરે લોહી તપાસ્યું તો સાબિત થયું કે લોહી બે જાતનું છે: બે જુદાજુદા ગ્રૂપનું છે; પણ એક રિંગમાસ્ટરનું ને બીજું લોહી ગોરિલ્લાનું નહિ પરતુ કોઈ બીજા માણસ-

નું જ છે. તપાસ કરતાં એ ગોરિલ્લાને ખોરાક આપનાર માણસ થવા-એલો માલૂમ પડયો. તેણે જ ગોરિલ્લાને છૂટો મૂકી ઝપાઝપીનું બહાનું તૈયાર કરી એ બહાના હેઠળ ઈર્ષ્યાને કારણે એનું ખૂન કર્યું હતું. એ લોહીના ડાઘાની તપાસ ન થઇ હોત તો?

**આ** બધા કિસ્સાઓ પાછળ ગુનાશોધનમાં વિવિધ વ્યક્તિઓએ જે બુદ્ધિકૌશલ દર્શાવ્યું છે તે તમામે, અલબત્ત, ગુનાશોધનમાં અમૂલ્ય ફાળો આપ્યો છે; પરંતુ એ બધાએ સત્ય ન્યાય સ્થાપવામાં કરેલી મદદને આગળ લાવનાર અને આવા કિસ્સાઓમાં ડૉક્ટરી તપાસનું મહત્ત્વ સ્થાપનાર મુખ્ય માણસ તો અર્લ સ્ટૅન્લી ગાર્ડનર. અંગ્રેજી ડિટેકટિવ સાહિત્યના શોખીનોને એ નામ અપરિચિત નથી. એમણે રચેલી એ કથાઓ સનસનાટીભર્યું વાચન માત્ર નથી. એ દ્વારા એમણે સમાજની અનેક રીતે સેવા કરી છે.

અત્યારે સિત્તેર વર્ષ વટાવી ગએલા અર્લ સ્ટૅન્લી ગાર્ડનરે જીવન-ની શરૂઆત વકાલતથી કરેલી. પચ્ચીસ વર્ષ સુધીની એ વકાલત દર-મિયાન તેઓ ઘણાખરા સાચા કેસ જ લડતા રહ્યા. સાંયોગિક પુરાવાના ભોગ બની સજા પામતા કેટલાયે નિર્દોષ અને નિઃસહાય માણસોના કેસ કંઈ પણ ફી લીધા વિના લડીને એમણે તેમને બચાવ્યા છે. અને પરિણામે જીત મળતાં સામા પક્ષને એમની મોટી ફી ચૂકવવી પડી છે. કેટલાક અસાધારણ કેસોમાં સમાજના હિતમાં તેમણે કાયદો ઉલ્લં-ઘવા જેટલી પણ હિંમત દાખવી છે. પોતાને પૂરતી તપાસ કરવાનો વખત મળે એટલા સારુ ઘણી વાર પુરાવાઓને એમણે દાબી પણ રા-ખ્યા છે. કોઈ વાર કોઈ સાક્ષીને મળવા તેના ઘરમાં સીધી રીતે પ્રવેશ મળી શકે નહિ ત્યારે ટપાલી, ટેલિફોન કંપનીનો કારીગર કે ગૅસ કંપ-નીવાળા બની ઘણાનાં ઘરમાં એમણે પ્રવેશ કરી તાગ મેળવ્યો છે.

લ ઈ ડિટ્ટેકટર (સાચું ખોટું જાણી લેનાર) યંત્રની પરીક્ષા હેઠળ ગુનો કબૂલ કરનાર વ્યક્તિઓને પણ પકડાવી દેવાને બદલે ઊંડી તપાસ કરી જોવા જેટલી તેઓ ચીવટ રાખતા. આવા જ એક કેસમાં એમને લાગ્યું કે ખૂન કરનારે એવી સિફતથી ખૂન કરેલું અને એવી પરિસ્થિતિ સર્જી હતી કે બીજી વ્યક્તિને એમ જ લાગ્યું કે પોતે જ એ ખૂનને માટે જવાબદાર છે; અને એ રીતે એ ખૂનનો એકરાર પણ એણે કરી લીધો ને એને ફાંસીની સજા થઈ. પણ ગાર્ડનરની ખંતભરી તપાસે સાચી હકીકત બહાર આણી અને પેલો નિર્દોષ માણસ બચી ગયો. વકાલત કરતાં કરતાં એમણે આવા તો કંઇક નિર્દોષોને બચાવી લીધા છે.

છેલ્લાં ઘણાં વર્ષોથી તેઓ વકાલત છોડી કૅલિફોર્નિયાની પર્વતમાળા-માં લાકડાની એક કૅબિનમાં રહે છે. 'એ. એ. ફેર'ના નામે એમણે લ-ખેલી વાર્તાઓમાંનાં 'ડૉનાલ્ડ લેમ' અને 'બર્થા કુલ' તથા તેમની 'કુલ ઍન્ડ લેમ'ની ડિટેકટિવ એજન્સીથી તો ઘણા પરિચિત હશે. વર્ષોનાં વર્ષો સુધી આ એજન્સી અને આ પાત્રો દ્વારા ગુનાશોધનની પદ્ધ-તિનું એમણે બહુ ઉમદા ઉદાહરણ આપ્યા કર્યું છે. આ કથાઓ, અલ-બત્ત, કાલ્પનિક છે, પરંતુ તેની પાછળ એમના પોતાના અનુભવોનો નિચોડ છે. એમાં રજૂ કરેલા ઘણા પ્રસંગો એક યા બીજી રીતે એમની વકાલત દરમ્યાન એમની સમક્ષ ઊભા થએલા જ છે. પાછળથી હમ-ણાં એમણે પોતાના ખરા નામ અર્લ સ્ટૅન્લી ગાર્ડનરને નામે લખવા માંડયું છે. આ ખરા નામ હેઠળ એમણે લખેલી કથાઓનો નાયક પૅરી મેસન એક વકીલ ડિટેક્ટિવ છે. કેસની વિગતો મેળવતા જઈ મોટે ભાગે કોર્ટમાં જ પડેલી સાક્ષીઓની જુબાનીમાંથી પુરાવા શોધી કાઢી તેના એવા સચોટ અર્થ ઘટાવે છે કે આખા કેસની દિશા જ ફેરવાઇ જાય. સર આર્થર કૉનન ડૉઈલના શેરલૉક હોમ્સ જેટલી જ લોકપ્રિયતા આ પૅરી મેસનને પણ વરી છે. હોમ્સના સાથીદાર ડૉ. વૉટસનની જગ્યા-એ અહીં મેસનની સેક્રેટરી ડેલા સ્ટ્રીટ કંઈ અનોખું જ વ્યક્તિત્વ ધરાવે છે. બંને પાત્રો એટલાં તો જીવંત ને વાસ્તવદર્શી છે ને વાંચતાંવાચતાં આપણે એમની સાથે એવા તો ઓતપ્રોત થઈ જઇએ કે જ્યારે તેઓ કંઇ પણ જોખમ ખેડતાં હોય ત્યારે આપણને તેમની ચિંતા થવા લાગે. વળી, પૅરી મેસન અને ડેલા સ્ટ્રીટ વચ્ચેના સંબંધો પણ એટલા બધા ઔચિત્યભર્યા તથા શુદ્ધ રહે છે કે 'રોમાન્સ'ના શોખિન ઘણા વાચ-કોને એ નથી ગમતું. એ બંને વચ્ચે પ્રેમ પાંગરતો જોવા ઘણા વાચ-કો ગાર્ડનરને પત્રો પણ લખે છે. પરંતુ ગાર્ડનર તેમને એક જ જવાબ આપે છે: 'ડિટેક્ટિવોનું કામ ગુનેગારોને શોધી સજા કરાવવાનું છે, પ્રેમ કરવાનું નહિ'.

પોતાનાં થોકબંધ લખાણો તેઓ ડિક્ટેફોન પર ઉતારે છે, ને તેના પરથી કાગળ પર ઉતારવા તેમણે સાત જેટલા સેક્રેટરીઓ રાખ્યા છે. એ ઉપરાંત પણ બીજા માણસોની જરૂર પડે છે. તે બધાને તેઓ મા-સિક લગભગ પચીસ હજાર રૂપિયા પગાર ચૂકવે છે. પોતાની વાર્તાનું વસ્તુ તૈયાર થઇ ગયા બાદ ત્રણચાર દિવસમાં જ તેઓ આખી કથા તૈયાર કરાવી લે છે. એમની ઘણી કથાઓ દુનિયાની લગભગ બારેક ભાષાઓમાં અનુવાદિત થઈ છે. એમાંની કેટલીકની તો પચ્ચીસથી યે વધુ આવૃત્તિઓ પ્રકટ થઇ ચૂકી હશે. ૧૯૫૨ સુધીમાં માત્ર કૅનેડા અને અમેરિકામાં જ તેની સાડા છ થી સાત કરોડ નકલો વેચાઇ હતી. પૉકેટ બુક, પૅન્થર બુક અને પેન્ગ્વિન સીરીઝમાં એમની બસો ઉપરાંત કથાઓ પ્રકટ થઈ છે. કાયદામાં ડૉકટરી વિદ્યાનો ઉપયોગ કરવા પર તેઓ બહુ ભાર મૂકે છે. એમની ઘણી કથાઓ પણ ડૉકટરોને જ અર્પણ થએલી છે. ડૉકટરી તપાસ દરમિયાન જ જો શક્ય એટલી વધુ-માં વધુ તપાસ થઈ શકે તો પછી આખા કેસને ઊકેલવામાં ઘણી સરળતા થઈ જાય એ એમના આ લખાણની શરૂઆતમાં રજૂ કરેલા કેટલાક કિસ્સાઓ પરથી સમજી શકાશું. ખૂનના કેસમાં મૃત્યુ થયાનો વખત નક્કી કરવો એ ઘણો જ મહત્ત્વનો મુદ્દો છે. મરનારે ક્યારે ખોરાક લીધો છે અને હોજરી અગર આંતરડામાં અત્યારે ખોરાક કયાં છે ને કેટલો પચ્યો છે તેની તપાસ પરથી મૃત્યુનો લગભગ ચોક્કસ સમય નક્કી થઇ શકે છે. સામાન્ય સંજોગોમાં ખોરાકનું પાચન લગભગ ઘડિયાળ જેટલી નિયમિતતા ધરાવે છે.

આપણે ત્યાં લખાતી ડિટેક્ટિવ કથાઓમાં આલેખાતા બુધ્ધુઓની જમાત જેવા પોલીસોને કર ભરતી પ્રજા પોતાના રક્ષણ માટે કદી ચલાવી ન લે. પોલીસખાતું પણ સમજદાર હોય છે, એમને પણ એમની ફરજનું ભાન હોઈ શકે, એ દર્શાવવા એમણે ડિસ્ટ્રિક્ટ ઍટર્ની ડગ સેલ્બીનું પાત્ર સર્જી તેને હાથે ઘણા કેસમાં ન્યાય મળતો દર્શાવ્યો છે. સાથોસાથ પોલીસખાતાને સાથ આપવા માટે નાગરિકોની પણ કેવી ને કેટલી ફરજો છે તે પણ તેમણે એ કથાઓ દ્વારા વ્યક્ત કર્યું છે. સામાન્યતઃ મનાય છે તેમ આવી કથાઓ માનસ વિકૃત કરે છે એમ એમની કથાઓ વાંચ્યા પછી પણ કહેવું એ તો ભૂલ ભરેલું જ ગણાય.

'કલ્યુ ઑવ ફરગૉટન મર્ડર'માં એમણે વેધક પ્રશ્નો પૂછી સાક્ષીઓ અને શકમંદ વ્યક્તિઓના જવાબો પરથી જ કેવી સચોટ રીતે ખરા ખૂનીને પકડી પાડયો છે એ જો જોઇએ તો એમની શક્તિનો ખયાલ આવે.

સામાન્ય નાગરિક ગુનાના સંજોગોમાં ફસાઈ પડે તો તરત બુદ્ધિ બતાવીને કેવી રીતે માર્ગ કાઢી શકે એ એમણે 'ટેરી કલેઈન'ના પાત્ર દ્વારા દર્શાવ્યું છે. 'મર્ડર અપ માઈ સ્લીવ' અને 'કેસ ઑવ બૅકવર્ડ મ્યૂલ'ની કથાઓ એનાં ઉદાહરણ છે.

હમણાં વળી તે 'ચાર્લ્સ જે. કૅની'ના નામે પણ લખે છે. પોલીસ-રક્ષણ પાછળ કેટલીક વખત ખોટી આબરૂ ખાતર (અનુ૦ પૃ. ૨૦૬)

# પ્રસ્વેદનું બિન્દુ

○ વિભુતકુમાર શાહ

પ્રિયે ચિઠ્ઠી મળી ત્યારથી તે અસ્વસ્થ બની ગઈ હતી. સમય પસાર થતો ગયો તેમતેમ તેની મૂંઝવણ વધવા લાગી અને કોઈ મોહક છતાં ભયાનક તત્ત્વે જાણે એને ભરડો દીધો હોય એમ જડ અને મૂઢ જેવી થઈ તે ક્યાંય સુધી પડી રહી. ચારે બાજુ જે કાંઈ પડયું હતું તે બધું એની નજર સામે તળેઉપર થવા લાગ્યું: સામે વળગણી પર લટકતાં મેલાં અને કઘોવણ કપડાં, તાપ અને ધુમાડાથી શેકાઈ ગએલી ભીંતોવાળું કાળુંમેશ રસોડું, પોતાનું અસલી સ્વરૂપ ગુમાવી બેઠેલા ડબ્બા, પેટી, ખાટલા ને ગોદડીઓ, અને ખખડી ગએલું આખું ધૂળિયું ઘર,—જાણે અભાવ પોતેજ ડાચું ફાડીને હડપ કરી જવા માગતો ન હોય! ચારે બાજુ જ્યાંત્યાં કચરો ભરાયો હતો ને પોતે પણ એમાં પૂરેપૂરી રંજોટાએલી લાગતી હતી: સાવ ખિન્ન, મ્લાન અને નિસ્તેજ.

આ તંગ દશા તે વધારે વખત સહન કરી શકી નહિ. વ્યગ્ર બની તે એકદમ ઝડપથી ઊભી થઈ ગઈ ને બંધ બારી ઊઘાડી નાખી બહાર જોવા લાગી. દુશ્મનો જાણે શહેરને ઘેરો ઘાલતા હોય એવી રીતે આકાશમાં વાદળાં ઘેરાવા માંડયાં હતાં. પવન પણ ફૂંકાવો શરૂ થયો હતો. થોડે દૂર ખુલ્લી જગ્યામાં એક ઘેઘૂર વડલો પોતાની ઘટા ફેલાવી વિસ્તર્યો હતો: શાંતિ અને સમતાનો મંત્ર મર્મરતો. ત્યાં તો બાજુના ઓરડામાંથી એક બોદો અને ખોખરો અવાજ આવ્યો, સહેજ સ્પર્શ્યો અને પછી બારીની બહાર ફેલાઈ ગયો. એણે મોં ફેરવ્યું અને એના બુઢ્ઢા બાપની પથારી તરફ વળી.

ઓરડાની હવા ભારે, રોગિષ્ટ અને દુર્ગંધ મારતી હતી. એનો બાપ ગંદી ગોદડીમાં સૂતો હતો. સાવ કંતાઈ ગએલો તે ખરી પડેલી પાંખોવાળા ગીધ જેવો લાગતો હતો. માથે થોડા છૂટાછવાયા લુખ્ખા ધોળા વાળ, ઊંડી ઊતરી ગએલી ઝીણી આંખો, ખાડા પડી ગએલા ગાલ, ઊપસી આવેલું આગળ પડતું નાક અને ફૂલી ગએલી નસોવાળું આખું સુકલકડી શરીર; છતાં સ્વભાવે તેજ અને ગરમ હતો.

તે ચુપચાપ આવીને ઊભી રહી. એને યાદ આવ્યું કે એની મા પણ આ જ રીતે ખાંસતી ખાંસતી ગોદડીમાં આળોટતી મરી ગઇ હતી. એને જોઇને એનો બુઢ્ઢો બાપ તાડુક્યો: 'ક્યાં ટળી હતી? બૂમો પાડી પાડીને મારો જીવ તો નીકળી ગયો!' એણે કશો જવાબ ન આપ્યો.

બુઢ્ઢાનો મિજાજ વધારે ગયો અને ઘાંટો પાડીને બોલ્યો, 'ભસી મરને, ક્યાં ગઈ'તી. મોંમાં લૂલી હલાવતાં જોર પડે છે?'

'ક્યાં ય નહોતી ગઈ. જોડેના ઓરડામાં જ હતી. શું કામ છે?'

'પેટમાં લાહ્ય લાગી છે. ચૂલે રાબ ચઢાવ તો કાંઈ ટાઢક થાય.'

'સમતા રાખો બાપુજી, હમણાં જ બનાવી આપું છું.'

'જ્યાં જીવ તાળવે ચોંટયો હોય ત્યાં સમતા ક્યાંથી રાખે? જા હવે ભેગાભેગી રોટલા ય ટીપી નાખજે; છોકરાંઓ પાછાં કજિયો કરશે.'

'ભલે.' કહી એણે જવા માટે પગ ઉપાડયો ત્યાં તો ફરી એનો સાદ આવ્યો 'અરે પેલો ધાબળો તો ઓઢાડતી જા; પાછી સાલી ઠંડીએ સતામણી શરૂ કરી. આજે માવઠું થવાનું લાગે છે.' એણે કાંઇ જવાબ ન આપ્યો અને મૂંગાં મૂંગાં કામ પતાવી ઓરડાની બહાર નીકળી ગઈ.

સમીસાંજ થઈ. તેનાં ભાંડુઓની રાહ જોતી તે બેઠી હતી. વાતાવરણમાં તોફાન વધવા માંડયું હતું. કોઈ રાની પશુ બહાર ત્રાડ પાડતું હોય એવો ગડગડાટ થતો હતો. ફરી પાછી એણે કબજામાંથી ચિઠ્ઠી કાઢી અને સહેજ ભયથી એના વહેમી, ચીડિયા અને માંદલા બાપના ઓરડા સામું જોયું. હજુ ય તે ખાંસતો ખાંસતો અને ગાળો બબડતો ગોદડીમાં આળોટતો હતો. એણે ચિઠ્ઠીમાં મન પરોવ્યું. અરીસાના કટકામાંથી એ જોઈ શકી હતી કે પોતે રૂપાળી છે, જુવાન છે, અને એટલે જ અવારનવાર બહાર જવાનું થતાં એને એની સાથે મીઠો સંબંધ બંધાયો હતો. અને આજે....

નાજુક તરંગો એની આજુબાજુ ઘૂમરાયા અને એનાં વમળોમાં તે જાણે તરવા લાગી. ત્યાં તો એનાં ભાંડુ દોડતાં દોડતાં ધસી આવ્યાં અને નાનો ભાઈ બોલ્યો: 'બેન, જો તો ખરી બહાર શું થયું છે!' તે એકદમ સફાળી ચોંકી ઊઠી અને બહાર જઇને જોયું તો થોડે દૂર એક લીમડાનું ઝાડ એના મૂળમાંથી ઊખડીને રસ્તા વચ્ચે પડયું હતું.

બન્ને ભાંડુઓને લઇ તે અંદર આવી અને બારણાં વાસી દીધાં. છોકરાને ખૂબ ટાઢ વાતી હતી. તે બોલ્યો 'બેન, એકાદ ગરમ બંડી હોય તો કેવું સારું!' 'ટાઢ બહુ વાય છે.' મોટી બેને કાંઈ જવાબ ન આપ્યો; પણ અંદરથી તાતું તીર છૂટયું હોય એમ બુઢ્ઢાનું સણસણતું વાક્ય આવ્યું: 'કોડિયાં જેવું કપાળ લઇને જન્મ્યા છો ને આટલી બાદશાહી ભોગવવાના શેના અભરખા થાય છે? સાલાં ભુખાળવાં.'

તે ક્યાંય સુધી વિચારમાં બેસી રહી. એનો જીવ ચગડોળે ચડયો હતો. એનાં ભાંડુ લેસન કરતાંકરતાં ઊંઘી ગયાં હતાં. કોઈ બારણું ખખડાવતું હોય એવી રીતે પવનના સુસવાટા બહાર અથડાતા હતા. તે એના બાપનું જૂનું ધોતિયું લઈ થીગડું મારવા બેઠી. ત્યાં તો ડોસાનો મોટો છોકરો ઘેર આવ્યો. તે ખૂબ ખાતો ને ખૂબ ઊંઘતો. દેખાવે બાઘો ને જડસો. બદન લોખંડી. નોકરી કરીને પૈસા લાવવા સિવાય તેને ઘરની બીજી કોઈ બાબતમાં રસ નહોતો. હરાયા ઢોરની માફક મોડી રાત સુધી બહાર રખડયા કરતો અને પછી મોડી સવાર સુધી ઘોર્યા કરતો. રોજની જેમ આજે પણ ઠાંસીઠાંસીને ખાઈ તે બહાર ચાલ્યો ગયો.

વાતાવરણ શાંત થઈ ગયું હતું. વરસાદ વરસ્યો નહિ. એનો બુઢ્ઢો બાપ પણ એની ગોદડીમાં જંપી ગયો હતો. ગોખલામાંથી એણે એની માની છબી લીધી અને વળગણી પરથી કપડાં ભેગાં કરી તેની પોટલી બાંધી. થોડી વાર સુધી તે શાંત અને સૂનમૂન બેસી રહી. ડગુમગુ થતી દીવાની જ્યોતના પડછાયામાં આખું ઘર એને હાલકડોલક થતું લાગ્યું.

તે ઊભી થઈ અને બગલમાં પોટલી દબાવી બારણાની આડશે રહી અંદર ટગર ટગર જોવા લાગી. એનો બુઢ્ઢો બાપ મો પહોળું રાખી ચત્તોપાટ સૂઈ રહ્યો હતો. એને એમ જ લાગ્યું કે હમણાં બેઠો થઈ એને ગાળ ભાંડશે. દબાતા પગલે તે મોટા બારણા તરફ વળી. ત્યાં તો એની નજર એનાં ભાંડુ પર પડી. ટૂંટિયું વાળી એકબીજાને બાઝીને તેઓ સૂતાં હતાં. તે એમની પાસે ગઈ. પોટલી છોડી અને એમાંથી એક સાલ્લો કાઢી એમને ઓઢાડયો. ફરી પાછી તે બારણા પાસે આવી અને હળવેથી હડસેલ્યું. તીણો ને લાંબો ધીમો અવાજ કરીને બારણું ખૂલી ગયું.

એણે બહાર પગ મૂક્યો. આગળ વધવા જાય છે ત્યાં તો એની નજર સામેની દીવાલ પર ચોંટાડેલા પોસ્ટર પર પડી. જાંબલી શાહીમાં લખેલા મોટા અક્ષરો જાણે એની સામે ધસી આવ્યા: 'ગાયને કતલખાનામાં જતી રોકો! ધર્મના કામમાં મદદ કરો.' ઢીલી થઈ તે એકદમ ઓટલા પર બેસી પડી. રસ્તા પરનો દીવો ખોબા જેટલો ઝાંખો પ્રકાશ ફેંકતો હતો. ફરી પાછી તે ઊભી થઈ અને આગળ ચાલવા માંડયું. સૂમસામ શાંતિ ખળભળી ઊઠી હોય એમ એકાદ કૂતરું ભસ્યું. શેરી વટાવી તે સરિયામ રસ્તા પર આવી ગઈ. આટલી ઠંડીમાં પણ એને બફારો થતો હતો.

થોડું ચાલી ત્યાં તો બસ-સ્ટૅન્ડ આવી ગયું. પરંતુ બસની રાહ જોયા વિના તે આગળ વધી. આંખો મીંચીને જાણે તે સરતી હતી–તણાતી હતી. મુકરર કરેલા સ્થળે તે ઊભો હતો–એની રાહ જોતો. એને જોઇને તે એકદમ એની પાસે આવ્યો ને એનો હાથ પકડી લીધો. તે ધ્રૂજી ઊઠી. એની આંખોમાંથી જાણે કોઇએ કીકીઓ કાઢી લીધી હોય એવી રીતે તે એની સામે ખાલી ને ફાટેલી આંખોએ તાકી રહી.

તે ધીમા અવાજે બોલ્યો, 'આવી ગઈ? ચાલ, જલદી કર, મોડું થાય છે. હજી સ્ટેશન-ની છેલ્લી બસ મળશે.' એમ કહી તેણે એનો હાથ ખેંચ્યો અને એકદમ ઝડપથી ચાલવા માંડયો. સહેજ થડકાતા અવાજે તે બોલી 'પણ આપણે કયાં જવું છે?' તેણે જવાબ આપ્યો 'રામ લઈ જાય ત્યાં. કોઈ પણ હિસાબે આપણે સૌરાષ્ટ્ર મેઈલ પકડવો છે. અને દૂરદૂર જતાં રહીશું–પૈસાની સગવડ મેં કરી લીધી છે. તું બિલકુલ ગભરાઈશ નહિ.' અને તેઓ મૂંગાં મૂંગાં ચાલવા માંડયાં.

ત્યાં તો એની નજર ફૂટપાથના એક અંધારા ખૂણામાં પડી. એક ચીંથરેહાલ ભિખારી ભોંય પર સૂતેલા એના છોકરાંને પોતાના શરીર પરનું મેલું લૂગડું કાઢીને ઓઢાડતો હતો–અપાર મમતા ને વાત્સલ્યથી. એક પળ સહેજ ખચકાઇને તે ઊભી રહી. યુવાને એનો હાથ ખેંચ્યો. અને ફરીથી પાછું તેમણે ચાલવા માંડયું–મૂંગા મૂંગા. સ્ટેશન પર જવાના બસ-સ્ટૅન્ડ પર આવીને તેઓ ઊભાં રહ્યાં. એકના ચહેરા પર વ્યગ્રતા હતી ત્યારે બીજાના ચહેરા પર ઉત્તેજના. દક્ષિણ દિશા તરફ દૃષ્ટિ લંબાવી તે બોલ્યો: 'બસ આવતી દેખાતી નથી. એમ કર; તું અહીં ઊભી રહે. હું સામેની દુકાનેથી થોડો નાસ્તો લઈ આવું. રસ્તામાં જોઇશે ને?' એણે કાંઈ જવાબ ન આપ્યો, અને તે ઝડપથી ચાલતો થયો. હજુ ય તે ખાલી અને ફાટેલી આંખોએ એની પીઠ સામે તાકી રહી હતી. થોડે દૂર દુકાનોનાં અજવાળાંમાં ઊભા રહેલા લોકોના ટોળામાં તે ભળી ગયો.

ત્યાં તો સામે ઉત્તર દિશામાંથી તેજનો લિસોટો ફેંકાયો ને એક બસ પૂર વેગે આવતી દેખાઈ. એની ભીતરમાં કશુંક સળવળ્યું. એના અણુયે અણુમાં જાણે વીજળી પસાર થઈ અને આંખો મીંચીને તે એકદમ ઝડપથી સામેના બસ-સ્ટૅન્ડ તરફ ધસી. કોઈની તીણી ચીસ પડી હોય એવો અવાજ કરીને બસ થોભી. તરત જ તે બસમાં ચડી ગઈ અને એક બાંકડા પર જઇને પડી. એના કપાળ પર પરસેવે-નું એક બિંદુ જામ્યું હતું, નિર્મળને પવિત્ર.

૧૯૯૫ ('કુમાર' અંક ૪૫૦)



સાહિત્યપરિષદ પ્રસંગે રવીન્દ્રનાથ ગુજરાતમાં આવ્યા ત્યારે ભાવનગર દક્ષિણામૂર્તિ ભવનની એમની મુલાકાત વેળા આંધ્રના સ્વ. કલાકાર ડી. રામરાવે કરેલો સ્કેચ. સામેના પાને: યુવાન રવીન્દ્રનાથ

# ગુરુદેવની દિનચર્યા

મૂળ હિંદીમાં
લેખક
ગુરુદયાળ મલ્લિક

મહાપુરુષોની દિનચર્યા એમના જીવનની સંક્ષિપ્ત આવૃત્તિ જેવી હોય છે. તેઓ સવારના સાડાત્રણ કે ચારની આસપાસ ઊઠી પોતાનું મુખ પૂર્વ તરફ રાખી, આંખો બંધ કરી, ધ્યાન કરતા. એમાં કેટલાંયે વર્ષો સુધી તેમણે ગાયત્રીના મંત્રને પોતાના ધ્યાનનું કેન્દ્ર બનાવ્યો. ત્યાર બાદ 'સત્યમ્, શિવમ્, સુન્દરમ્'ના મંત્રને. પરંતુ છેવટે તો કોઈ પણ જાતના મંત્રની મદદ વિના તેઓ જગતના આત્મા સાથે એકરૂપ થઈ જતા. સૂર્યનું પ્રથમ કિરણ જેવું તેમના લલાટ ઉપર પડતું તેવા જ તે પોતાની આંખો ખોલતા અને સૂર્યનું સ્વાગત કરતા: કયારેક કોઈ નવા ગીતથી, કયારેક જૂના ગીતથી તો કયારેક અલૌકિક આનંદના અનુભવથી.

છ વાગ્યાની આસપાસ તેઓ નાસ્તો કરતા. તેમાં કૉફી કે ચા સાથે 'ટોસ્ટ'નો એક નાનોશો ટુકડો હોય, કે ચોવીસ કલાક પાણીમાં પલાળી રાખેલા મગના થોડા દાણા હોય. સવારનો નાસ્તો તેઓ મોટે ભાગે એકાંતમાં એકલા જ કરતા, કેમકે એમની હમેશાં એવી ઇચ્છા રહેતી કે સવારે કરેલા 'ધ્યાન'માં જે વિચાર યા અનુભવ આવે એ જેટલો લાંબો વખત મુક્ત રહે તેટલું સારું.

નાસ્તો પૂરો થયા બાદ તેઓ પોતાની સાહિત્ય-સાધના શરૂ કરતા: કોઈ નવો નિબંધ, વાર્તા, નાટક વગેરે લખતા કે પત્રવ્યવહાર કરતા.

ધ્યાન બાદ જો કોઈ નવું ગીત ગણગણાવા લાગતું તો જ્યાં સુધી પોતે તેને પૂરું કલમબદ્ધ કરી ન લે, અથવા કોઈ સંગીતજ્ઞને તે શીખવી ન દે ત્યાં સુધી તે ગણગણાટ ચાલુ રહેતો; પછી નવ વાગ્યાના અરસામાં ટપાલ આવતી તે ખોલીને તેમાંના કેટલાક પત્રો જાતે જ જવાબ આપવા માટે રાખતા અને બાકીના તેમના સેક્રેટરીને આપી દેતા.

દસ-અગિયારના શુમારે તે નહાવા જતા, જેમાં ઘણો સમય લેતા.

નહાઇને બહાર આવતાં જ તેમના માટે ભોજન મેજ પર મુકાતું. એમાં જો સ્હેજ પણ મોડું થતું તો તેઓ નારાજ થઈ જતા. સાધારણ રીતે એમનું ભોજન નિરામિષ (શાકાહાર) રહેતું. ખાવામાં પાંચ છ ચીજો હોય. રોટલી, દાળ, બે શાકભાજી, મીઠાઈ કે ખીર, ને દહીં. ક્યારેક વર્ષાઋતુમાં લીમડાનાં તળેલાં પાન પણ હોય. ખાવાની વસ્તુઓ ઘણી રહેતી, પણ તેઓ ખાતા બહુ ઓછું. એમને પંજાબી રોટી અને પરોઠા ખૂબ ભાવતા. ખાધા બાદ તેઓ કદાપિ આરામ ન કરતા, પણ કેટલાંક સામયિકો અથવા વિજ્ઞાનનું કોઈ પુસ્તક વાંચતા.

બપોરે અઢી કે ત્રણ વાગ્યાના અરસામાં તેઓ ચા લેતા. એ વખતે કોઈ ને કોઈ એક-બે મહેમાન સાથે હોય જ. મહેમાનની સાથે અનેક વિષયો—સાહિત્ય, રાજનીતિ, વિજ્ઞાન આદિ ઉપર વાતો કરતા. એમની વાતોમાં હમેશાં નવો જ દૃષ્ટિકોણ રહેતો. આનંદવિનોદની છાંટ પણ રહેતી. આ પછી બે કલાક સુધી તેઓ બીજા લોકોને મળતા. આશ્રમનો કોઈ અધ્યાપક પોતાની મુશ્કેલી લાવતો, યા આશ્રમનો સંચાલક પોતાની મૂંઝવણનો ઉકેલ લેવા આવતો, અથવા તો કોઈ વિદ્યાર્થી સાહિત્યના વિષયમાં કાંઈ પૂછવા આવતો.

સાંજના છ-સાડા છ વાગ્યે તેઓ આશ્રમવાસીઓને પોતાની કોઈ પણ નવી કૃતિ—કવિતા, નાટક, નિબંધ—સંભળાવતા; અથવા તો પોતાના કોઈ નાટકનું 'રીહર્સલ' કરાવતા. કોઈકોઈ વાર સંગીતનો જલસો હોય ત્યારે પોતે પણ એકાદ-બે ગીત ગાતા.

રાતના સાડા આઠ વાગ્યે તેઓ વાળુ કરતા. એ ઘણું જ સૂક્ષ્મ રહેતું, જેમાં થોડા 'સૂપ'ની એક પ્લેટ હોય, કે થોડો આઈસ્ક્રીમ હોય. કેરીની ઋતુમાં તેઓ સવારસાંજ કેરી ખાતા. કેરીના તો તેઓ એટલા બધા શૉખીન હતા કે તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે મિત્રો જુદાજુદા પ્રાંતોમાંથી તેમને માટે તેની ઋતુ ચાલે ત્યાં સુધી મોકલાવ્યા કરતા.

વાળુ પતાવીને ભાગ્યે જ તેઓ કાંઈ વાંચતા; મોટે ભાગે તો દીવો ઓલવીને પોતાના ઘરના આંગણામાં અથવા બગીચામાં ચૂપચાપ બેસી રહેતા. આ વખતે તેઓ મોટે ભાગે તારાઓ તરફ એકીટશે જોઈ રહેતા. કેટલીક વાર તો આમ ને આમ મધરાત થઈ જતી. પછી તેઓ સૂઈ જતા. જ્યારે સખ્ત ગરમી પડતી અથવા તો મૂશળધાર વરસાદ વરસતો ત્યારે આવાસની બારીઓ ખોલી નાખી પ્રકૃતિની એ વિચિત્ર લીલાને નિહાળ્યા જ કરતા. જ્યારે જ્યારે કવિતા લખવાની આંતરિક ઇચ્છા ધીમી પડતી ત્યારે તેઓ કોઈ ચિત્ર બનાવતા અથવા તો પોતાની કોઈ કૃતિનો અંગ્રેજીમાં તરજુમો કરવા બેસી જતા; અથવા તો બીજાની કૃતિ સુધારવા માંડતા.

આ પ્રમાણે ગુરુદેવનો આખો ય દિવસ વ્યતીત થતો. જો કોઇ માંદું પડ્યાના ખબર એમને મળતા તો તરત જ તેઓ પોતાનાં હોમિયોપથીનાં પુસ્તકો ઘણી જ ચીવટ અને ધ્યાનથી ઉથલાવીને તેમાંથી યોગ્ય ઓષધિ શોધી મોકલાવતા. આ તો એમની દિનચર્યાની આછી રૂપરેખા છે, એના ઉપરથી એમના બાહ્ય જીવનનો જ થોડો ખયાલ આપણને આવી શકે; પરંતુ એમના આંતરિક જીવનની વાત તો ઈશ્વર જ સારી રીતે કહી શકે.



## કવિશ્રીનું શરબત

કવિશ્રી રવીન્દ્રનાથ ઠાકુર બહુ આનંદી સ્વભાવના હતા. પોતે ગંભીર રહીને બીજાની મશ્કરી કરવાની એમની ખાસ રીત હતી.


એક દિવસ સવારે તેઓ એમના આવાસની પરસાળમાં બેઠા હતા ત્યાં ક્ષિતિમોહન સેન મળવા આવ્યા. બંને વાતો કરતા બેઠા, તે દરમિયાન નોકર એક ગ્લાસમાં શરબત જેવું કંઈક કવિશ્રીને આપી ગયો. રવીન્દ્રનાથ વાતો કરતા કરતા ધીમેથી એ પીણું પી રહ્યા હતા. ક્ષિતિબાબુ વારંવાર એ પીણા તરફ નજર કરતા હતા, તેથી કવિશ્રીને લાગ્યું કે ક્ષિતિમોહન સેનની આ પીણા પર લોભી નજર લાગી છે. તેથી એમણે નોકરને હાંક મારી ક્ષિતિબાબુ માટે એ પીણું મંગાવ્યું.

નોકર ગ્લાસમાં થોડું પીણું લઇ આવ્યો ત્યારે ક્ષિતિમોહને કવિશ્રીના ગ્લાસ તરફ જોયું તો પોતાને ભાગે ઘણું ઓછું મળેલું જણાયું. મનમાં એ માટે નારાજ થઈને વિચાર્યું કે પીણું કંઈક વધુ કીમતી હશે એટલે મને ઓછું આપ્યું હશે. કવિશ્રી એમનો આ મનોવ્યાપાર સમજી ગયા, છતાં મનમાં હસતાં પોતાનું શરબત મોજથી ધીમેધીમે પીતા રહ્યા.

ક્ષિતિબાબુ એ કીમતી પીણું એકદમ પી ગયા, પણ તે ગળા નીચે ઊતર્યું નહિ, કારણ.. કારણ કે તે તો લીમડાના પાનનો રસ હતો!

ક્ષિતિમોહન સેનનું કડવું ઝેર પીધા જેવું મોઢું જોઇને કવિવર મલકભર્યું મંદમંદ હસી રહ્યા. (ઉદ્ધૃત)

# કલાવાર્તા



રવીન્દ્રનાથનું એક ચિત્ર

## ચિત્રકલા શીખવા વિદેશ જતા કલાકારને ગુરુદેવ રવીન્દ્રનાથનો પત્ર

ત્રિપુરાના ચિત્રકાર ધીરેન્દ્ર કૃષ્ણદેવ વર્મને ગુરુદેવને જ્યારે જણાવ્યું કે ચિત્રકલાના ઉચ્ચ શિક્ષણ માટે પોતાને વિલાયત જવાની છાત્રવૃત્તિ મળી છે ત્યારે કવિવરે તેને જવાબમાં જે પત્ર દ્વારા શીખ આપી છે તેમાં કવિના સ્વાભિમાન અને સ્વદેશાભિમાનની લાક્ષણિક ઊંચી ઝલક દેખાય છે. વિલાયતની છાપ લઈ આવનારાઓની જે પૂછપાછ થાય છે તેનું મુખ્ય કારણ તો આપણું પોતાનું જ ભાવ-લાઘવ, હીનતા અને ^ન્યનો અનુભવ માત્ર છે, તે બાબત ઉપર કવિએ ઘણા મર્મભેદી શબ્દોમાં ઇશારો કર્યો છે. તેમણે લખેલા એ બે પત્રો આ રહ્યા :

૧

કલ્યાણીયેષુ

તમારો પત્ર મળતાં તો રાજી થયો; પરંતુ છાત્રવૃત્તિ લઇને તમે વિલાયત જઈ રહ્યા છો એ સમાચારથી મને કંઈ ખુશાલી થઈ નથી. તમે જો વિજ્ઞાનના અભ્યાસ માટે ત્યાં જતા હોત તો હું કંઈ વિરોધ કરત નહિ. પણ ચિત્રકળા? એ વિષયમાં તમે એવું સાબિત કરવા જાઓ છો, કે આ અભાગી દેશમાં એ વિષયના કોઈ પણ વિભાગમાં આપણી શક્તિનું ઉદ્ભાવન થયું નથી? હવે આપણે પીઠ ઉપર એમની છાપ મારીને બજારમાં વેચાવા નીકળીશું?

જ્ઞાનપૂર્ણ શિક્ષણનું પ્રયોજન બેશક નમ્રતા છે, પરંતુ સૃષ્ટિશક્તિની પ્રતિભાનું શિર નીચું કરીને જેઓ આત્માવમાનના કરે છે તેનાથી તેમની શક્તિનો હ્રાસ જ થાય છે.....એનો પરિચય આપી રહે છે.હા, એથી રૂપૈયાની થેલી પૂરી ભરાય છે એ વાત માની લઉં છું.

અજંટાના ચિત્રકારો માટે આપણે ચિરકાળ સુધી ગૌરવ લઈશું તે એટલા જ કારણથી કે તે સંપૂર્ણ રૂપે આપણા છે; સાઉથ કેન્સિંગ્ટનનું લાંછન (છાપ) તેની પર નથી. પણ કયા પ્રલોભન અથવા મોહથી તમે અગૌરવના આ કલંકની છાપ સ્વીકારવાને જઈ રહ્યા છો, કે જે દ્વારા ચિરકાળ સુધી ઇતિહાસમાં માત્ર એવું ઘોષિત થયાં કરશે કે તમારી ખ્યાતિ બ્રિટિશ સામ્રાજ્યની ખ્યાતિનું જૂઠણ (એઠું) માત્ર છે.

એવું કરીને તમે પોતાની પ્રતિભાને મારી નાખીને તેના બદલામાં ધન જરૂર મેળવશો, પણ ભીતરની ભીતરમાં તમે સ્વદેશને વંચિત રાખશો એ વાત યાદ રાખજો મારી કચેરીમાં પરીપજીઓનું ટોળુ છે, વિશ્વવિદ્યલયમાં બીજા છાત્રોનીયે ભીડ છે, પણ ભારતમાં સરસ્વતીના રાજ્યમાં શું એવી જગ્યા નહિ હોય કે જ્યાં વીણાધારિણીની વીણાનો કમમાં કમ એક તાર તો આ ભૂમિની ખાણના શુદ્ધ સોનાનો બનેલો હોય? શું બધી જગ્યા એ વિલાયતના ૧૮ કેરેટ સોનાનું જ ચલણ રહેશે?

અભાગિયા દેશના મજૂરો અન્ન માટે બીજાઓના દ્વારે જાય છે, પણ એનાથી અધિક અભાગી દેશ તે જ છે કે જેના ગુણી લોકો વિદેશી ધનિકોની સામે જઈ સલામ ઝુકાવી કહે છે 'જ્યારે તમે જ તમારા હાથે અમારા લલાટ પર તિલક કરશો ત્યારે જ અમારો જય થશે!'

સાઉથ કેન્સિંગ્ટનની છાપ તમારા દેશનો આશીર્વાદ વ્યર્થ કરી નાખશે એવું જાણતો છતાં હું તમારી વિદેશયાત્રા માટે પ્રસન્નતા કઈ રીતે પ્રકટ કરું? ઇતિ. ૨૩ શ્રાવણ ૧૩૩૬.

શુભાકાંક્ષી શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

૨

કલ્યાણીયેષુ

તમારો પત્ર મળતાં આશ્વાસન પામ્યો. તમે વિલાયતી અધ્યાપકના છાત્ર નહિ બનો તે ઠીક વાત છે. ત્યાંની ચિત્રકળા સારી પેઠે જોજો, વિચાર કરજો ને તેમાંથી જે કંઈ બિલકુલ પોતાનું બ[illegible] લઈ શકો તેવો પ્રયત્ન છોડી દેવાનું પણ ઉચિત નથી. પોતાનું માથું પોતાની કાંધ પર બરોબર રહે એટલું પણ પૂરતું છે...ની દુરવસ્થા જોઇ હું ડરી ગયો છું.

અહીં શરદઋતુ સમાપ્ત થઇ ગઇ છે અને ઠંડી પડવા લાગી છે. બપોરની ગરમ હવા બહુ મજાની લાગે છે. મેદાનમાં દૂર વનરેખા દિક્લક્ષ્મીની લીલી સાડી ઓઢી આંખને નવીન દેખાય છે. મેદાનમાં વર્ષાનું રસપુષ્ટ ઘાસ ખૂબ લીલાલ્હેર બતાવે છે. ઢોર આળસભાવથી ચરતાં ફરે છે. સામેના લાલ રસ્તા પર બેલગાડી ચાલી જાય છે. આકાશમાં ઘૂમી રહેલા પાડુવર્ણનાં છૂટાંછવાયાં વાદળોના ગોટા એવા લાગે છે કે જાણે દ્યુલોકની પરિપુષ્ટ દેહની ગાયો મન્થર ગતિથી ચરવા નીકળી ન હોય!

પ્રવાસમાં તમારી સાધના સમ્પૂર્ણ સાર્થક નીવડો એ મારી કામના છે. ઇતિ. ૧૧ નવેમ્બર ૧૯૨૬.

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

## તેરા-તાલી

### રાજસ્થાની લોકનૃત્યનો એક પ્રકાર

સુનીલ કોઠારી

વહેલી સવારે મ્યૂઝિયમમાં ગોવિન્દજીને કેમેરા વગેરે સાધનો તપાસતા જોઈ મેં સહજ જ પૂછ્યું : 'કેમ આજે ય કાંઈ શૂટિંગ જેવું છે કે શું? તો તો—'

'હાસ્તો! નહિ તો સવારના પહોરમાં આ કડાકૂટ કરું ખરો? તમે અહીં રાજસ્થાનનાં લોકનૃત્યોનો મહોત્સવ યોજાયો ત્યારે આવેલા? સમીચાની મંડળીએ તે વખતે 'તેરા-તાલી'નો કાર્યક્રમ રજૂ કરેલો. બપોરે જોજો.'

બપોરે વાતાવરણ સ્વચ્છ ને રંગીન ફિલ્મ લેવા માટે અનુકૂળ હતું. ઉદયપુર ખાતે ભારતીય લોક કલા-મંડળના ચોગાનમાં શેતરંજી પાથરી હતી. એની પર એક સ્ત્રી લાક્ષણિક રાજસ્થાની પોષાકમાં ઘૂમટો કાઢીને બેઠી હતી. પાસે જ બેઠી હતી એની નાની દીકરી : ઠસ્સાપૂર્વક. માથે આગળ 'બોર' (દામણી જેવું ઘરેણું) ને હાથમાં મંજીરાં. સ્ત્રીના એક પગે છેક ઘૂંટણ લગી મંજીરાં બાંધેલાં. બાવડાં પર ઠેઠ કોણી લગણ હાથીદાંતની ભારે ચૂડીઓ. માથે ઇંઢોણી અને તે પર રંગેલાં મટકાં. બન્ને બાજુ થોડે દૂર બે પુરુષો બેઠેલા. એકના હાથમાં ડફ અને બીજા પાસે એકતારો. થોડી વારે

'અમ્બર જાગ્યા દેઇ દેવતા,
ધરતી પર વાસકનાગ
ઓ ઝાલર બાજે રાજા રામ કી
ઓ ઝાલર બાજે રાજા રામ કી...'

એ ભજન એમણે ઉપાડયું, અને એ લોકગાયકોના બુલંદ કંઠેથી 'ઝાલર બાજે રાજા રામ કી' નાસૂરો સાથે મંજીરાં, ડફને એકતારો તાલ લેવા લાગ્યાં. સ્ત્રીએ વિવિધ અંગકૌશલ દાખવી હાથમાંનાં મંજીરાં શરીર પર અન્ય ભાગે બાંધેલાં મંજીરાં જોડે તાલપૂર્વક વગાડવા માંડયાં અને પેલી નાની બાળાએ પણ એ ઢબે મંજીરાં વગાડવામાં પોતાનું કૌશલ દાખવવા માંડયું.

આ હતો રાજસ્થાનના લોકનૃત્ય 'તેરહ-તાલી'નો પ્રયોગ. કામડ જાતિના લોકો આ કળામાં પ્રવીણ હોય છે. 'પેશેવર'(વ્યવસાયી) વાદકો અને નર્તકોમાંની જ એ જાતિ. લોકોનું મનોરંજન કરી પેટિયું કૂટી કાઢે.

રાજસ્થાનના ડીડવાણા અને પોકરણના કામડ આ કળામાં સર્વશ્રેષ્ઠ ગણાય છે. તેરાતાલીમાં લોકનૃત્યનો અંશ અલ્પ, વિશેષ તો શારીરિક કૌશલનું જ પ્રદર્શન જોવા મળે. કામડ જાતિ ભાંખિયા નામે જાતિની ઉપશાખા છે. મુખ્યત્વે તેઓ એ ભાંખિયા જાતિના મનોરંજન સારુ જ આ પ્રયોગો કરે. પૂર્વે તેઓ ભાંખિયા જાતિના જ ગણાતા, પરંતુ અલગ વ્યવસાય સ્વીકારવાને કારણે નોખા પડયા. ભાંખિયા જાતિના તેઓ વહીવંચા જેવા ગણાય છે. એમની પેઢીઓની વિગતવાર હકીકતો ને ઐતિહાસિક વિવરણ તેઓ ગીતો દ્વારા કરે છે.

તેરા તાલી પ્રયોગ વખતે સાધારણ રીતે કામડોના ઈષ્ટદેવ રામદેવજીનાં સ્તુતિગાન ગવાય. વ્યવસાયી કલાકારો હોવાને કારણે વિશેષ કરીને ધાર્મિક પ્રસંગોએ જાગરણ નિમિત્તે આ કામડ કલાકારોને નિમંત્રવામાં આવે છે. રાતભર સૌ જાગે અને રામદેવજી સન્મુખ તેરહ તાલ બજાવે. કામડનાં બધાં દળોમાં બે પુરુષો અને બે સ્ત્રીઓ હોય. મોટે ભાગે તે એક જ પરિવારનાં હોય. પુરુષો એકતારો અને ડફ વગાડે, સ્ત્રીઓ મંજીરાં. માત્ર પુરુષો જ આ ખેલ દરમિયાન ગાય. સ્ત્રીઓનું મંજીરાં વગાડવાનું કૌશલ છક કરી મૂકે એવું હોય છે. તે દ્વારા નીચેની તેર ક્રિયાઓ સ્ત્રી મંજીરાં વગાડતાં વગાડતાં કરી બતાવે: (૧) અનાજ કાપવું (૨) અનાજ સાફ કરવું (૩) અનાજ ખાંડવું (૪) અનાજ દળવું (૫) લોટ સાફ કરવો (૬) ઘઉંના લોટમાં પાણી ભેળવી કણેક બાંધવી (૭) ફૂલકા બનાવવા (૮) બાજરીનો લોટ બાંધવો (૯) બાજરીના રોટલા ઘડવા (૧૦) માખણ નિતારી ઘી ઉતારવું, (૧૧) ઘી તૈયાર કરવું (૧૨) ચરખા પર કાંતવું અને (૧૩) સૂતર સમેટવું. આ તેર ક્રિયાઓ તે વિધના અંગભંગ દ્વારા બેઠાંબેઠાં જ મંજીરાં વગાડતાં વગાડતાં તે દર્શાવે, માટે આ પ્રયોગને તેરહ-



સ્કેચ: પ્રદ્યુમ્ન તન્ના

તાલી='તેરાતાલી' કહે છે. ઘણી વાર તો સ્ત્રીઓ હેરત પમાડે તેવું કૌશલ દાખવવા મોંમાં તલવાર પણ રાખે છે અને વિવિધ આવર્તનો લઈ મંજીરાં વગાડે છે.

આ કામડ લોકો તો રાજસ્થાનના લગભગ બધા જ વિભાગોમાં વત્તે ઓછે અંશે વસે છે; પણ તેરહ-તાલીના કૌશલમાં, પ્રારંભમાં જણાવ્યું તેમ, ડીડવાણા ને પોકરણના કામડો જ પારંગત ગણાય છે. કામડો ગોરવી અને ધાનકો નામે જાતિઓની ઉપજાતિ પણ ગણાય છે અને ત્રણેયમાં સ્વભાવે એ ઉગ્ર હોય છે. આર્થિક સ્થિતિ પણ સારી. ઘણા પાસે તો જમીન પણ હોય. અલબત્ત એ જમીન સ્થાનીય જાગીરદારોએ બક્ષિશ આપી હોય છે. કામડોને 'મેઘવાળો' તેમજ ભાંખિયા જાતિના 'મશ્કરા' તરીકે પણ લોકો રાજસ્થાનમાં ઓળખાવે છે. કામડો ભાંખિયા જોડે એક પંગતે બેસી જમે ખરા, પણ વિવાહસંબંધ ન રાખે. કામડ સ્ત્રીઓ ભાંખિયા સામે નાચે અને ગાય ખરી; તેનો બાધ નહિ. આ સિવાય તેરહ-તાલી દરમિયાન ગવાતા રૂણીચાના રામદેવજીનાં ગીત માટે કલવાડાના કામડ પણ જાણીતા છે.

અમેરિકાની સામાન્ય કલારસિક જનતાને 'મૉડર્ન (અદ્યતન) કળાનો પહેલો આંચકો આપી રસ લગાડનાર હતું ઈ. ૧૯૧૩માં ભરાયેલું 'આર્મરી પ્રદર્શન'. આમજનતામાં ખળભળાટ મચાવી મૂકનાર એ પ્રદર્શનનો સંયોજક વૉલ્ટર કુહ્ન વાસ્તવદર્શી ઢબે ચિત્રો કરનાર કાર્ટૂનિસ્ટ કલાકાર હતો. તેનો પણ ત્યારથી જબ્બર દષ્ટિપલટો થયો. તેના ઉદાહરણ રૂપ ત્રણ નમૂના આ સાથે આપ્યા છે. સરકસના વિદૂષકો ને કલાકારો તેનાં પ્રિય પાત્રો હતાં. તાદૃશ આલેખનને વિશિષ્ટ રંગભભક આપી સચોટ લાક્ષણિકતા ઉપસાવવાની તેની ઉગ્ર શૈલીએ તેને આગલી હરોળમાં લાવી મૂક્યો.





કુહ્નનાં બે ચિત્રો
મથાળે: વાજાવાળો, નીચે: વિદૂષક

### વીરેન્દ્ર પંડયા

ગયા અંકમાં જેમનો પરિચય આપેલો તે ભાઈ વીરેન્દ્ર પંડયાનું એક વધુ રંગચિત્ર આ અંકના મુખચિત્ર તરીકે આપવા સાથે તેમને વિષે મળેલા થોડા વધુ મુદ્દા આપીએ: કલાની પ્રેરણા શ્રી નંદલાલ વસુ કરતા પણ પહેલાં શ્રી રવિશંકર રાવળ તથા સોમાલાલ શાહ પાસેથી મળી; અને શાન્તિનિકેતનમાં તે પછી કટકે-કટકે અભ્યાસ પૂરો કર્યો. ત્યાર બાદ એમની

કલાનો પરિચય 'કેસૂડાં' "મિલાપ" "જન્મભૂમિ" 'મુંબાઇ સમાચાર', 'ધર્મયુગ', અને 'ઈલસ્ટ્રેટેડ વીકલી' એ આપેલો. બિહાર અને મધ્યપ્રદેશ પછી એમનું એક વ્યક્તિ-પ્રદર્શન મુંબાઈમાં પણ થયું. એમાંથી ઇંગ્લંડ ફ્રાન્સ ઈટલી અમેરિકાના દેશવાસીઓએ એમની કૃતિઓ ખરીદેલી. પણ એમની કલાની સૌપ્રથમ કદર તો જ્યારે તેઓ સીલોન, શીશલ્સ, આફ્રિકા વગેરે દેશોના પ્રવાસે ગએલા ત્યારે એક કલા-રસિક જાપાની દંપતીએ, તેમનું એક ચિત્ર ખરીદવા સાથે, જાપાનમાં અભ્યાસ કરવા માટે રહેવા-ખાવા-પીવાનો બધો ખર્ચ પોતે ઉપાડી લેવાનો પ્રસ્તાવ રજૂ કરીને કરેલી.

## કલાર્થી જયંત પરીખ

(જેમની થોડી કૃતિઓ માર્ચ અંકમાં આવી ગઇ)

'હું આર્ટ્સમાં જઇને શું કરીશ? મને ભણાવવો હોય તો ફાઈન આર્ટ્સમાં મૂકો'.

એસ. એસ. સી. થઈને જયંતે પ્રસ્તાવ મૂક્યો. પિતા શી રીતે હા કહે? એક છોકરાને વકીલ બનાવવો હતો તે કલાશિક્ષક થયો, ને બીજો પણ એ જ માર્ગે જાય તે કેમ પોસાય? ત્યાં દાદાના હૈયામાં પૌત્રની આરત્ર વસી ને વિચારને વધાવી લીધો. ઇચ્છા-અનિચ્છાએ વડોદરા જવા દીધો. ફાઇન આર્ટસ ફૅકલ્ટીના ડિગ્રી કોર્સમાં દાખલ કર્યો. ત્યાં વળી વાંચવાનાં થોથાં સામે આવ્યાં. વાંચવું કે ચીતરવું? અંતે કોઇને પૂછ્યા સિવાય ડીપ્લોમાનો વિદ્યાર્થી બન્યો. આજે તે ચોથા વર્ષમાં છે.

જન્મ તા. ૬-૩-૧૯૪૦ના રોજ પેટલાદ તાલુકાના બાંધણી ગામમાં. વણિક પિતા વાણિજ્ય સાથે કોતરકામનો પણ શૉખ ધરાવે. ઘરની ભીંતનો એક ખૂણો કાળો કરાવી 'કાળું પાટિયું' બનાવેલું જ્યાં નાનકડો જયંત રંગબેરંગી ચાક લઇ સાપોલિયાં ચીતરે. બંધનમુક્ત હાથ ત્યાં મસ્તીથી વિહરતો.

અંગ્રેજી ચોથું ધોરણ પાસ કરી ચિત્રશિક્ષક મોટાભાઈ સાથે પીજ મુકામે ગયો, ત્યાં કલાને પોષવાની તક સાંપડી. પીજની હાઈસ્કૂલમાંથી એસ.એસ.સી. સાથે ચિત્રકલાની ઇન્ટરમીડીએટ પરીક્ષા પણ પાસ કરી. વચગાળામાં ભાઇને ડી.ટી.સી.ની તાલીમ માટે અમદાવાદ જવું પડ્યું. તે દરમિયાન ૧૦મા ધોરણનો અભ્યાસ ત્યાંની નવચેતન હાઈસ્કૂલમાં થયો. ત્યાંનાં કલાશિક્ષિકા શ્રી નિર્મળાબેન તથા ચી. ન. વિદ્યાવિહારના કલાગુરુ શ્રી રસિકલાલ પરીખે તેને પ્રોત્સાહન આપ્યું ને શાળાના પ્રદર્શનમાં ઇનામ મળ્યું તેથી કલાના જ પંથે જવા આકર્ષણ થયું.

વડોદરા કલાવિદ્યાલયમાં આવતાં હાથ ને મન પૂર્ણપણે મુક્ત બન્યાં; કલાની સાધના માટે યોગ્ય વાતાવરણ મળ્યું. આર્થિક મુશ્કેલી હોઇ સ્વયંપાકી વિદ્યાર્થી બન્યો, અને બચતા બધા વખતમાં આંખ તથા હાથ કેળવવા ખૂબ સ્કેચિંગ કર્યું. વડોદરાના રૂમાં અને રેલવે સ્ટેશન પર તેને જનજનાવરની મબલખ અભ્યાસસામગ્રી મળી રહેલી. આમ આંખ અને હાથ બંનેમાં ચિલઝડપ કેળવી. પાત્ર જોયું કે ચિત્રપોથીમાં ખરરર કરતો ખસરો થયો જ છે. તે ન ગમ્યો તો પાન ફર્યું ને બીજો. આ ત્વરાલેખનમાં બરુનો કિત્તો એ તેનું પ્રિય સાધન. તે તેને દેશી 'ફ્લોમાસ્ટર' કહે છે. પેન્સિલ, પેન, રંગ અને ક્રેયૉન પર પણ સારો હાથ બેઠો. ભારતીય શિલ્પમાં રહેલી ગોળાશ પકડવા તેણે કરેલા ક્રેયૉનના ઉપયોગનો એક નમૂનો આ અંકમાં છે.

સ્કેચિંગ તો અભ્યાસનું અંગ. સર્જનકાર્ય ચિત્રણમાં થયું. ત્રીજા અને ચોથા વર્ષમાં તેનું મોટા ભાગનું અભ્યાસસ્થાન વૂડકટ સ્ટૂડિયો જ રહ્યું. ત્યાંના અધ્યાપક શ્રી હસમુખભાઈ પટેલે તેને ખૂબ પ્રોત્સાહન આપ્યું. વડોદરામાં વર્ગો છૂટ્યા પછી પણ કૉલેજનાં દ્વાર ખુલ્લાં જ હોય છે તેનો લાભ ભરપટે લીધો.

૧૯૫૯માં મુંબાઈરાજ્યયોજિત કલાપ્રદર્શનમાં તેના સ્કેચો માટે રૂા. ૧૫૦)નું ઇનામ મળ્યું. તે જ અરસામાં વૂડકટ માટે બૉમ્બે આર્ટ સોસાએટીનો કાંસ્યચન્દ્રક અને રોકડ ઇનામ મળ્યાં. વૂડકટ વેચાઈ પણ ગયું. આ પ્રોત્સાહનથી કામમાં ગતિ વધી, આત્મવિશ્વાસ આવ્યો ને ઠીકઠીક વૂડકટ કર્યાં. ચાલુ વર્ષે કાશ્મીર રાજ્ય યોજિત કલાપ્રદર્શનમાં એક વૂડકટને રૂા. ૨૫૦)નું પ્રથમ ઇનામ અને કાલિદાસ-જયંતી નીમિત્તે ઉજ્જેનમાં યોજાએલા પ્રદર્શનમાં 'પૂજાગમન' વૂડકટ પર રૂા. ૧૦૦)નું ઇનામ મળ્યું ને ચિત્ર પણ વેચાઇ ગયું. મૈસુરથી પણ સ્કેચિંગનું પ્રથમ ઇનામ મળ્યું. વિદ્યાર્થીકાળમાં જ થએલી આ પ્રાપ્તિને તે સિદ્ધિ નહિ પણ સાધના માટેનું સાધન માને છે એ શુભ ચિહ્ન છે. —નટુ પરીખ



જગતના કલાસ્વામીઓની કૃતિઓ ધરાવતી ટપાલની ટિકિટોમાં ઈટાલીએ હમણાં વિખ્યાત કલાકાર માઇકેલ એન્જેલોનાં આલેખનોવાળી ૧૯ ટિકિટનો વધારો કર્યો છે, જે પૈકી ૧૮ ઉપર તો સિસ્ટાઇન ચૅપલની છત પરનાં બાઇબલનાં પાત્રોના તસ્વીરો છે. ઉપર 'આદમ' અને 'ઈવા'ની તસ્વીરોવાળી બે ટિકિટો આપી છે.





આ અંકની આર્ટપ્લેટ પર આપેલી અમદાવાદના આકાશવાણી કેન્દ્રના સુશોભન માટે તૈયાર કરેલી વાદ્ય-ધારિણીઓના શિલ્પી જગન્નાથ. આ સોમપુરા શિલ્પીઓ આજે પણ ગુજરાતનો કલાવૈભવ દર્શાવી શકે છે, પરંતુ આજના સ્થાપત્યનિર્માણમાં એમને સ્થાન નથી. સંભવ છે કે પ્રતિમાનિર્માણની એમની આ શક્તિનો ઉત્તેજનને અભાવે લોપ થઇ જશે. (ફોટો નરેન્દ્ર રાવળ)

ચન્દ્રવદન
મહેતા

# રમણીય ર્‌હાઈનલૅન્ડના બે બાદશાહો

## નટ નાટક અને નાટકશાળાની રંગ-ગઠરિયાં-૬

★

**ડ્યુસલડૉર્ફથી** વુપરટાલમાંની લટકતી ચાલે ચાલતી ગાડીઓમાં ડોર્ટમન્ડ થઈ મોહ્નને બંધ જઈ આવ્યા. પાછા ફરતાં અમે બોકમ ગયા. ત્યાં લડાઇ પછી છેલ્લાં દસ જ વર્ષમા જર્મનીએ જે એક નહિ, દસ નહિ, પણ સો ઉપરાંત નવાં થીએટરો બાંધ્યાં છે, એમાંનું એક નવું બોકમનું થીએટર જોવાનું મળ્યું. નાટક તો ત્યાં નહોતું થતું, પણ અમે દિવસે જઈ એની આખી બાંધણી જોઈ આવ્યા. (જુઓ આ લેખ સાથેનું ચિત્ર) પ્રોફેસર ઉનરોનું નામ મેં સાંભળ્યું હતું. નવા જર્મનીના એ કાબેલ સ્થપતિએ પશ્ચિમ જર્મનીમાં જાતજાતનાં નવનવી બાંધણીનાં થીએટરો બાંધી સારી ખ્યાતિ મેળવી હતી; એટલું જ નહિ પણ 'થીએટર ટૅક્નિક' ઉપર, એટલે કે એની બાંધણીના વિષયનું એક માસિક પણ એ પ્રગટ કરે છે!

બે દિવસમાં તો સામ ગિબસન સાથે એવી ઓળખાણ થઈ ગઈ કે પાછા ફર્યા પછી એ હૉલૅન્ડ જવા નીકળ્યો ત્યારે છૂટા પડતાં ગળગળો થઇ ગયો. બને તો લંડનમાં મળવાનું અમે નક્કી કર્યું. ડ્યુસલડોર્ફના સ્ટેશનની સામેની, ઊભાઊભા બટાકાની કટકીઓ અને મેયોનીઝ સૉસ ખાવાની નાનકડી દુકાનમાં સાંજને પહોરે અમે નાસ્તો કર્યો, પણ બાજુની જ જગ્યામાં જઈ આંખને ઊડી વળગે એવા ગ્લાસમાં ર્‌હાઈનાલી બ્રાન્ડનો બીઅર પીધો ને સ્ટેશનના ચોકમાંથી છૂટા પડ્યા.

ર્‌હાઇનાલી, ર્‌હાઇન નદીનો કાંઠો, ર્‌હાઇનલૅન્ડ. જિંદગીમાં ઘણી વાર ઘણાને ઇચ્છા થાય ત્યારે એણે ધારેલી યા માગેલી વસ્તુ નથી મળતી, પરંતુ થોડો કાળ વીત્યે મળે છે;–કેટલાકને તો કદી નથી મળતી. એના કરતાં મોડીમોડી પણ એવી તક મળે તે સારું તો ખરુંસ્તો. ઈ. ૧૯૪૯-૫૦માં ર્‌હાઇન નદીને કાંઠે ફરવાની ઘણી ઇચ્છા હતી, પણ એક-બે ઠેકાણે ર્‌હાઈન ઓળંગી હતી એટલું જ. નાટકશાળાઓ તો જોવાશે, પણ ર્‌હાઈન સાથે જૂની દોસ્તી તાજી કરવાનું મન રોક્યું રોકાતું નહોતું.

ા વૅલી, તાપીનો કાંઠો, સાબરમતીનાં વહેણ, ભુલાઈ ગએલી ખાવાએલી નદી સરસ્વતીની ધરતી વગેરે સ્થળ આગળ ઇતિહાસના અનેક થરો એક પછી એક ઊકલવા માંડે છે, એમ ર્‌હાઇન નદીની આસપાસ બે હજાર વર્ષોના પ્રસંગો આપોઆપ તાજા થવા માંડે છે. બહુ જૂની નદી, રોમનો અને બાદશાહ શાર્લમેને શણગારેલી એ નદી. ત્યાર બાદ અનેક બુરજો, કિલ્લાઓ ને રાજમહેલોથી માંડી તે આજનાં વૈજ્ઞાનિક કારખાનાઓ સુધી એનો પટ ભર્યોભર્યો રહ્યો છે. ડ્યુસલડોર્ફ, કોલોન, બૉન, કોબ્લેન્ઝ, બૉપાર્ડ તો એનાં ઘણાં જાણીતાં શહેરો; તે ઉપરાંત એને કાંઠે લેલૂંબતી વિધવિધ દ્રાક્ષોનાં માંડવા, એમાં કોબ્લેન્ઝ આગળ ર્‌હાઇનને મળવા આવતી મોસેલ નદી, ને મોસેલની દ્રાક્ષનો શૅમ્પેઈન સાથે પણ ટક્કર ઝીલે એવો 'મોસેલ વાઈન',—એ બધું જોતાં કોના મોંમાં પાણી ન છૂટે!

ર્‌હાઈનને કાંઠે જરા આરામથી પગે ચાલનારા પથિકને ત્યાંનાં ઢગલાબંધ ગીતો સાંભળવાનાં મળે છે એને જતાં જ કરવાં પડશે. કિલ્લાઓનાં પણ ચિત્રો જ જોવાં રહ્યાં. રાજપુતાનામાં જેમ છે તેમ અહીં 'ડુંગરે ડુંગરે દાદુ તારા ડાયરા',—આલીશાં જબરદસ્ત કિલ્લાઓ, ને એને ભભકાવતી તોતિંગ તોપો; અને આ બધી રચના લીલાછમ પ્રદેશના ખોળામાં! ક્યાંક સાત સાત ટેકરીઓનો રળિયામણો પ્રદેશ છે તો ક્યાંક અફાટ વિસ્તારમાં પથરાએલા દરાખના બગીચાઓ છે; ક્યાંક ખૂણેખાંચરે પુરાણી ગુફાઓ પડી છે તો ક્યાંક નવીનતર હુન્નરઉદ્યોગના




★પશ્ચિમ જર્મનીમાં થઇને વહેતી એ જાજરમાન નદી (ર્‌હાઇન)ના બંને કાંઠાનો, ગાઢી વનરાજિથી લીલોછમ પટ વિસ્તાર તોતિંગ કિલ્લાઓ, દરાખના લેલૂંમ બગીચાઓ, પુરાણી ગુફાઓ, રળિયામણી ટેકરીઓ, ગટનબર્ગ ને બિટોવન જેવી પ્રતિભાઓનાં નિવાસસ્થાનો, આલેશા રાજમહેલો ને અદ્યતન કારખાનાંઓથી ભર્યો પડ્યો છે.

સંચા ખણખણે છે. ર્‌હાઈનને કાંઠે મેઇન્ઝ શહેરમાં છાપકળાનો શોધક ગુટનબર્ગ જન્મ્યો; આખનમાં બત્રીસ બાદશાહો જીવ્યા-મર્યા; શાર્લમેને ત્યાં ભોગ ભોગવ્યા; બૉનમાં સંગીતસમ્રાટ બિટોવન જન્મ્યો. આ નાકાથી પેલા નાકા સુધી ચાલ્યા જ જાઓ, ક્યાંક ત્રણ હજાર ફીટ પહોળી થતી નદી આંખ ભરી દે છે તો ક્યાંક ત્રણસો ફીટમાં સાંકડી થતી સરિતા આંખમાં ચમકી રહે છે. એવી એ નદીની બંને બાજુ આવન-જાવનની એમ બે એટલે કુલ ચાર રેલવે લાઇનો પર એક્સપ્રેસ ગાડીઓ દોડે; વચ્ચે ભરી નદીમાં સપાટાબંધ સરતી લોંચની હારમાળા ચાલ્યા કરે, અને લાકડ-લોખંડ લઇને તોતિંગ જહાજો નદીમાં મદમાતા ડોલ્યા કરે. આ ઉપરાંત આ રમણીય દેખાવ જોવા માટે, નદીનં બંને



કાંઠે બસ દોડવા માટે સાપોલિયા જેવા બે મોટા સ્વચ્છ સરખા રસ્તા લંબાયા કરે તે જુદા.

ટ્રેન, બસ અને લૉંચમાં મન ધરાય એટલી સફર કરી હ્રાઈનની મહેમાની ચાખી; પછી એક દિવસ કૉલોનથી બાડ હૉનેફ ઊપડતાં, ત્યાંનાં ખંડેરો અને નદીમાં કુદરતી રીતે બંધાએલા ગ્રાફનવથના નાનકડા ટાપુમાં ઊપડયા. ત્યાં જમાનાને ખાઈ પચાવી ગએલી એક 'ઈન'–ધર્મશાળા, અને એવી કૈંક ધર્મશાળાઓને હજમ કરી ગએલો એવો એનો માલિક રાલ્ફ ઍાલ્બર્ટ જોહાનિસ. પણ આપણે એ ગઠિયાને ઍાલ્બર્ટના નામે જ ઓળખીશું. જેવું નામ લાંબું એવો એનો બાંધો પાકો. તગડો, મહામૂછાળો, ભૈરવ બાંધાનો, અલમસ્ત, કસાએલાઉપસી આવેલા ઝનૂની લાગે એવા હાથના ગોટલાવાળો, જાણે નજીકમાં આવેલી સીગફ્રીડની જન્મભૂમિમાંથી કોઈ નિબેલુંગન વીરલો ફૂટી ન નીકળ્યો હોય એવો, આ ઍાલ્બર્ટ અમને ઓળખતો નથી છતાં અમને હસી-ઊમળકે આવકારે છે; અને એને ખબર પડે છે કે અમે પાંચેક જણાંમાં ત્રણ તો બૉન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ છે, એટલે અઢી મણની કાયા અરધી અરધી કરી, ખુરશીઓ ખેંચી, નદીનો ઠઠેરો સારી રીતે દેખાય એ રીતે અમારો ત્યાં અડ્ડો જમાવી આપે છે.


અંગ્રેજી બોલે–આપણે છક થઈ જઈએ એવું. 'વિલિયમ! વિલિયમ!' કહી એણે ત્રાડ નાખી. ત્રાડ એટલે?—કહેવાય છે કે સિંહની ગર્જના ત્રણથી પાંચ માઇલ દૂર સંભળાય છે. પણ ત્રાડથી જો એણે હ્રાઇન નદીનાં પાણીને થંભી જવા કહ્યું હોત તો તે પણ અટકી જાત,–એનાં મૂળ સુધી એનો સાદ પહોંચત! વિલિયમ પણ એવો જ, જોકે ઘાટ જરા નાનો. એ પણ અંગ્રેજી એટલું જ સ્વચ્છ બોલે. એણે વળી એની રીતે અમારું સ્વાગત કર્યું અને અમે બધા એક મોટા ગોળ ટેબલની આસપાસ ગોઠવાઈ ગયા. ચારેકોર લીલોતરી, એની આસપાસ નદી, બે કાંઠે જર્મન હ્રાઇનલૅન્ડ, કદીક એક તો કદીક બે તો કદીક ચાર સરકતી ટ્રેનો ત્યાં બેઠાંબેઠાં દેખાય, સફેદ કાળા લાલ પટેદાર હોડકાં જાય-આવે, તે જોતાં આંખ ઠરી.

'ઉંગેબન વૉમ ગ્રોબર આઇનર અન્વરગાંગલીકન રોમાન્ટિક સો ઉમફૅંગટ ડર ગેવાલ્ટિક હ્રાઇનસ્ટ્રોમ...' એણે તો જે સુકિયાણા જર્મનમાં પેલા વિદ્યાર્થીઓને ઉદ્દેશીને (હ્રાંઇનસ્ટ્રોમ એટલે મને સમજાયું કે હ્રાઈન નદીની) તારીફ કરવા માંડી તે અમે પાંચમાંના ચાર તો એનું આ ગ્રાફનવર્થ બેટનું ખાસ અલાયદું જર્મન સાંભળવામાં જ તલ્લીન થઈ ગયા. મીઠાશ, તાકાત અને એક ઘાએ બે ટુકડા કરનારી જબાની સાંભળવાની મજા આવી. અમે પાંચમાં બે તો છોકરીઓ, બંને ભણનારી, એમણે જેવા જવાબ આપ્યા કે લાગલા જ આપણા ઍાલ્બર્ટે મૂછના વાળને વળ ચડાવતાં પરખી કાઢીને કહ્યું, 'બરાબર, બૅવેરિયા–બૅવેરિયા–બંને બવેરિયાની. અને તમે હેરન? બોલો જોઉં, હા, ચોક્કસ બાડનબાડન, બ્લૅક ફોરેસ્ટના. ને તમે બે ઇન્ડિશ, ભારતના. જોકે ત્યાંના કિયા પરગણાના તે નહિ કહી શકું, પણ આ ત્રણની જીભનાં મૂળિયાં કયા ગામમાં ઊગેલાં તે હું છાતી ઠોકીને કહી શકું. કોઈ પણ જર્મન બચ્ચો મારી આગળ પોતાની જબાનીથી પોતાનું ગામ-વતન છુપાવી

★



મથાળે: પશ્ચિમ જર્મનીની રાજધાની બૉન–પુરાણી રોનક ધરાવતા એ શાંત શહેરમાં સંગીતસમ્રાટ બિટોવનનું જન્મસ્થાન; ડાબી બાજુ: પોતાની પહોળી છાતી પર સહેલાણી સ્ટીમલૉંચો તેમજ જંગી જહાજો ડોલાવતી હ્રાઈન; સામેના પાને: હરિયાળાં ખેતરો, ગાઢાં વનજંગલો, અને આ 'સાત ટેકરીઓના પ્રદેશ' જેવા ગિરિડુંગરોથી સોહામણી બનેલી સરિતારાણી હ્રાઈન સ્વિટ્ઝર્લૅન્ડ છોડી, કાળાં જંગલો ભેદી જર્મનીને શોભાવતી–સમૃદ્ધ કરતી ઠસ્સાપૂર્વક હૉલૅન્ડમાં ચાલી જાય છે.



શકશે નહિ. અરે, એઈ ફ્રોલીન ફ્રૉ! હાઇન-બીઅર, ચીઝ...જમાના વહી ગયા ને છતાં તમે અહીં કંઈ ખાવાપીવાનું હાજર નથી કરતા તે છે શું? મને આ ત્રણની કંઈ પરવા નથી, પણ આ ઇડિન્શ હેરન ઇડિન્ઝ—નેમ?...નેઇમપ્લીઝ...?હા આ આ, હેરન...પ્રોફેસર મેતા...મેતા...—એ શું ધારશે.'

બોલ્યો એટલામાં તો બધું લોહી મોઢા ઉપર તરવરી આવ્યું. જબરદસ્ત આ માણસ,—એ ને એનો આ સાથીદાર વિલિયમ. બને દોસ્ત. આખો દિવસ અમે ત્યાં કાઢવાના હતા, એટલે લંચ સુધીમાં તો એની આખી ધર્મશાળાનો અમે એવો તો કબજો લઈ લીધો,—એમણે પણ લેવા જ દીધો, કે જાણે અમારું પોતીકું ઘર. પણ એ દરમ્યાન આ બે અડીમધડીમ દાગીનાઓનાં જિંદગીનાં દાસ્તાન પણ જાણવાનાં મળ્યાં.

બંને અહીં રહે,–સાથે જ. જમવાનાં ભાણાં જ જુદાં, બાકી એક જ ચૂલે જે રંધાય તે જમે, અને એક જ છોડ ઉપર ઊગે તે દરાખનો વાઈન પીએ. સપ્ટેમ્બર મહિનામાં આ બેટ ઉપર આસપાસની દરાખો-માંથી બનાવેલા વાઈન પીવાનો મહોત્વસ ઊજવાય એ વખતે આ બે ગોઠિયાઓ કિયો વાઇન સારો અને કિયો હલકો એની પોતાની જીભલડીથી ગણતરી કરી જાહેર કરે. લગભગ પોતે જ પોતાને હાથે, સાથે મળી બનાવેલી સ્વચ્છ સફેદ, નાનકડી તો ખરી પણ નાજુકડી, મોટર-લૉંચમાં હાઈનમાં ઉત્તર-દખ્ખણ હરેફરે, મોજ કરે. બંને સાથે રહે; પણ એક પાકો જર્મન, બીજો પાકો અંગ્રેજ. ૧૯૪૦ના બીજા મહા-યુદ્ધમાં બે સામસામે ભટકાયા, બંને પકડાયા, કેદ થયા; ત્યાંથી છટકયા છૂટયા તો પાછા બને કામે વળગ્યા, ભટકાયા; અને બે વાર એકબીજાને સામસામી કાપાકાપી કરી નાખવાના અવસર ટાણે કોણ જાણે કેમ, એકે એક વાર, તો બીજાએ બીજી વાર જતા કર્યાં! અને લડાઇ પૂરી થતાં ડ્યુસલડોર્ફના એક લશ્કરી હોસ્ટેલમાં પાછા ભેગા થઈ ગયા, ત્યાં વાતો કરતાં નિર્ણય કર્યો કે બંને જીવડાઓએ સાથે જ રહેવા કુદરતે નિર્મ્યું લાગે છે, એટલે બંને ભવિષ્યનો માર્ગ કોતરવા મસલતે ચડયા.

બંને પરણેલા. લડાઈ દરમ્યાન રડયાખડયા કાગળો મળતા, પણ પછી તો બંનેની ધણીઆણીઓ તરફથી કશા સમાચાર જ ન મળે. લડાઈ પૂરી થતાં ખબર પડી કે બંનેની ધણીઆણીઓમાંથી એકેની કશી ભાળ મળતી નથી! વિલિયમ ઇંગ્લંડ જઈ આવ્યો, પોતાનું ગામડું ખંખોળી વળ્યો, પણ કોઇએ કશો સરખો જવાબ ન આપ્યો; અને કંઈક સરકારી કામે ડ્યુસલડોર્ફ આવ્યો, ત્યાં રાલ્ફ ઑલ્બર્ટ જોહાન્સ હોસ્ટેલમાં ભટકાયો, તો એણે પણ પોતાના સંસારની કથળેલી કથા કહી સંભળાવી. 'ડૅટ ઇઝ પીસ!—લડાઈ પછીની આ શાંતિ! આ જ શાંતિ. બીજી વળી શાંતિ કેવી હોય?'

ચાર વર્ષના લડાઈના અનુભવોમાં દુનિયા દળી નાખી હતી. જાત-જાતના લોક, જાતજાતના પ્રદેશ, જાતજાતના ડુંગરા-નદી-ખીણ, જાત-જાતનાં ખાનપાન, સારામાઠા અનેક અનુભવોની પરંપરા પછી હવે વળી નવું દેખવાનું શું બાકી છે, અને વધારે દાઝવાનું ય શું રહી ગયું છે? હવે તો કયાંક ખૂણો-ખાંચરો મળી જાય તો જીવનગુજારો કરીએ. ને એમ તાળો મેળવતાં ને તોડ કાઢતાં બંનેએ આ ટાપુ પસંદ કર્યો. લડાઇ દરમ્યાન અહીં એક થાણું નાખવામાં આવ્યું હતું એનો ઑલ્બર્ટને અનુભવ. અહીંની તૂટીફૂટી ઇનના બુઢ્ઢા રખેવાળને એકાદ હવાઈ જહાજના બૉમ્બથી ભૂમિશરણ થતો એણે જોયો હતો. મકાન છૂંદાઇ ગયું હતું, પણ ચાલો નસીબ અજમાવીએ, કહી બંને જણ એક હોડકું લઈ ૧૯૪૬માં આ ટાપુ ઉપર આવ્યા. ધર્મશાળાના ખંડેરમાં રાત ગાળી, ત્યાં કંઈક રાંધ્યું-પકાવ્યું, ને પછી તો એની મરામત કરવા માંડી. છ-સાત મહિનામાં તો મકાન ટટ્ટાર કરી નાખ્યું, વેલા ઉગાવી દીધા, આગથી-તેમથી ઓજાર-હથિયાર લાવી રાજમહેલ ખડો કરી દીધો. પહેલાં સાદો-સૂતરો બીઅર બનાવવા માંડયો: ઑલ્બર્ટ એમાં એક્કો. વિલિયમે લાકડાં કાપી પીપ બનાવવા માંડયાં: એમાં એ પાવરધો.

જતાં-આવતાં વહાણોમાં ધંધો શરૂ કર્યો. બે વર્ષમાં તો એ નધણિયાતી ધર્મશાળાના બંને બની ગયા જાગીરદાર. પોતપોતાના બે ખૂણે બે ઓરડા. એક ઊંઘે તેનાં નસકોરાંની ધમણ બીજાને ન હમે એટલા દૂર. અને બંનેની ધમણ પ્રવાસીઓ રહેવા આવે એમને ન કનડે એટલા ઉતારાના ઓરડા આઘા! વચ્ચે પથરા લાવી, ત્યાં જ ખાંડી, પોતે જ એને ટીપીદબાવી, ચોક બનાવી દીધો. જે મકાનની મરામત કરી જાણે, બીયરનાં પીપ બનાવી જાણે, એને સરસામાન બનાવતાં ન આવડે? પલંગ, તો કે કર્યા. ખુરશી, તો કે બનાવી. અને કેવી? ઑલ્બર્ટ કહે, 'હેલો હેરન! અહીં હરોફરો, અમારી પાસે સાત કમરા છે; સિંગલ યા ડબલ. એમાં ચૌદ ખુરશીઓ. બહાર બીજી વીસ. કુલ્લે ચોતરીસ ખુરશીઓ. એમાં જો બે એક જાતની થોડાઘણા પણ મેળવાળી બતાવો તો આખો ટાપુ અમે તમને હમેશને માટે ભેટ કરી દઇએ! બાઈ ગૉડ-જીસસના સોગંદ ખાઇને આ અમે કહીએ છીએ! કેમ વિલી?'

આ એક અંગ્રેજ ને બીજો જર્મન, બે ગઈ કાલે તો સાપ નોળીઆ પેઠે એકબીજાનું નિકંદન કાઢવા લડતા હતા, તે આજે પોતાનો સંસાર બાળી, દુનિયાથી જુદા એવા આ એક નાનકડા ટાપુ ઉપર, મદમાતી ર્‌હાઇનના વહેણ વચ્ચે નવો સંસાર માંડી બેઠા છે. ચારપાંચ જણા એમના હાથ તળે કામ કરે છે. બે અભાગિયા, અહીં ભાગીઆ. કોઈ લિમિટેડ કે બ્રધર્સની પેઢી કરતાં પણ વધારે કાળજી અને સહકારથી વેપલો ખેડે છે. 'લ્યો બીઅર પીઓ.' અમે પૈસા કાઢવા માંડયા તો કહે 'અમે પરદેશીઓ પાસેથી બીઅર-વાઇનના પૈસા લેતા જ નથી. અને પરદેશીની સાથે જે દેશીઓ આવે, તો એમની પાસેથી તો લેવાય જ કેમ? નહિ તો એ લોકો પણ પરદેશી થઈ બેસે. માટે રહેવા દો. ખાવાના પૈસાનું જોઈ લઈશું—નક્કર ટેબલ, નક્કર જૂનવાણી ટૅંકાર્ડ (બીઅર પીવાના જગ), નક્કર એમની મુઠ્ઠીઓ, અને એ અફાળતાં અફાળતાં ફરચારેલી નક્કર એમની વાતો; અને એ સૌ થકી નક્કર એમની પરોણાગત! આ બે જીવડાઓને મન તો બાકીની દુનિયા જખ મારે છે! સંગીતના શોખીન. રાત પડતાં બંને પોતપોતાનાં વાયોલિન લઇને બેસી જાય. રેડિયો તો ખરો જ. સીવવાનો સંચો પણ ખરો. વાળ કાપવાનો સંચો પણ ખરો. અને ટાપુ એટલે ચારેકોર પાણી; પણ ટેલીફોન કરવો હોય તો ત્યાંથી બર્લિન તો શું, પણ મુંબાઇ, અમદાવાદ કે ન્યૂ યૉર્ક સાથે પણ વાત થઈ શકે!

'મિ. વિલિયમ અને મિ. ઑલ્બર્ટ—માફ કરજો, પણ તમારા હિસાબકિતાબમાં કંઈ—'

'અમે ચોપડા-દફ્તર કાંઈ રાખતા જ નથી. રોજની કમાઈ અમે આ ખાનામાં મૂકી દઈએ. એ ત્રિજોરી જેવું ખાનું બારેનું મજબૂત છે. મહિનાની શરૂઆતમાં અમે બંને મળી એ ખોલીએ, અને સો કે બસો કે જેટલા માર્ક જોઈએ, એટલા સરખે ભાગે લઈ લઇએ. મહિનાને છેડે ખૂટે તો નહિ જ. જેની પાસે જે કાંઇ વધે તે એમાં પાછા નાખી દે. પછી વરસને છેડે ગણીએ. સારી જેવી રકમ હોય તો કંઈ કપડાં, સરસામાન કે એવી ખરીદી કરીએ; કે કયાંક મહિનો ફરવા ઊપડીએ—અલબત્ત એક પછી એક-અને એમ અમારાં વર્ષ એક પછી એક સારાં ચાલ્યાં જાય છે.'


'પણ તમે એક અંગ્રેજ, અને એક જર્મન—'

'હા જી, ધારો કે કાલે પાછી લડાઈ થાય તો અમે એક કાગળ લખીને સહી કરી આ ત્રિજોરીમાં મૂકી રાખ્યો છે. એમાં અમે લખ્યું છે કે લડાઈ થાય તે દિવસે આ ગલ્લામાં જેટલું નાણું હોય તે સરખેભાગે વહેંચી લેવું, અહીં તાળાં મારવાં, નાણું નજીકમાંની સ્વિસ બૅંકમાં જઈ મૂકી આવવું, અને બંદૂકો પકડી એકબીજાને સલામ કરી છૂટા પડવું. જીવ્યા તો અહીં પાછા આવવું.'


અમારામાં એક જણે પુછ્યું, 'પણ તમે બંને ન હો તો?—'

'અમે કોઈની રાહ જ જોતા હતા. બોલો, અમારા બેની હયાતી બાદ તમારામાંથી કોઈ બે-હાં બે જણા જોઇએ-અહીં આવી રહેવા તૈયાર છે? તો અમે આ ટાપુ એમના નામ પર લખી આપીએ એમાં આ 'ઈન' આવી જ જાય!'

ત્યાં વિલિયમ કહે, 'પણ બંને જુદાજુદા દેશના હોવા જોઇએ.



સામેના પાને: બૉંબમારાથી તારાજ થએલા જર્મનીએ ત્યાંની મર્મજ્ઞે જે પુરુષાર્થે થી અદ્યતન મકાનો વડે સજાવીને સજીવ બનાવી દીધું તેની પ્રતીતિ કરાવતું કોલોન શહેરનું દૃશ્ય. ઉપર: ર્‌હાઇન નદી પર વસેલા એ જૂના કોલોનના વિખ્યાત દેવળનું (દેવળ) સામેનું દૃશ્ય નિરૂપતું રેખાંકન



એક જ દેશના ન ચાલે.' ત્યાં ઑલ્બર્ટ ઉમેરે, 'બસ; અને એક પુરુષ અને એક સ્ત્રી પણ નહિ ચાલે. બંને પુરુષ જોઇએ યા બંને સ્ત્રી. નહિ તો અમારી આ ધર્મશાળા એ લોકોના વંશવારસો વાપર્યા કરે તે કેમ ચાલે?'

'પણ એમ તો તમે કોઇ ન હો, ને બીજું કોઈ તૈયાર ન થાય...'


'ત્યારની અમને શી ચિંતા? ત્યારે તો ટાપુ અમારે મન ડૂબી જ ગયો સમજવાનો. અમે જેમ અહીં આવીને અડ્ડો જમાવ્યો, તેમ બીજા કોઈ વળી ભૂલા પડી અહીં ચડી આવશે.'

એમની સરલ વાતોનો પાર નહોતો. દરમ્યાન કેટલું ચીઝ ખાધું એનો હિસાબ નહોતો. બંને જર્મન તો છે જ. ઘણું જીવો એ બે જિગરજાન દોસ્તો; પણ, એમની હયાતી બાદ, જેનામાં જિગર હોય તેવા બે દિલોજાન દોસ્ત અહીંથી ત્યાં જઈ અડ્ડો જમાવવા માગતા હોય, તે એ જગ્યા જોઈ આવી ત્યાં નામ નોંધાવી આવે. નહિ તો પણ આ બે નબીરા, આ બે બાદશાહ, આ બે સ્વતંત્ર દિમાગના આનંદી સ્વભાવના સમવયસ્ક મિત્રો જે એક દિલથી રહે છે, તે તો અચૂક જોવા જજો જ,–એ રીતે રહેતાં શીખજો જ; અસ્કયામત ખરી, પણ ભાગ લાગ વહેંચવાના નહિ. આમદાની-ઊપજ તે ખાવાની-ભોગવવાની, પણ વહીવટી તંત્રમાં ભાંજગડ નહિ, ચર્ચાચોરા નહિ, લેખપત્તર નહિ, ચોપડા-દફતર નહિ. આ હડહડતા કળિયુગમાં યે બે હાડોહાડ લડનારાઓ આવી રીતે, સાચું રામરાજ્ય હોય એ રીતે રહે છે, એ જોઇને જીવ્યું સાર્થક થએલું માનશો.

કેટલાંક સ્થળો એવાં હોય છે કે એનું વર્ણન શબ્દોમાં થઈ ન શકે. એમાં હ્રાઈનનો આ આખો વિસ્તાર–સ્વિટ્ઝરલૅન્ડ છોડી કાળાં જંગલો ભેદી જે ઠસ્સાથી હ્રાઈન હૉલૅન્ડ જાય છે એ લાંબી મજલ, ટૂંકા લખાણમાં શી રીતે વર્ણવી શકાય? ઝાડપાન, ફળફૂલ, વનજંગલ, ગિરિડુંગર અને આસપાસનાં હરિયાળાં ખેતરો, દરાખના વેલાઓ, એ બધાંમાંથી ડોકિયાં કરતાં તોતિંગ તોપોવાળા કિલ્લાઓ, લીલીછમ ભૂમિ...

બૉન તો રાજકારણના આંટાકાંટાનું ગામ. દેશદેશના મુત્સદ્દીઓ અહીં રહે. એમ થાય કે એ ન રહેતા હોત તો સારું; કેમકે ગામ એટલું સુંદર છે અને યુનિવર્સિટીની એવી તો રોનક છે કે ડર લાગે છે કે દેશદેશના રાજખટપટિયા એને બગાડી મૂકશે. દસ વર્ષ પહેલાં એક પ્રો. રૅાય સ્વિટ્ઝરલૅન્ડમાં બર્નના ભારતના એલચી ખાતાના સંસ્કાર વિભાગમાં કામ કરતા હતા. એમને અને મારે ઠીક ઓળખાણ, એટલે એમને મળવા ગયો. જૂનવાણી ઘાટનાં નક્કર ઘરોની હારમાં એક અત્યંત શાંત જગ્યામાં પ્રોફેસર રહે. વર્ષોથી જર્મનીમાં રહેલા. બૉન યુનિવર્સિટીમાં સંસ્કૃત ભણાવે. એમની સાથે રળિયામણા બૉન ગામમાંની યુનિવર્સિટી જોઈ. મઝા આવી. એ બાજુ જાઓ તો બૉન તો જજો જ, ને બૉન જાઓ તો કોલોન (ઑ-દ-કોલોન—કોલોન વૉટરથી પમરતું શહેર) પણ જરૂર જોજો. કોલોનની એ ફૅક્ટરીમાં જશો તો એક નાનકડી અસલ ઑ-દ-કોલોનની બાટલી ભેટ મળશે. પરંતુ એ કોલોન વૉટરની મહેક કરતાં પણ વધારે કીર્તિ સંપાદન કરનારા કોલોન કૅથેડ્રલની મુલાકાત લેવાનું ચૂકતા નહિ. છે, આપણે ત્યાં પણ છે; દેલવાડા, ખજુરાહો, કોણાર્ક, જાતજાતની બાંધણીનાં મંદિરો (અને તેર સાલથી સ્વતંત્ર થએલા ભારતના ટૂરિસ્ટ ખાતાને જેની હજી ખબર પણ નથી, એવાં રાણકપુરનાં દહેરાં) છે; ગજબનાં કળાકૌશલ્યથી ભરચક દહેરાં છે; પણ રોમનું સેંટ પૉલનું ને કોલોનનું આ કૅથેડ્રલ યુરોપ જાઓ ને ન જુઓ તો વરસ વેચ્યાં જ સમજજો. શું પૂછો છો? છે,–જી હા છે, ઘણા એવા છે, જેમણે ભારતનાં આ દહેરાં તો નથી જોયાં, તેમ ત્યાં જઈ એ દેવળો પણ નહિ જોનારા છે. એવા વરસ વેચનારાઓ માટે આપણે શું કહીશું?

કુદરતે પણ કમાલ કરી છે ને? આટઆટલો બૉંબમારો થયો, પણ કોલોનનું કૅથેડ્રલ ઠીક બચી જવા પામ્યું છે. એની ભીંતને અડીને



પોતાના નવસર્જનમાં જર્મનીએ પાંચદસ નહિ પણ સો ઉપરાંત તો થીએટરો બાંધ્યાં છે. એવું એક બૉકમ થીએટર : બહારથી તથા અંદરથી

જ રેલવેનું સ્ટેશન ઊભું છે; એને અડીને જતો હ્રાઇન ઉપરનો તોતિંગ રેલવે પૂલ લંબાતો બીજે છેડે ચાલ્યો જાય છે; છતાં ત્યાં બૉમ્બે પણ વિફરવાનું માંડી વાળ્યું લાગ્યું. જે થોડુંઘણું નુકસાન થએલું તેની તો આ ટટ્ટાર થએલા જર્મનીએ ક્યારની મરામત કરી નાખી છે. એની બાંધણી, એનો ઇતિહાસ, એની કારીગરી પર લેખો નહિ પણ પુસ્તકો લખાયાં છે, એટલે જેમને રસ હોય તે એ વાંચી લે.

પણ આગળ ક્યાં જઇએ? એ દેવળની બરાબર સામે તો ઑસ્ટ્રેલિયાએ ભેટ કરેલું સરસ રેડિયો મથક છે. મારી પાસે કંઈ પાસ-પરવાના નહિ. પણ રેડિયો મથકનું પાટિયું વાંચી એ જોવા જવાનું મન થઈ ગયું.

એ મકાનથી શરૂ થતી ગલીમાં જ બજાર,—આખું જર્મની ધારો તો ખરીદી શકો એવડું! નવીનવી મોટરો, કૅમેરાઓ, ઘરગથ્થુ સામાન,–કોઇ વસ્તુ એવી ન હોય કે ત્યાં ન મળે. અને મોટા ભાગની જર્મન બનાવટની જ, એટલે નક્કર, ખાતરીલાયક, મજબૂત અને હવે વળી સુંદર. રસ્તે આરામથી ચાલતાં કરો. ગાડીવાહનનો ભય નહિ, કેમકે ગમે તેવો છપ્પન પર ભૂગળ વગાડનારો કરોડપતિ હોય કે બારસો સાડી અને બાંતેર કંઠી-બંગડીઓની ધણિયાણી તુંદમિજાજી શેઠાણી હોય, તો પણ આ ગલીમાં પગે ચાલીને જ જવાનું. મોટર તો શું સાઈકલ સુદ્ધાં લઈ જવાય નહિ. ભટકાઇ પડો તો, છટકપટક ચાલતી સશક્ત કોઇ જર્મન કિશોરી સાથે—નવીનવી ભાતનાં સ્કર્ટ પહેરીને 'મદીલી' નહિ પણ 'દઢીલી' ચાલે ચાલતી હોય એની સાથે. પણ એમાં કશો વાંધો નહિ, એ જ તમારી માફી માગી,—હા, વાંક આપણો હોય તો યે-જરા હસી, તરત ક્યાંની ક્યાં નીકળી જાય. અને આપણે ત્યાં બાઘા જેવા અટવાતા ઊભા હોઇએ એટલામાં ત્યાં અચૂક કોઈનું કોઈ ભારતવાસી ભટકાવાનું જ : 'ઓહો તમે અહીં?' 'હા.'

'આ જરા ઘડિયાળ, એકાદ બે કૅમેરા, ટાઈપરાઈટર, ટ્રાન્સિસ્ટર, રેડિયો, લઈ જવાય તો નાનું ફ્રીજીડેર, થોડો ઇલેક્ટ્રિક સામાન, થોડું નાઇલૉન, કંઈક ફાઈબર ગ્લાસ, એવું એવું લેવું છે.'

'ઓહ, એમ? પણ આપણા દેશનું એક્સચેન્જ?'

'અરે હવે એક્સચેન્જ જ છે...ચાલો આવતા હો તો...'

બીજાં બહેન મળ્યાં તે કહે, 'બળ્યું અહીં મોટર નથી લાવવા દેતા તે ચાલવાની તકલીફ પડે છે. તમે ચાલતાં થાકી નથી જતા?' ત્રીજાં મળ્યાં તે કહે, 'તમે અહીં? તમે ઈંડાં ખાઓ છો? કે અમારી માફક ચલાવી લ્યો છો? અમે તો બાફેલાં શાકથી જ ચલાવી લઇએ છીએ.' ચોથાં મળ્યાં તે કહે, 'ઓહો તમે? સ્ટીમરથી આવ્યા કે...અમે તો પ્લેનથી જ આવ્યાં. અને હવે મોટરમાં જ યુરોપ ફરીશું...' પાંચમાં મળ્યાં તે પૂછે છે, 'ક્યારે પાછા જવાના છો? તમે તો એકલા માણસ, એટલેસરસામાન તમારીપાસેબહુનહિહોય.થોડોઅમારોસામાન...'

આ બધું સાંભળી વધારે તબિયત બગડે તે પહેલાં એ મહોલ્લામાંથી આપણે બંદાએ પીછેહઠ કરી અને પેલા રેડિયો સ્ટેશનમાં ડોકિયું કરવાના ઇરાદાથી પાછો તે મકાન તરફ ગયો. પાસ-પરમિટ-પરવાના કંઈ જ નહિ. ઘંટડી મારી દાખલ થયો. સભ્ય દરવાને પૂછતાછ કરી. મેં મનસૂબો જાહેર કર્યો : 'ઈન્ડિશ, રેડિયોમાં બ્રોડકાસ્ટ કરનારો...' ભાંગ્યાંતૂટ્યાજર્મનમાં મેં ફેંક્યું.ત્યાં તો સુંદર અંગ્રેજીમાં જવાબ મળ્યો. તરત વડા દફતરદારની આગળ લઇ જવામાં આવ્યો, મારી લાયકાત જાહેર કરી, અને બીજી પાંચ મિનિટમાં આખું રેડિયો-દફતર અથથી ઇતિ સુધી જોવાનો અમૂલ્ય અવસર મળ્યો.

મેં શરૂઆતમાં જ આપણા રેડિયો વિષે ઇશારા કર્યા છે. આપણે હજી ૧૯૨૮માં શરૂ કરતી વખતનાં સાધન-સામગ્રી વાપરીએ છીએ, અહીં તો આપણી સરખામણીમાં જાણે ૧૯૬૦ નહિ પણ ૨૯૬૦માં આપણે કદાચ જે પ્રગતિ કરી હશે, એના કરતાં પણ વધારે સગવડ-સામગ્રી અમલમાં મુકાએલી જોઈ. ઉપરાંત ઓછામાં ઓછાં માણસો ને વધારેમાં વધારે કામ. અને કેવું કામ? સુઘડ, વ્યવસ્થિત, વખતસરનું, સાદું, સરળ, ઝડપી, સમયની કિંમત જોખનારું, શ્રોતાની શ્રુતિની સંભાળ રાખનારું, કસબી, ઉપયોગી, રસ પેદા કરનારું કામ. ઑસ્ટ્રેલિયાની ભેટમાંથી ઊભું થએલું એ મકાન. એમાં જીવ સળવળાવવાની કળા અજમાવનારા આ નવા જર્મન કિશોરો! બહાર મારે કશું ખરીદવાનું તો હતું જ નહિ, એટલે અંદરથી જે લીધું તે ભાતરમાં સાચવી મૂક્યું. ખૂણાના રેસ્ટોરાંમાં એ પચાવવા અને ભૂખ ઠારવા જઈ બેઠો. (ચાલુ)

# ફળ કુદરતે આપેલો...અને આપણે અવગણેલો તૈયાર ખોરાક



લોકપ્રિય લેખમાળા 'આહાર અને આરોગ્ય' : ૧૮

લેખક ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

**શાકપાનમાં** ફળોનો પણ મોટો વિભાગ સમાઇ જાય. શાક અને ફળોને જુદી પાડતી કોઇ ખાસ ભેદરેખા નથી. શાકપાનની પેઠે ફળો પણ ખનિજ ક્ષારો અને વિટામિનો મેળવવાનું શ્રેષ્ઠ સાધન છે. આપણા આહારમાં વિટામિન 'સી'ના પુષ્કળ પ્રમાણની ઉપયોગિતા સ્વીકારાયા બાદ વિટામિન 'સી'ના ભંડાર સમાં કેટલાંક તાજાં ફળો અને રસાળ શાકો હવે શોખની ચીજો ન રહેતાં રોજિંદા આહારમાં મહત્ત્વનું સ્થાન ધરાવતાં થયાં છે.

ફળો વિષે રૉબર્ટ હચિન્સનનો અભિપ્રાય તો એવો છે કે એ તો માત્ર બીજોનું વહન થવા માટે પશુપંખીઓને લલચાવવા નાસ્તા રૂપે નિર્માએલાં છે! આમ હોવાથી એમાં પોષણના કરતાં રળિયામણા ગુણોની અધિકતા છે. આપણે પણ તેમને મોટે ભાગે તો મીઠાશ ને સોડમની ખાતર જ ખાવા લલચાઇએ છીએ. એ કાંઇ ધાન્યોની પેઠે આપણા આહારનાં આવશ્યક અંગ તો નથી જ. તોપણ એમાંનાં રક્ષણાત્મક ખાદ્યપ્રાણોને લીધે આહારમાં એમનું આગવું સ્થાન છે.

ફળની એક મોટી અનુકૂળતા એ છે કે એને ઝાડ-છોડ ઉપરથી ઉતારીને સીધાં જ—રાંધ્યા વગર વિના તકલીફે આપણે ખાઇ શકીએ છીએ. આ રીતે રાંધ્યા વગેર ખાઇ શકાય એવું બીજું એકમાત્ર ખાદ્ય દૂધ છે. પણ તે હવા ને સ્પર્શથી દૂષિત થતું હોવાથી તેને ગરમ કર્યા વગર ખાવું સલાહભરેલું નથી.

ફળોમાં થોડાંક જ પોષણદાતા છે; બાકી મોટા ભાગનાં ફળો શરીરમાં ઠંડક અને તાજગી આપનારાં છે. વળી તેમની છાલમાં રહેલા વાયુપરિણમી તૈલી પદાર્થોને લીધે ફળોની મિષ્ટ રુચિકર સોડમ આપણી જ્ઞાનેન્દ્રિયોને તૃપ્ત કરે છે. ઉનાળાના ઉકળાટમાં રસાળ ફળનું પીણું કેટલું પ્રિય થઇ પડે છે! એનાથી તરશ છિપાવા સાથે થાક ઊતરી જઇ બીજા કોઇ ખાદ્યથી પ્રાપ્ત ન થાય એવી ઠંડક ને સદ્ય તાજગી અનુભવાય છે.

વળી ફળો પચવામાં પણ સહેલાં હોય છે. તેમાં એટલા બધા કુદરતી પાચક રસો હોય છે કે એની સહાયથી બીજો ખોરાક પણ સરળતાથી પચે છે. ઉપરાંત ફળોની સોડમથી આપણું માનસતંત્ર ઉત્તેજાતાં ભૂખ લાગે છે ને હોજરીમાં પાચકરસો સ્રવે છે, જેથી પાચન સહેલું બને છે.

તાજાં ફળનું સામાન્ય બંધારણ આ પ્રમાણે છે: પાણી ૮૫ થી ૯૦ ટકા, પ્રોટીન ૦.૫ ટકા, ચરબી ૦.૫ ટકા, કાર્બોહાઇડ્રેટો ૫ાા થી ૧૦ાા ટકા, કાષ્ઠક ૨ાા ટકા ને ખનિજ પદાર્થો ૦.૫ ટકા. આ કોઠા ઉપરથી સ્પષ્ટ થાય છે કે ફળોમાં પ્રોટીન, ખનિજ પદાર્થો અને ચરબી તો અતિ અલ્પ છે અને મોટા પ્રમાણમાં તો પાણી છે. પણ આ પાણી સાદું નથી પણ તે વિશુદ્ધ ને 'ડિસ્ટિલ્ડ' (બાષ્પિત) છે. ડૉ. ચંદ્ર કહે છે તેમ આ પાણી 'શરીરના અંદરના ભાગની આંતરત્વચાને ઠંડક પમાડે છે, તેની અશુદ્ધિઓને ગાળીને ચોખ્ખી કરે છે અને તેના અલ્કગુણયુક્ત ક્ષારોથી આખા શરીરને નિર્મળ બનાવે છે. વળી તે પ્રાણિજ ખાદ્યોના વિષમારણ જેવું છે. શરીરને જરા પણ નુકસાન કરે એવું એમાં કશું પણ નથી. તેમાં થોડા સેન્દ્રિય ઍસિડો, પોષણદાયક ક્ષારો, શર્કરા ઉપરાંત કાર્બોહાઇડ્રેટ તથા પ્રોટીન બન્નેને પાચનમાં સહાયકારક એવા થોડાક પાચક રસો છે. એ પાણીનો બીજો એક ગુણ એ છે કે તે યૂરિક ઍસિડને ઓગાળી નાખે છે અને નવો થવા પણ દેતું નથી.'

ફળોમાં જોકે શાકપાનની જેમ શરીર બાંધનારાં અને શક્તિદાતા તત્ત્વો ઓછાં છે; પણ તેમાં ક્ષારો અને વિટામિનોની સમૃદ્ધિ હોવાથી શ્રેષ્ઠ રક્ષણાત્મક આહારની હરોળમાં એમનું વિશિષ્ટ સ્થાન છે. પણ ફળોમાં સૌથી મહત્ત્વનું પોષણદાયી તત્ત્વ હોય તો તે કાર્બોહાઇડ્રેટ, જેના ૯૫ ટકા તો શરીરમાં શોષાઇ જ જાય છે. આ મોટાભાગે તો શર્કરાના રૂપમાં હોય છે; માત્ર થોડાં પાકાં ફળોમાં સ્ટાર્ચ રૂપે હોય છે. સ્ટાર્ચ પણ શર્કરાનું જ જટિલ (કૉમ્પ્લેક્સ) સ્વરૂપ છે, પણ પચવામાં તે ભારે છે. શરીરમાંના પાચક રસોથી 'તૂટી ગયા' બાદ જ તે સાદી શર્કરાના રૂપમાં ફેરવાઇને શરીરમાં વપરાવા લાયક બને છે.

ફળોની શર્કરા મુખ્યત્વે ફલ-શર્કરા (ફ્રુક્ટોઝ) અને દ્રાક્ષ-શર્કરા (ગ્લુકોઝ) છે. આ શર્કરાઓ સાદા રૂપમાં હોઈ શરીરમાં તાત્કાલિક શોષાય છે અને સદ્ય શક્તિ માટે વપરાય છે. મોટા ભાગનાં ફળોમાં આ બન્ને સરખા પ્રમાણમાં હોય છે. બધી શર્કરાઓમાં મીઠામાં મીઠી શર્કરા ફ્રુક્ટોઝ છે જે મધુમેહના રોગીઓ પણ સારી રીતે જીરવી શકે છે. સફરજન અને નાસપતીમાં દ્રાક્ષ-શર્કરા કરતાં ફલ-શર્કરા વધારે છે, તો ઠળિયાવાળાં ફળોમાં દ્રાક્ષશર્કરા વધુ હોય છે. દ્રાક્ષ અને અંજીરમાં ઈક્ષુશર્કરા (સુક્રોઝ) નથી હોતી, જ્યારે ઍપ્રિકૉટ ને પીચ જેવાં ફળોમાં તે મોટા પ્રમાણમાં છે.

ફળોમાં બાકીનાં કાર્બોહાઇડ્રેટો કાષ્ઠક, (સેલ્યુલોઝ-કૂચા), અર્ધ-કાષ્ઠક, પેક્ટીન વગેરે પદાર્થોનાં બનેલાં છે. ફળ પાકતી વખતે આમાંનાં થોડાં પેન્ટોઝ નામની શર્કરામાં પરિણમે છે, પણ તેની પોષણદાતા કિંમત માટે શંકા સેવવામાં આવે છે. જુદાંજુદાં ફળોમાંનાં કાષ્ઠકોના પ્રમાણમાં ફેર રહે છે, પણ ખેતીની સુધરેલી પદ્ધતિથી તેનું પ્રમાણ ઘટાડી શકાય છે. ફળ પાકતી વખતે પણ તેનું પ્રમાણ ઓછું તો થાય છે જ.

ફળોમાં રહેલા ખનિજ પદાર્થો ને ક્ષારો ઓછા મહત્ત્વના છે. તે મોટા ભાગે પોટાસ્યમ હોઇ ટાર્ટરિક, સાઇટ્રિક અને મૅલિક નામના વનસ્પતિજ ઍસિડો સાથે જોડાયા છે. આમની સુગંધ ને પ્રતિક્રિયા આમ્લિક હોય છે પણ શરીરમાં પચ્યા બાદ તેનું કાર્બોનેટમાં રૂપાંતર થતું હોઈ લોહી વધુ અલ્કગુણધર્મી બને છે ને પેશાબની આમ્લિકતા ઘટે છે.

પોટાસ્યમ, ચૂનો ને મૅગ્નેશિયાના ક્ષારોથી સમૃદ્ધ તાજાં ફળોમાં વિટામિન 'સી' સારા પ્રમાણમાં હોય છે. ખાટાં ને રસાળ ફળો તો વિટામિન 'સી'નાં શ્રેષ્ઠ ધારકો છે. કેરી ને પોપૈયા જેવાં પીતરંગી ફળોમાં વિટામિન 'એ' પુષ્કળ પ્રમાણમાં છે; લીલી ખજૂર (ખિલેલાં), ફણસ, ટમેટાં, લાલ કેળાં ને મોસંબીમાં પણ તે સારા પ્રમાણમાં છે. દ્રાક્ષ, કેળાં, સફરજન, મોસંબી, ગ્રેઇપફ્રૂટ, ટમેટાં ને ખજૂરમાં વિટામિન 'બી' જૂથ છે. આમળાં ને જામફળમાં વિટામિન 'સી'ના ભંડાર છે. જામફળ કરતાં આમળાંમાં તો વિટામિન 'સી' બમણું છે; અને ત્રણ મોસંબીના જેટલું એક આમળામાં હોય છે. નારંગી ટમેટાં ને પોપૈયામાં

પણ વિટામિન 'સી' છે. ખજૂર અને આમલીમાં લીવર-કલેજી-ના કરતાં પણ વધારે લોહ છે; અને દ્રાક્ષમાં તો કલેજી કરતાં કુ ગણું વધારે છે. લોહધારક બીજાં ફળો નારંગી, પીચ, સફરજન, અંજીર ને જાંબુ છે. ગાયના દૂધ કરતાં કોઠામાં વધારે કૅલ્શ્યમ છે, તો દ્રાક્ષ ને કાગદી લીંબુમાં તે સરખા પ્રમાણમાં છે. ખજૂર, અંજીર ને જામફળ કૅલ્શ્યમથી સમૃદ્ધ છે. દ્રાક્ષ, ગ્રેઈપફ્રુટ ફણસ ને મોસંબીમાં પણ સારા પ્રમાણમાં છે.

શાક ને શિંબી ધાન્યો તેમજ શાકપાનના છોડનાં મૂળ કરતાં ફળના છાડનાં મૂળિયાં જમીનમાં ઊંડાં ઊતરતાં હોવાથી ધરતીના ઊંડાણના ક્ષારોની સમૃદ્ધિ ફળોમાં સારા પ્રમાણમાં હોય છે. અરે, એક જ જાતના ફળમાં પણ જમીન, ખેતીની રીત, ખાતર ને બી પ્રમાણે ફેર રહે છે. વળી ફળ પાકવાની ક્રિયા પર તેની પચનીયતાનો આધાર છે. છોડ તેમજ ઝાડ ઉપર પાકેલાં ફળ ઉત્તમ લેખાય છે. ફળની જાત સાથે તેની પકવતા પ્રમાણે પણ હોજરી અને આતરડાંમાં તેની પચનીયતા રહે છે. સર રૉબર્ટ હચિન્સન લખે છે કે 'પાંચ ઔંસ સફરજનને હોજરીમાંથી પસાર થતાં ત્રણ કલાક ને દસ મિનિટનો સમય લાગે છે.' કાચા ફળમાં કાષ્ઠકનું પ્રમાણ વધારે હોવાથી તે પચતાં ઘણી વાર લાગે છે. વળી તેમાં ઍસિડોનું પ્રમાણ વધુકું હોવાથી તે દાહક નીવડીને ઘણી વાર ચૂંક તથા ઝાડા થઈ આવે છે. પણ પાકાં ફળમાં સેલ્યુલોઝ ને ઍસિડોનું પ્રમાણ મિત બની જઈને આંતરડાંની દીવાલને તે હળવું ઉત્તેજતાં હોવાથી લાભદાયી થઈ પડે છે. આ કારણે શક્તિ વિહીન આંતરડાં માટે ધીમા તાપે બાફેલાં ફળો ગુણકારી થઈ પડે છે.

બાળકોને ગળ્યું ખાવાનું ખૂબ ભાવે છે. તેમને ખાંડ ને મેંદાની બનેલી મીઠાઈઓ કરતાં કુદરતી ગળપણ ધરાવતાં ફળો ને ફળોના રસ ઉપર ચડાવવાં સારાં છે. ફળોનાં આહારમૂલ્યોથી એમનું શરીર બંધાવા સાથે ન્યૂનતાજનિત રોગોમાંથી પણ નિવારણ મળે છે.

મહર્ષિ સુશ્રુતે પાકેલા ફળને ઉત્તમ લેખ્યું છે फलं पर्यागतं ॥ (સૂત્રસ્થાન ૪૬=૨૨૪), પણ વધારે પાકેલાં ફળમાંથી આહારમૂલ્ય ને સોડમ નાશ પામે છે. વળી તેમાં વિપાક (fermentatiom) પેદા થાય છે. આવાં બહુ પાકેલાં, ઊતરી ગએલાં ને કહોવાએલાં ફળો ખાવાથી માંદગીના ભોગ બનાય છે. કૉલેરા ને મરડાની મહામારી વખતે ખૂબ પાકેલાં ફળ કદી ન ખાવાં. નહિ ખાવા લાયક ફળો વિષે મહર્ષિ ચરકની સલાહ આ રહી: 'વાસી, કાચું, કીડાઓએ ખાધેલું, સર્પ વગેરે ઝેરી પ્રાણીઓથી દંશાએલું, બરફ કે તાપથી બગડેલું, પોતાના દેશમાં પેદા ન થયેલું, બિનમોસમી અને બહુ પાકું ફળ સારું નથી. (સૂત્રસ્થાન ૨૭ =૩૧૨). મહર્ષિ સુશ્રુત પણ આવું જ કહે છે. व्याधितं क्रिमिजुष्टं च पाकातीतम् कालजम् वर्जनीयं फलं सर्वयपर्यागतमेव च ॥

ફળ ખાતી વખતે બેચાર બાબતો ખસૂસ જાળવવાની છે. એક તો ફળ ખાતાં અગાઉ તેને પાણીથી બરાબર ધોવું અત્યંત જરૂરી છે જેથી તેને લાગેલા સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવાણુઓ કે જીવાણુ મિશ્રિત ધૂળ કચરો સાફ થઇ જાય. આવા જીવાણુઓ પેટમાં જવાથી મરડો, કૉલેરા, ટાઇફૉઈડ, અંકોડી, કૃમિ ને પેટના કૃમિઓનો વ્યાધિ થવા સંભવ રહે છે. બીજું, ફળનાં બિયાં ના ગળાય તે જાળવવું. ગળાએલાં બીને લીધે ઍપેન્ડિસાઇટિસ થઈ આવવા સંભવ છે. દ્રાક્ષનાં આખાં બિયાં પેટમાં જવાથી ચૂંક ઉપડી આવે છે. ફળો કે તેના રસમાં કદી ખાંડ ન વાપરવી. ખાંડથી ફળોનું-અલ્કલીપણું નાશ પામી તે આમ્લિક (ઍસિડિક) બને છે. ડૉ. મિલ્ડ્રેડ મેકકાઈ દૈથાન લખે છે કે 'ખાંડથી વિટામિનોની અસર નાશ પામે છે.' ફળો છાલ સહિત ખાવાં. છાલ અને તેની નીચે વિટામિનો ને ક્ષારો રહેલા છે.

ફળ કાપવાથી નીપજતા આથવણને લીધે તેમાંનું વિટામિન 'સી' થોડી જ મિનિટોમાં નાશ પામે છે. આ કારણે ફળને (વાંદરાંની જેમ) બચકાવી ખાવાં સારાં છે. કેરીને પણ રસ કાઢીને કે કાપીને ખાવા કરતાં સીધી ચૂસવી વધારે લાભકારક છે. આથી એનું આહારમૂલ્ય જળવાઈ રહેવા સાથે, ચાવવાની ક્રિયાથી જડબાં મજબૂત બને છે, લાળ વધારે સ્રવે છે ને ફળ સારી રીતે પચે છે.

ડૉ. થૉમ્પસનનું કથન છે કે 'ફળોનાં ખનિજ દ્રવ્યો જંતુનાશકનું કામ ઉપાડે છે. જમ્યા બાદ ફળ ખાધાથી મોં જંતુવિહીન બની ચોખ્ખું થાય છે ને ઊંઘી ઊઠ્યા બાદ મોંઢું વાસ મારતું નથી.'

રોગો માટે વિવિધ ફળોપચાર જાણીતા છે. કેળાંથી હરસ ને પ્રમેહ મટે છે. શરીરનું વજન વધારવા માટે કેળાં ને દ્રાક્ષના પ્રયોગો જાણીતા છે. માત્ર દ્રાક્ષાહારથી જ રક્તક્ષય અને કબજિયાતની સફળ સારવાર થાય છે. આયુર્વેદમાં કાયાકલ્પ માટે આમલક રસાયન (આમળાંનો પ્રયોગ) ઘણો જાણીતો છે. આવી રીતે સંગ્રહણી માટે આમ્રકલ્પની પ્રતિષ્ઠા છે. શ્રમ બાદ શરીરમાં લૅક્ટિક ઍસિડ વધી જાય છે અને શ્વાસ દ્વારા તે શરીર બહાર પૂરો ફેંકાઈ નહિ જવાથી શરીરમાં જમા રહે છે. તેની માઠી અસર સ્ફૂર્તિ ઘટાડવાની છે. આ સમયે જો ખાટાં ફળોનો રસ પીવામાં આવે તો લૅક્ટિવ ઍસિડનું જોર તૂટી જઈ શરીરમાં સદ્ય સ્ફૂર્તિ ને જોમ પુરાય છે.

એ વાત ખરી છે કે કોઈ કોઈ માણસોને અમુક અમુક ફળો માટે વ્યક્તિગત અસહિષ્ણુતા કે પ્રતિકૂળતા હોય છે. તેમને અમુક ફળ ખાવાથી કોઇ ને કોઈ પ્રકારની શારીરિક અસ્વસ્થતા (શરદી, ઊલટી, ઊબકા, ઝાડા, ચૂંક, બેચેની) વગેરે થઈ આવે છે. તેમણે તે પૂરતી સાવચેતી રાખવી.

ફળોને લાંબો વખત જાળવી રાખવા માટે સીલબંધ ડબ્બામાં રાખવામાં આવે છે. એ 'કૅન્ડ ફ્રુટસ' કહેવાય છે. આવાં લાંબો વખતે સંઘરાએલાં 'કૅન્ડ' ફળોનાં કાર્બોહાઇડ્રેડ તથા પ્રોટીનના પ્રમાણમાં ફેર પડતો નથી. પણ એમાંનું ૫૦ ટકા જેટલું વિટામિન 'સી' નાશ પામે છે. વિટામિન 'એ'ને અસર પહોંચતી નથી, પણ કૅનિંગની ક્રિયા દરમિયાન થોડા પ્રમાણમાં વિટામિન 'બી-૧'નો નાશ થાય છે. 'કૅન્ડ' ફળો ખાંડની ચાસણીમાં જાળવેલાં હોવાથી મધુમેહ કે મેદોવૃદ્ધિના રોગીઓ માટે વર્જ્ય છે.

### ફળ-શ્રુતિ

ફળ એ કુદરતી ખોરાક છે. ધાન્ય ને શાકપાનને રાંધવાથી એમાંના ઘણા ખરા ખાદ્યપ્રાણો નાશ પામે છે, પણ ફળોમાંથી તો આહારનાં બધાં પોષક તત્ત્વો સાદી ને સીધી રીતે મળી રહે છે. વળી ફળો પચવામાં સરળ છે. તેમની સોડમ સુગંધ ને દર્શનથી ભૂખ ઉત્તેજાય છે. હોજરીમાં પાચક રસો પુષ્કળ સ્રવે છે, જેથી ફળો સાથે ખાધેલો ખોરાક પણ ઝટ પચે છે. ધાન્ય ને માંસાહારથી શરીરનાં પ્રવાહી આમ્લિક બને છે, પણ ફળો ને શાકપાન ખાધાથી તે અલ્કગુણધર્મી બને છે જેથી આરોગ્ય જળવાય છે. અલ્કગુણયુક્ત ક્ષારોથી પેશીઓના-પ્રોટીનોના અણુઓનું અકાળે વિભાજન થતું અટકે છે. આથી ફળાહાર ઉપર રહેનારને ઘણું ઓછું પ્રોટીન મળે તોપણ નભી રહે છે. ફળોની શર્કરા તથા કાષ્ઠકની અસરને લીધે તથા ફળઍસિડોની આંતરડાંની ગતિ ઉપરની ઉત્તેજક અસરને લીધે દસ્ત સાફ આવે છે. વિટામિનોને લીધે રોગ સામે શરીરમાં પ્રતિકારશક્તિ પેદા થવામાં સહાય થાય છે. ફળોનાં ખનિજ દ્રવ્યોથી મજબૂત દાંત ને હાડકાં બંધાય છે. આમ ફળોનો છૂટથી વપરાશ આરોગ્યપ્રદ છે.

૨૦૫ ('કુમાર' અંક ૪૫૦)

**અર્લ સ્ટૅનલી ગાર્ડનર** (અનુસંધાન પૃ. ૧૯૩થી) પોલીસ કેટલાક ગુનેગારોને પણ જતા કરે છે, કે જેના દ્વારા, તેઓ એમ માને છે કે, કેટલાંક રહસ્યો ઉકેલી શકાશે. ગાર્ડનરને આ બાબતની ચીડ છે. ફરજમાં આવી ઢીલાશ ચલાવી ન જ લેવાય. કેટલાક ગુના રાજદ્વારી (પ્રધાન કે ગવર્નરની) અસર નીચે દબાવી દેવાય છે. તેની સામે ગાર્ડનર છડેચોક લખે છે. આવી રાજદ્વારી અસર નીચે ચાલતા કૌભાંડને ખુલ્લું કરતું એક રૂપક તેમણે ચાર્લ્સ કેનીના નામે લખેલી નવલકથા 'ધિસ ઈઝ મર્ડર'માં યોજ્યું છે.

વર્તમાનપત્ર પણ કાયદામાં કેવી વિશિષ્ટ મદદ કરી શકે એ પણ એમની કથાઓમાંથી જોઈ શકાય છે. ડગ સેલ્બીના કેસમાં 'બ્લેઇડ' અને 'ક્લૅરીઅન'ના ખબરપત્રીઓની દોડમાં કેસ ઝળહળતી રીતે ફતેહ પામતો જોવા મળે છે. ફૅન્ક દુર્યા અને ઍગ્પ વિગિન્સનું પાત્ર રચી નાનાં શહેરોમાં બનતા ગુનાઓને પણ ઓછાં સાધનો વડે ઉકલતા દર્શાવ્યા છે.

આજે તો દર શનિવારે અમેરિકાના ટેલીવિઝન પ્રેક્ષકો 'રેનોલ્ડ બર' દ્વારા રજૂ કરાતા 'પૅરી મેસન'ના પાત્રને તો પ્રત્યક્ષ જોવા પામે છે અને એ દ્વારા ઘણાને કાયદાની બાબતોમાં નવું માર્ગદર્શન પણ મળે છે.

'ધ સૅટરડે ઇવનિંગ પોસ્ટ'માં સ્વ. આલ્વા જૉનસન અર્લ સ્ટૅનલી ગાર્ડનરના કેસોની આલોચના કરતાં એની સાથોસાથ ગાર્ડનરની જીવનઝરમર પણ લખતા. એ દ્વારા ગાર્ડનરની ન્યાયપ્રિયતા અને સેવાભાવના જાણીને ઘણા માણસો પોતાના કેસની વિગતો લખી મોકલી એમની અંગત સલાહ માગતા. ગાર્ડનર પણ એ બધી વિગતો જોઇ જોઇ સલાહ અને ભલામણો આપતા; પણ જે કેસમાં ચોક્કસ ગેરઈન્સાફ થયાનું તેમને લાગે એની પાછળ તો તેઓ પોતાની બધી શક્તિઓ કામે લગાડતાં યે અચકાતા નહિ. હજી યે તેઓ એમ જ કરે છે, એટલું જ નહિ પણ હવે તો તેમના હાથમાં વધુ જોર આવ્યું છે. એ માટે એમણે એક વિશિષ્ટ કાર્યપ્રણાલિકા ઊભી કરી છે.

એક દિવસ એમના પર એક પત્ર આવ્યો. એલ મેથ્યુસ જુનીઅરના એ પત્રમાં વિલિયમ માર્વિન લિન્ડલેને થએલા ગેરઈન્સાફની વાત હતી. પત્ર મળ્યો ત્યારે લિન્ડલે સાનફ્રાન્સિસ્કોની જેલમાં ફાંસીની રાહ જોઈ રહ્યો હતો. દસ જ દિવસ પછી એને ફાંસી મળવાની હતી. સુપ્રીમ કોર્ટમાં ચુકાદો આવ્યા પછી પણ આ કેસ ફરી બે વખત તપાસાયો હોઈ હવે તેનો ચુકાદો અફર હતો. રજા પર ઊતરતા કૅલિફૉર્નિયાના ગવર્નર વૉરેને લેફ. ગવર્નર ફ્રેડ હાઉસરને ખાસ સૂચના પણ આપી હતી કે કરવા જેવી બધી જ તપાસ થઈ ચૂકી હોઈ હવે આ ફાંસી કોઈ પણ સંજોગોમાં મુલતવી રાખવી નહિ.

વિગત એવી હતી કે કૅલિફૉર્નિયામાં યુબા નદીને કિનારે એક ખૂન થએલું. ધંધામંદીને લીધે લોકો પણ એક જ જગ્યાએ સ્થાયી ન રહેતાં એકબીજે સ્થળે ભટકતા રહેતા હતા, એટલે લાંબા સમય પછી એ ખૂનની તપાસ કરાય તો યે ત્યાંથી અગાઉનો કોઇ સાક્ષી મળી શકે તેમ નહોતું.

બનેલું એવું કે નદીમાં બે યુવાન છોકરીઓ નહાતી હતી. રાતા વાળવાળો એક યુવાન એમને જોઈ રહ્યો હતો. સામે કાંઠે એક ભરવાડ ઘેટાં ચારતો હતો. નજીકમાં એક બોટ હાઉસ હતું. વિલિયમ લિન્ડલે આ બોટ હાઉસમાં જ કામ કરતો. છોકરીઓનું ઘર પણ નજીકમાં જ હતું.

નહાઇને બંને બહાર આવી, કપડાં બદલ્યાં, પોતાના પિતા સાથે થોડી વાતચીત કરી પછી એક જણી પેલા બોટ હાઉસ તરફ ગઇ અને એક જણી પગ ધોવા ફરી નદીકાંઠે ગઈ.

વીસેક મિનિટ પછી તેમાંની એક યુવતી લગભગ મરેલી હાલતમાં મળી આવી. તેના પર ગુજરેલા અત્યાચારનો તેણે પ્રબળ સામનો કર્યો હોય તેમ લાગતું હતું. તેના નખ લોહીવાળા હતા. મરતાં મરતાં તેના પિતા તથા અન્ય સાક્ષીઓ સમક્ષ તે એટલું જ બોલી શકી કે 'પેલા બદમાશ રાતા વાળવાળાએ જ મારી આ દશા કરી છે. જૂઠું બોલી એણે જ મને બોટ હાઉસમાં...' અને એના પ્રાણ છૂટી ગયા. વધુ કંઇ ખુલાસો મળી શક્યો નહિ.

યુવતીના શબ્દો પરથી લોકોએ બોટ હાઉસમાં કામ કરતા લિન્ડલેને પકડ્યો. પોતે એ બનાવને વખતે તો કોઈ બીજે જ સ્થળે હોવાનો બચાવ તેણે રજૂ કર્યો. એ માટેના પુરાવાઓ અને સાક્ષીઓ પણ આપ્યા. પણ એ બચાવ પરથી યે બરાબર ખૂનને વખતે જ એ ક્યાં હતો તેની કોઈ સાબિતી નહોતી મળતી ને એનો બચાવ તૂટી પડતો. અધૂરામાં પૂરું ભરવાડે એના રાતા વાળ પરથી તથા તેના કથ્થાઈ કોટ પરથી તેને ઓળખ્યો અને પોતે તેને મરનાર યુવતી સાથે ઝપાઝપી કરી નદીના પાળાની પાછળ લઇ જતાં જોયો હોવાનું જણાવ્યું. વળી આ બનાવ વખતે કોઈ પાસે ઘડિયાળ પણ ન હતું. આથી મૃત્યુનો સમય એકબીજાએ અંદાજે જ નક્કી કર્યો હતો.

નહાતી છોકરીઓ જોઇ સંયમ ગુમાવી તેણે કરેલા અમાનુષી કૃત્ય પ્રત્યે સ્વાભાવિક જ કોઇને યે સહાનુભૂતિ ન હતી. વર્તમાનપત્રોએ પણ તેને સારી પેઠે તિરસ્કૃત કરી મૂક્યો હતો. નીચલી કોર્ટમાંથી ઉપલી કોર્ટમાં ને ત્યાંથી સુપ્રીમ કોર્ટમાં તેનો કેસ ચાલીને તેને ફાંસીની સજા થઇ હતી. મૅથ્યુસે આ કેસ લીધેલો. 'હેબીઅસ કૉર્પસ' તથા 'એરર કોરમ નોવિસ' અને 'કોરમ વૉલિસ'ની રિટ (સબળ કારણ વગર ભૂલનો કે શકનો લાભ આપ્યા વિના પકડી ન રાખવો જોઇએ તેવી અરજીઓ) દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે અરજીઓ કાઢી નાખી હતી એટલે હવે આ 'રિટ'નું બહુ મહત્ત્વ રહેતું નહોતું. ખુદ લિન્ડલેને પણ હવે આ બધા પ્રયત્નોમાં ખાસ શ્રદ્ધા રહી નહોતી.

પણ મૅથ્યુસની સબળ માગણી પરથી ને ગવર્નર વૉરેનની મંજૂરીથી સુપ્રીમ કોર્ટે એક રેફરી નીમ્યો અને અવનવી વિગતો બહાર આવી. (૧) પૂરતા સાક્ષીઓ તપાસાયા નહોતા કેમકે એમાંના કેટલાક તો સ્થળાંતર કરી ગએલા; (૨) બનાવ વખતે કોઈ પાસે ઘડિયાળ ન હોઈ સમય માત્ર અંદાજે જ નક્કી કરાતો હતો; (૩) ભરવાડ રંગઅંધ (કલર બ્લાઇન્ડ) હતો ને એને દરેક રંગ રાતો દેખાતો હતો એટલું જ નહિ પણ સોગનપૂર્વક જુબાની આપવાની ગંભીરતા પણ તે સમજતો ન હતો; અને (૪) બનાવ વખતે ત્યાં બીજો કોઇક પણ રાતા વાળવાળો હોઇ શકે એ સ્વાભાવિક લાગતું હતું.

આ અહેવાલ પરથી ફરી કાળજીપૂર્વક તપાસ ચાલી. રાતા વાળવાળો બીજો કોઇ તો મળે તેમ નહોતું; લિન્ડલેનો બચાવ ખૂનના સમયે જ તૂટી પડતો હતો. અને છેલ્લે મરનાર છોકરીએ કહેલા શબ્દો પરથી રાતા વાળવાળો ને બોટ હાઉસવાળો માણસ બીજો કોણ હોઈ શકે? એટલે એની ફાંસી કાયમ રહી. ગવર્નર રજા પર ઊતર્યા ને ફાંસીને હવે મુલતવી નહિ રાખવાની સૂચના આપતા ગયા હોઈ લિન્ડલે માટે માત્ર દસ જ દિવસ રહ્યા હતા.

ગાર્ડનર બધી વિગતો જોઇ ગયા. મૅથ્યુસની તપાસનો તેમણે અભ્યાસ કરી લીધો. છોકરીઓની, તેના પિતાની, લિન્ડલેની, ખૂન પછી પોલીસે આવીને સાક્ષીઓને મળીને તપાસ્યાની વગેરે દરેકે દરેકની હિલચાલ અને તેના સમયને તેઓ કાળજીપૂર્વક તપાસી ગયા અને તે દરેક વિગતને એકબીજી સાથે સાંકળીને તેમણે એક સમયપત્રક તૈયાર કર્યું. ફરીફરીને એ સમયપત્રક પણ ચકાસી લીધું ને તેને સચોટ તાર્કિક અને બુદ્ધિગમ્ય બનાવ્યું. તેમણે તારવી કાઢ્યું કે ખૂનનો જે સમય નક્કી થતો હતો એ સમયે તો લિન્ડલે મરનાર યુવતીના જ પિતા

સાથે મોટરમાં લગભગ ત્રણેક માઇલ દૂર હતો. એટલે બનાવના સ્થળે આવીને તુરત જ તે યુવતી પર બળાત્કાર કરે ને પછી શાંતિથી પોતાને કામે લાગી જાય એ સંભવી જ ન શકે. યુવતી તેના પિતાને મરવાની હાલતમાં મળી તે પહેલાં પંદરેક મિનિટથી તો તે એ હાલતમાં હશે જ. બીજું, ખૂની સાથેની ઝપાઝપીમાં યુવતીએ તેને જે ઊઝરડા પાડ્યા હશે તેમાંથી નીકળેલું લોહી યુવતીના નખમાં ભરાએલું હતું, પણ લિન્ડલેના મોં પર ક્યાંયે ઊઝરડા નહોતા. એટલે મોં પર ઊઝરડાવાળો ને રાતા વાળવાળો બીજો કોઇ તો જાણે હવામાં ઓગળી ગયો હતો. હા, એ વિસ્તારમાં રાતા વાળવાળો એક અફીણ વેચનારો હતો ખરો, અને પોતાની ઉઘરાણી પણ જતી કરી એ આ વિસ્તારમાંથી જતો રહેલો. પરંતુ તે મળે નહિ ત્યાં સુધી આગળ કઇ રીતે તપાસ થઇ શકે?

લિન્ડલેની ફાંસી આડા હવે કલાકો ગણાતા હતા ગાર્ડનરે પોતે કરેલી તારવણીની વિગતો સુપ્રીમ કૉર્ટના દરેક ન્યાયાધીશને લખી મોકલી. રાજ્યના ઍટર્ની જનરલને યે તેની વિગત મોકલી. ગવર્નરને વર્તમાનપત્રમાં એક ખુલ્લો પત્ર લખ્યો ને એ પત્રે પણ તેને માટે ખાસ આવૃત્તિ પ્રકટ કરી. લાગતાવળગતા દરેકને ખાસ ટપાલથી સંદેશા પહોંચાડ્યા અને સાબિત કર્યું કે બનાવના સમયમાં થોડી છૂટછાટ મૂકીએ તો યે લિન્ડલે દોષિત ન હોઈ શકે.

એની આ બધી મહેનતનું તરત પરિણામ આવ્યું.ઈન-ચાર્જ ગવર્નર ફ્રેડે ફાંસી મુલતવી રાખી. ગવર્નરની ઑફિસ પર નાગરિકોનો ધસારો થવા લાગ્યો. અસંખ્ય પત્રોનો તો જાણે વરસાદ વરસ્યો. પણ સાચો ખૂની ક્યાં? કાયદાની જડતાએ એના અભાવે લિન્ડલેને છોડ્યો તો નહિ જ, પણ તેને ફાંસી મળતી તો રહી જ ગઇ ને જન્મકેદ મળી. સુપ્રીમ કૉર્ટના ચુકાદા ઉપર ફેરફાર? અને એ પણ દયાની અરજી કાઢી નંખાયા પછી? ન્યાયતંત્રના ઇતિહાસમાં આવા કિસ્સા વીરલ જ ગણાય.

ગાર્ડનરની ન્યાયપ્રિયતા, સેવાભાવ ને બુદ્ધિકૌશલને જ આ બધું આભારી છે. પણ આવા બીજા યે કેટલાક નિર્દોષો માર્યા નહિ જતા હોય? ગાર્ડનરને પણ આ જ ચિંતા થતી હતી. 'આર્ગોસી' (Argosy) પત્રના માલિક હૅરી સ્ટીગરને પણ આ જ પ્રશ્ન થતો હતો. બંને મિત્ર હતા. સ્ટીગરે આખરે અર્લને જણાવ્યું કે 'તમને હવે આવો કોઈ પણ કેસ નજરે પડે કે જેમાં નિર્દોષ આરોપી સજા પામે છે તો તેની વિગતો-ના પ્રકાશનને માટે 'આર્ગોસી'નાં પાનાં ખુલ્લાં છે. આપણે એ છાપીને પ્રજાનો અવાજ ઉઠાવીશું.'

ગાર્ડનરને પણ આ વિચાર ગમી ગયો. ઉજાગરા કરીને એણે એક યોજના ઘડી કાઢી. કેસની વિગતો છપાય અને લોકો એ વાંચી જાય એટલું જ પૂરતું નથી; એની સાથોસાથ લોકો પોતે પણ તેમાં ઊંડો રસ લઇ અવાજ ઉઠાવે તો જ કંઇક અર્થ સરે. એટલે આવા કેસમાં જેમજેમ તપાસ આગળ ચાલતી જાય તેમતેમ વિગતવાર તે પ્રકટ થતી રહે એ રીતની તેમણે ગોઠવણ કરી. સુપ્રીમ કોર્ટે કાઢી નાખેલા અને જેમાં ખરેખર જ ગેરઈન્સાફ થયો લાગતો હોય ને જેની વિગતોમાં કૈંક વૈશિષ્ટ્ય હોય એ દાવાઓ પ્રકટ કરવાનું નક્કી થયું. સાધનો અને વ્યવસ્થાને અભાવે લિન્ડલે પૂરો ઇન્સાફ ન પામી શક્યો એનો વસવસો ગાર્ડનરને સતત રહ્યા કર્યો. પણ આવા બીજા અનેક લિન્ડલે માટે તેઓ હવે કટિબદ્ધ થયા.

સામાન્યતઃ સુપ્રીમ કોર્ટ સર્વોચ્ચ અદાલત ગણાય છે. પણ અર્લ માને છે કે આવી કોઈ પણ અદાલત સર્વોચ્ચ ન ગણાય. જનતા જ સાચા અર્થમાં સર્વોચ્ચ ગણાય. એ જનતાની અદાલતના પ્રોસિડિંગ્સ ને ચુકાદા 'આર્ગોસી'માં પ્રકટ થાય. પણ આટલી યોજના જ પૂરતી નહોતી. એ માટે જરૂરી સાધનો, માણસો, બનાવની જગ્યાએ જઈ ત્યાં તપાસ કરી શકવા માટેની યોગ્ય સવલતો વગેરે પણ જોઇએ. અને એ માટે 'આર્ગોસી રહસ્ય-શોધન સમિતિ'ની રચના થઇ. ગુનાશોધન-ની દરેક શાખાના સ્પેશ્યાલિસ્ટની મદદ લેવાનું વિચારાયું.

એમના આ વિચારનો તુરત જ પડઘો પડ્યો. લીગલ મેડિસિનના નિષ્ણાત અભ્યાસી અને 'હોમીસાઈડ ઈન્વેસ્ટીગેશન' નામક સૈદ્ધાંતિક અને સરકારમાન્ય પાઠ્ય પુસ્તક લેખક તથા ડૉક્ટર હોવા ઉપરાંત એક સારા વકીલ ડૉ. લી મૅાયન સ્નાઈડરે તેમને સાથ આપવા કબૂલ્યું. રેમન્ડ શિન્ડલર નામે એક વિખ્યાત ગુનાશોધકની મદદ પણ તેમને મળી. આ શિન્ડલરે 'બિગ જિમ'ની ટોળી પકડી પાડવામાં મોટો ફાળો આપેલો. આ ટોળકીએ સરિયામ માર્ગ પર ઑફિસ ખોલેલી. વાહનોના નિયંત્રણ માટે અને ઝડપથી ગાડી ચલાવનારનો દંડ કરવા માટે રાખેલી પોલીસ એવા દંડની વાર્ષિક લાખો ડૉલરની આવક તેમને આપતા. પણ એમને ખબર સુદ્ધાં ન પડી કે આ કમાણી સરકારી તિજોરીમાં નહિ પણ એક બદમાશ ટોળકીને માટે જમા થાય છે. 'ધી કમ્પલીટ ડિટેક્ટિવ'માં આ શિન્ડલરનું પ્રેરણાદાયક ચરિત્ર આવેલું છે.

આ ઉપરાંત લાઈ-ડિક્ટેટર પોલીગ્રાફ (જૂઠું બોલેલું પકડી પાડનાર યંત્ર)નું સંચાલન કરવા માટે એમને ડેટ્રોઈટ પોલીસ ફોર્સના એલેક્સ ગ્રેગરીની સહાય પણ મળી. ગાર્ડનરના એક કેસ દરમિયાન તેમના પરિચયમાં આવનાર વૉશિંગ્ટન રાજ્યની જેલના વૉર્ડર ટૉમ સ્મિથ અને બૉબ હેં પણ એમની આ પ્રવૃત્તિથી આકર્ષાઈને એમની સાથે જોડાયા. કાયદાની સલાહ માટે ગાર્ડનરે પોતે જવાબદારી ઉપાડી લીધી.

પણ આ તો સૌની કામગીરીની સેવાની વાત થઈ.પણ એ કામગીરી દરમ્યાન ટેલીફોન, ટ્રંકકોલ, ટૅક્સી, હવાઈ મુસાફરી, સાક્ષીઓને બોલાવી લાવવાનો તેમને આપવાનો ખર્ચ, ઑસ્પિટલના અને અન્ય રેકર્ડ મેળ-વવાના ખર્ચ, ઇત્યાદિ અનેક જાતના ખર્ચનો ભાર પણ કંઇ નાનોસૂનો ન જ હોય. એ બધી જવાબદારી 'આર્ગોસી' પત્રે ઉપાડી. ઉપરાંત બધી કામગીરીના અહેવાલો છાપવાના. એક સામયિકપત્ર કેટલોક ખર્ચ વેઠી શકે? તપાસમાં કેટલો સમય જાય તે પણ નક્કી નહિ. છતાં સ્ટીગરે ગાર્ડનરની યોજના સ્વીકારી લીધી.વિગતો છપાય,લોકો તેનો પડઘો પાડે, પછી જ કંઈ અસર નીપજે. પોલીસ ખાતું તેમાં બહુ જ ઓછી સહાય કરે, અને સરકારી સહાય તો નહિ જ, એટલે ક્યારેક તો 'આર્ગોસી' બંધ કરી દેવા જેવી સ્થિતિ આવી જતી છતાં ધીરજથી ને કરજ કરીકરીને પણ સ્ટીગરે કામ ચાલુ રાખ્યું ને આ 'કૉર્ટ ઑવ લાસ્ટ રીસૉર્ટ' (છેલ્લા આશરાની કોર્ટ)ને નિભાવી રાખી. ગાર્ડનર પણ પોતાના આ કાર્યની સફળતાનો બધો યશ 'આર્ગોસી'ને જ આપે છે. પાછળથી તો 'આર્ગોસી'ને પણ હવે એનો બદલો મળી ચૂક્યો છે.

આ સર્વોચ્ચ અદાલતનો પહેલો કેસ...

વૉશિંગ્ટનનીવૅલાવૅલાજેલના રેક્ટર રેવરન્ડ ડબ્લ્યુ.એ.ગિલ્બર્ટે પંદર વર્ષ જૂનો એક કેસ ગાર્ડનરને સોંપ્યો. ક્લૅરન્સ બોગી, કેદી નં. ૧૬૫૮૭, એ જેલમાં જન્મકેદ ભોગવતો હતો. મૉરિટ્ઝ પીટરસનના ખૂનનો તેના પર આરોપ હતો. અગાઉ પણ તેણે બે વખત જેલ ભોગવી હતી. જો કે એ પોતે તો આ ત્રણમાંથી એકે ગુનો કર્યાનું કબૂલતો નહોતો.

ધંધાકીય મંદીના વખતની વાત. બોગી ત્યારે લાકડાં વહેરી ગુજ-રાન ચલાવતો. પણ તે કહેતો કે હકીકતે તે એક તાંબાની ખાણનો માલિક હતો. લોકો તેને જૂઠો ને પાજી સમજતા.

એક દિવસ એણે એક પોલીસને કોઇ ડોશીને ધમકાવતો જોયો. વાત એમ હતી કે ડોશીની હદમાં ઊગેલા એક ઝાડને લીધે પાસેની

ફૂટપાથ તૂટી ગઇ હતી. ડોશીએ તે સમારી આપવાની હતી પણ એ અસહાય હતી. બોગી ડોશીની મદદે ગયો. અફસરને સમજાવીને એણે એ ફૂટપાથ સમારી આપવાનું માથે લીધું. બેકાર સાથીદારો અને 'અહીં તહીં'થી એકઠા કરેલા સિમેન્ટ વડે એણે એ કામ કરી આપ્યું. અને ડોશીના આગ્રહ છતાં તેઓએ એ માટે એક પાઈ પણ લેવાની ના પાડી. ડોશીએ એનું સરનામું લઇ લીધું અને પોતાની એક શ્રીમંત બહેનપણીને ડોશીએ આ વાત લખી જણાવી. એ બહેનપણી પાસે સારી પેઠે જમીન-જાગીર હતી એટલે એનાં સગાંસંબંધી એને તંગ કર્યા કરતાં. એની જાગીરમાં તાંબાની એક ખાણ પણ હતી. એણે બોગીના પેલા માનવતાભર્યા કામના બદલા તરીકે એ ખાણ એના નામ પર ચડાવી લીધી. પણ એનો દસ્તાવેજ પેલા સંબંધીઓએ વચ્ચેથી જ ગુમ કરી દબાવી રાખ્યો. બોગીને છોડાવવા માટેની તપાસ દરમ્યાન આ વિગત પ્રકટ થઇ. ગાર્ડનરે પેલો દસ્તાવેજ પણ મેળવ્યો.

ગાર્ડનરે એનો આખો કેસ જોયો. વાત એમ હતી કે એક દિવસ એક બૅંકમાં લૂંટ થઇ. નાસી જતી ટોળીમાંથી કોઇએ એક કોટ નીચે ફેંકી દીધો. પૂલ નીચેથી જતા બોગીને એ કોટ મળ્યો, પોતાને બંધબેસતો હોઈ એણે એ પહેરી લીધો ને પોલીસે જ્યારે તેને પકડ્યો ત્યારે જ એને ખબર પડી કે એ કોટના ગજવામાં તો લાખો ડૉલરની નોટો હતી! સજા થઇ, અરજીઓ પણ થઇ ને સદ્ભાગ્યે એની ફેરતપાસમાં એ છૂટી ગયો.

પણ એ જેલવાસ દરમ્યાન એને જોન ડૉની સાથે પરિચય થયો. એ એક અઠંગ ખેલાડી હતો. એક રીટાયર્ડ પોલીસ અમલદાર સાથે મળી એણે એક લૂંટની યોજના વિચારી હતી. એ કામ વખતે બહાર ધ્યાન રાખનાર એક માણસની એને જરૂર હતી. બોગીને તેણે તેમાં સંડોવવા ધાર્યું. બોગીને તેની મા અત્યંત વહાલી હતી તે એણે જાણી લીધું. એ માને મારી નાખવાની ધમકી આપી જોન ડૉએ બોગીને પોતાના સાથમાં તૈયાર કર્યો. બોગી ફરી પકડાયો. તાજનો સાક્ષી થયો અને ઓછી સજા પામી છૂટી ગયો. પણ જોન ડૉએ કિન્નો રાખ્યો અને બદલો લેવાની ધમકી પણ આપી. એક ડેપ્યુટી શેરિફે એ સાંભળેલું પણ ખરું અને તેની તેણે એફિડેવિટ પણ આપી હતી.

તે પછી એવું બન્યું કે મોરિટ્ઝ પીટરસન નામે એક માણસ એક બૉર્ડિંગ હાઉસમાં રહેતો હતો. ગામ બહાર તેણે એક ખંડેર જેવું મકાન પણ ભાડે રાખેલું. ઘણી વાર એ ત્યાં પડ્યો રહેતો. ત્યાં એક વાર કોઇએ લૂંટ કરી, પણ પીટરસને પોલીસમાં જાહેરાત કરવા ના પાડી. લૂંટ તો માત્ર એક કોટ અને પગરખાંની એક જોડની જ થએલી. તા. ૨૪મી જૂને એ બનાવ બન્યો. પછી ૨૬મી જૂને સવારે પડોશીઓએ પીટરસનના મકાનમાં કંઇ ઝપાઝપી થતી જોઇ. એક માણસ નાસી ગયો ને બાજુના જંગલમાં પેસી ગયો. પાછળ પડેલા લોકો નિરાશ થઈ પાછા ફર્યા. પોલીસ આવી. પીટરસન ઘાયલ થયો હોઈ તેને ઑસ્પિટલમાં પહોંચાડ્યો. મરતાંમરતાં તેણે તેની પુત્રીને મારનારનું નામ કહેલું.

પણ ખૂન થયા પછી ગુનેગારોને નહિ પકડી શકવાના કારણે પોલીસ બદનામ થતી હતી. વૉશિંગ્ટનમાં એક ખૂન માટે જોન ડોને જન્મકેદ ભોગવવી પડે તેમ હતું. તેથી તેણે ઈડાહોની જેલમાં એવી શરત કરી કે જો મને ઇડાહોમા જ રાખવામાં આવે અને મારા પર ફરી કામ ચલાવવામાં ન આવે તો એ પીટરસનના ખૂનીને પકડી આપું.

અને એણે જૂનું વેર યાદ રાખી બોગીને આ કિસ્સામાં ફસાવી દીધો. કમનસીબી તો એ હતી કે આ વખતે પણ બોગીના શરીર પર પીટરસનનો તા. ૨૪મી જૂને ચોરાએલો કોટ જ પહેરેલો હતો. પેલા ડેપ્યુટી શેરીફની એફિડેવિટને કોરે મૂકીને જૉન ડોની ખોટી એલીબી મંજૂર રહી. બોગીને જન્મકેદ થઇ.

પંદર વર્ષ વીતી ગયા પછી ગાર્ડનર પાસે બોગીનો આ કેસ આવ્યો. ઉપરની બધી વિગતો તો ગાર્ડનરની તપાસ દરમ્યાન બહાર આવી હતી. ગાર્ડનરે અને તેમના સાથીઓએ ફેર તપાસ આદરી. જૉન ડોનો લાઈ-ડિટેક્ટર ટેસ્ટ લેવાયો. દાવાની નકલ માટે જોઇતા ૭૫૦ ડૉલર મેળવવા બોગીએ જેલમાં મળતી દરેકે દરેક સગવડ જતી કરી. તે છતાંયે એટલી રકમ એ બીચારો એકઠી ન કરી શક્યો. એ જ વખતે એકાદ નાના ગુનાસર થોડી સજા પામી તેની સાથે જેલ ભોગવતા એક પૈસાદારે એને મદદ કરી અને ગાર્ડનરને દાવાની નકલ મળી.

ડેપ્યુટી શેરીફની એફિડેવિટ પણ મેળવાઇ. 'આર્ગોસી'માં વિગતો પ્રકટ થવા લાગી. લોકોએ શોર ઉપાડ્યો. ખર્ચ માટે ફાળો થયો. વિમાનોમાં રખડી રખડીને ગાર્ડનરે સાક્ષીઓ એકઠા કર્યા. પંદર વર્ષ વીતી ગયાં હોઈ બધાં ક્યાં ક્યાં પડ્યા હતા. પણ તેઓએ બોગીને જોઈ એટલું તો ચોક્કસપણે કહ્યું કે મારીને નાસી જનાર બોગી જેવો બેઠી દડીનો નહિ પણ ઊંચો હતો.

બીજી બાજુ બોગીની જીવનકથની પણ છપાવા લાગી. એની એક આવડત એ હતી કે એના જેવો ઓછી મહેનતે કળથી મોટાં તોતિંગ લાકડાં ફેરવી શકનાર બીજો કોઇ શોધ્યો જડે તેમ નહોતો. જો બોગી છૂટી જાય તો લોકો તેને એ કામ આપવા પણ તૈયાર હતા.

તપાસ આગળ ચાલતી ગઈ. એક ધોબી મળ્યો. પીટરસનને મારનારે એને કોટ વેચવા આપેલો. ધોબીએ તે સોદો અરધા ડૉલરમાં પતાવ્યો અને પછી બોગીએ એ જ કોટ એક ડૉલરમાં વેચાતો લીધેલો. એક બાઇ પણ મળી જેના છોકરાને ડિસ્ટ્રિક્ટ ઍટર્નીએ બોગીની તરફેણમાં સાક્ષી પૂરવા બદલ ધમકાવેલો. જોકે એ છોકરો તો હયાત નહોતો.

જૉન ડો પાસેથી મળેલી વિગતો આપવાની જરૂર નથી. ગવર્નરે વચન આપ્યું કે બોગી છૂટી જશે. પણ હજી બોગી છૂટ્યો નહોતો. કારણ? 'ટાઇમ્સ' એ ખબર છાપી ન લે ત્યાં સુધી એને છૂટો ન કરવાનું રાજકીય દબાણ! કેસને માટે 'આર્ગોસી'એ કરેલું બેશુમાર ખર્ચ, છેલ્લા આશરા-સમિતિના સભ્યોની જહેમત અને સમયનો ભોગ. એ બધું બાજુએ રહે ને યશ 'ટાઈમ્સ'ને! પણ જનતાની અદાલત ક્યાં અજાણ હતી? બોગી છૂટી ગયો—પંદર વર્ષે પછી.

જિંદગીના એ અમૂલ્ય વર્ષો બગડવા બદલ સરકાર સામે તેણે કશો દાવો પણ ન કર્યો. પ્રજાએ તેને માટે બે થી ત્રણ લાખ ડૉલરનું ફંડ કર્યું. બાળપણની તેની એક સખીએ તેની સાથે લગ્ન પણ કર્યું. બોગી ફરી પોતાના કામે લાગી ગયો. તાંબાની ખાણની એને પરવા ન હતી. જનતાની સર્વોચ્ચ અદાલત કંઇ થોડી જડ હતી? તેણે તેને ઘણું આપવા તૈયારી બતાવી. પણ, એ જાતમહેનતમાં માનતો હતો. એની કામ કરવાની શક્તિ જોઈ સૌ આશ્ચર્ય પામી ગયા. એક દિવસ એણે પોતાની કામગીરીનો વિક્રમ સ્થાપ્યો. ઘેર આવી પત્નીને વાત કરી. આનંદથી પત્નીએ એને ચુંબનથી વધાવ્યો. હાથમોં ધોવા તે બાથરૂમમાં ગયો ત્યાં જ તે અવસાન પામ્યો. મોં પરનું સંતોષનું સ્મિત હજી યે એમનું એમ જ હતું. કેદનું જીવન, નિરાશાની ગડમથલ અને આ મહેનતભર્યું કાર્ય, સૌએ એકસામટી અસર કરી. પણ આખરે એ આબરૂસર અને પ્રામાણિક માણસ તરીકે ગયો એ શું ઓછું હતું? આનો બધો યશ ગાર્ડનરને ઘટે છે.

જીવનકથામાં નાયક ક્યારે અને ક્યાં જનમ્યો, કેટલું ભણ્યો, ક્યારે પરણ્યો, કેટલાં બાળકો એ વગેરે બધું અને એની તારીખો જાણવા કરતાં એણે કરેલાં નક્કર કાર્યોને અંજલિ આપવી વધુ યોગ્ય નથી?

સિત્તેર વર્ષ વીતી ગયા છતાં ગાડનરની તંદુરસ્તી આજે સારી છે. તે કદી ધૂમ્રપાન કરતા નથી ને દારૂ પણ બહુ થોડો જ લે છે.

(જૂન ૧૯૬૧) ૨૦૮













ર્હોડેશિયા અને ન્યાસાલૅન્ડનું ફૅડરેશન થયા નિમિત્તે બહાર પડેલી ત્યાંની આ ટિકિટો પરતે દેશોનાં વિશિષ્ટ સુંદર પ્રકૃતિદૃશ્યો, ત્યાંની મુખ્ય પેદાશ ચા અને તમાકુનો વ્યવસાય તથા તાંબાની ખાણના ઉદ્યોગનું નિદર્શન કરતાં ચિત્રો તથા ર્હોડેશિયાના સ્થાપક સેસિલ ર્હોડ્સની પ્રતીમા અને તેની કબરનાં આલેખનો આપ્યાં છે. (મોકલનાર: ચંદુલાલ મટાણી, ન્ડોલા. ર્હોડેશિયા). નીચેની બે ટિકિટોમાં એક પહેલી જાપાનની ટિકિટ પર ત્યના ભારે ઉદ્યોગના એક સદીના વિકાસનું, પુરાણા અને અદ્યતન યંત્રોના સુંદર ને બુદ્ધિયુક્ત આલેખનો વડે સૂચન કરેલું છે. બીજી કૅનેડાની ટિકિટ પર બ્રિટિશ કોલંબિયાના એક સદી પહેલાના વસવાટની શરૂઆતનું નિદર્શન કરતા ત્યારના સોનું શોધવા આવેલા ધૂળધોયાનું ચિત્ર છે. ટપાલની ટિકિટો જે દેશની તે હોય તે દેશે અને ત્યાંની પ્રજાએ સાધેલા વિવિધઅંગી વિકાસની બહુ મર્યાદિત વિસ્તારમાં પણ સુંદર રજૂઆત કરનાર સર્વવ્યાપક માધ્યમ છે.

# પચ્ચીસ વર્ષ પહેલાં

જેઠ ૧૯૯૨ અંક ૧૫૦

ગુજરાતી સાહિત્યનાં નિસર્ગવર્ણનો-માં સરિત્‌સૌંદર્યનાં આલેખનો ઓછાં છે. તેમાંય નદીઓનાં સંગમોનાં વર્ણન વિરલ છે. એવું 'સંગમશોભના સાબર-મતી'નું (ગયા અંકને અનુસંધાને) શ્રી રામપ્રસાદ શુક્લનું આ નિરૂપણ પ્રસાદમધુર છે:

વાકળની સાથે પૂર્ણયોગ પામ્યા પછી ધીર-ગંભીર બનેલી સાબર હવે ડુંગરની દીકરી મટી સપાટ પ્રદેશની સુંદરી થવા સહેજ ઉતાવળી થાય છે. પણ ઉતાવળમાં ધોધ બનીને એ છેક ઉપરથી નીચે ધસતી નથી અથવા ફાળ ભરીને એ ક્યાંય કૂદી પડતી નથી. એનું સમધારણ વહેણ એકધારુ વહ્યા કરે છે. ટેકરા ને ડુંગરા વચ્ચે માઇલો સુધી વહી સપાટ પ્રદેશમાં એ પહેલવહેલી દાખલ થાય છે ત્યાં જ ભીમા ને કોસામ્બીનાં પાણી લઈને હરણાવ હળવેથી તેને મળવા આગળ આવે છે.

મારવડા ને વિજલાસણની બાજુમાં જ્યાં સાબરમતીને હરણાવ નદી મળે છે તે સ્થળને લોકભાષામાં 'બેવટો' કહે છે. બે નદીઓના સંગમ માટે કેવો ટૂંકો અને ઘરગથુ શબ્દ!

બેવટા ઉપર આવતાં પહેલાં સાબર એક ઝોક ખાઇ વહેણની દિશા ઉત્તર-દક્ષિણથી ફે-રવી સહેજ ત્રાંસમાં પૂર્વ-પશ્ચિમની કરી નાખે છે. એની ગતિ હમેશની રીતે સરલ, માર્દવ-યુક્ત અને નિર્મળ રહે છે. એ નથી અચકાતી કે નથી ધસી પડતી, માત્ર છેક જ નજીક આવે છે ત્યારે મોટી બહેનની જેમ નાની બહેનને બોલાવવાને વામ હસ્ત લંબાવીને, પહેલ ક-રતી હોય તેમ, મુખ્ય વહેણ બદલ્યા વિના એ એક નાનું ઝરણ હરણાવ તરફ મોકલે છે. વહેણના આમ દ્વિમુખવહનથી એ જગ્યાએ એક નાનો સરખો ત્રિકોણાકાર રેતીનો સપાટ બેટ બની રહે છે, અને ત્યાંથી સાબરમતી અને હરણાવનાં જુદાંજુદાં તેમજ એકત્ર વહેણો વારાફરતી જોવાની મઝા પડે છે.




સાબર તો નિયમિત રીતે જ એકધારી વહ્યા કરે છે, પણ હરણાવ તો જાણે પોતાનું અસ્તિ-ત્વ ગુમાવતાં પહેલાં બધું જ બળ એકઠું કરી લેતી હોય તેમ સંગમ ઉપર આવતાં પહેલાં-ના અર્ધા માઈલમાં જુદું જ રૂપ ધારણ કરે છે. એનું પેટાળ ઊંડું થઇ જાય છે, એના કાંઠા ઊંચા બને છે અને તેમાં અહીંતહીં ઊંડા ધ-રાઓ પડી જાય છે. છેક સંગમના મુખ ઉપર જ એવાં એક વિશાળ ઊંડો ધરો છે અને એનાં કાળાંભમ્મર પાણીમાં પુષ્કળ મગરો રહે છે.

સંગમ ઉપર મારવડા ગામની દિશામાં સૌથી વધારે ઊંચાણવાળી જમીન લાંબે સુધી આવેલી છે અને તેનો એક ખૂણો છેક સંગમ-ની લગોલગ આવે છે. કહે છે કે ચોમાસામાં જ્યારે બંને નદીઓમાં પૂર હોય છે ત્યારે એ-નાં પાણી અહીંથી જોવાનો ખૂબ આનંદ આવે છે.

સંગમ ઉપર પહોંચતાં પહેલી જ છાપ આ-ખી સૃષ્ટિ જાણે ખૂલી જતી હોય એવી વિશા-ળતાની પડે છે. સામાન્ય રીતે જ્યાંજ્યાં બે નદીઓના સંગમ થાય છે એ સ્થાને નદીતટ વિસ્તરી રહે છે, પટ પહોળો બની જાય છે, આકાશ અને પૃથ્વીનાં અંતર ઢાંકલી જતાં હોય એમ ચોમેર ભર્યુંભર્યું ભાસે છે, અને પૃથ્વીનાં પાંચે ય તત્ત્વો વિશાળતાને વરતાં હોય એવું રૂડું લાગે છે. ગમે એવી નાની બે નદીઓ હોય તો પણ સંગમ ઉપર તો એ શોભી જ ઊઠવાની. કોણ જાણે કેમ, પણ મિલન એટલે મહત્તા અને સંગમ એટલે શોભા એવું સૃષ્ટિનું રહસ્ય જ ન હોય એમ સંગમમાત્ર સુંદર સ્વરૂપ ધરી રહે છે. અને એ સુંદરતા લોકહૃદયને પણ એ-ટલી બધી સ્પર્શી છે કે એણે સંગમસ્નાનને ધાર્મિક સ્વરૂપ આપી દીધું છે. લોકોએ નદી-સંગમોને શોધીશોધીને પૂજ્યા છે, ત્યાં સ્નાન કર્યાં છે, મંદિરો ચણાવ્યાં છે, મહાદેવો સ્થા-પ્યા છે અને ક્વચિત મેળાઓ પણ ભર્યા છે.

સાબરમતીનો ત્રીજો અગત્યનો સંગમ તે કોટયર્કથી ૧-૧।। માઇલ દૂર સંગપુર ગામ પાસે સાબર અને હાથમતીનો છે, જ્યાં લોક-મત પ્રમાણે સાબર 'સાબરમતી' બને છે. એ પહેલાં તો ઘણુંખરું એ સાબરના નામથી જ ઓળખાય છે. આ ત્રણે સંગમો સાબરના બંધારણમાં વિશિષ્ટ સ્થાન ભોગવી રહે છે. ગયા અંકમાં વર્ણવેલા ચિત્રવિચિત્રેશ્વરના સં-ગમ આગળ વાકળનાં પાણીથી સાબરનો દેહ બંધાય છે, બેવટા ઉપર હરણાવ એને વિસ્તાર આપે છે અને કોટયર્ક પાસે હાથમતી જોડે હાથ મિલાવીને એ મહાનદીનું રૂપ ધરે છે.

હાથમતીનાં ઘણાંખરાં પાણી હવે તો હિં-મતનગર પાસે એક મોટો બંધ બાંધીને નહેર-રૂપે વાળી લેવામાં આવ્યાં છે અને લોકભાષામાં 'કાંસ' તરીકે ઓળખાતી એ નહેરનું વહેણ સામાન્યરીતે એક સારીસરખી નદી જેટલું રોજરોજ વહે છે. આમ એ બંધાયા પહેલાં જ્યારે હાથમતીનાં પાણી સાબરમતી સુધી ભરપૂર વહેતાં હશે ત્યારે સંગમનું દૃશ્ય કેવું હશે એ તો આજે કહી શકાય તેમ નથી. આજે તો બંધ પછી કૃશ દેહ ધારણ કરીને હાથમતી આગળ વધે છે અને છેક સુધી નમ્ર નદી જ રહે છે. પાલપટ્ટાના ડુંગરાઓની ભેખડોમાં કોતરો પાડીપાડીને પથ્થરની કાળીભમ્મર છી-પરો ઉપર વાઘણની ચાલે ચાલતી હાથમતીને જેણે જોઇ હોય એ તો ભાગ્યે જ સંગમ ઉપર-ની હાથમતીને ઓળખી શકે.

વહેણની ઉત્તર-દક્ષિણ દિશા સાચવી રાખી ચાલી આવતી સાબર સંગમ ઉપર હાથમતીને ઉરમાં સમાવી લેવા હૈયું ખોલતી હોય એમ, સ્હેજ વિસ્તાર પામે છે. હાથમતી ઉત્તર–દક્ષિણના ત્રાંસમાં પૂર્વ-પશ્ચિમ વહેણે આવી સીધીસાદી રીતે સાબરને મળી જાય છે અને પછી એક થએલાં પાણી થોડે આગળ વધી, જાણે સંગમની શોભા જોવા પાછાં ફરતાં હોય તેમ, દિશા બદલી એકદમ અવળાં થઇ એક વિશાળ ચકાવો લે છે; અને એમ ને એમ દોઢ બે માઇલ સુધી અર્ધચન્દ્રાકારથી પણ વધુ મોટા–લગભગ વર્તુલના વાંકમાં વહી છેક વા-

# छत्रपति महाराजा शीवाजी



મધરિબ નામના ઊંચા પોલાદમાંથી બનાવેલી, 'તેગ' પ્રકારની, બે ફૂટ સાડા ચાર ઈંચ લાંબી શિવાજીની આ અસલ ભવાની તલવાર છેડેથી નવ ઇંચ સુધી બે ધાર વાળી છે. વચ્ચેથી તેનું પાનું ત્રણ ઇંચ પહોળું છે. બાજુમાં : તેના પરના અક્ષરો.

જેમાં શિવાજીને સાક્ષાત્ દેવી ભવાનીનો વાસ દેખાતો, જે એની ઝુંબેશની પ્રેરણામૂર્તિ હતી, એ તલવારનો રાયસિંહજી રાઠોડે તારવેલો રસિક ઇતિહાસ પણ ઉતારવા જેવો છે.

કોંકણ ને કલ્યાણની ચોમેરનો મુલક કબજે કરી મહારાષ્ટ્રીય રાજ્યની સ્થાપના કર્યા બાદ એક વખતે હરિહરેશ્વરની યાત્રા કરી શિવાજી પાછા ફરતા હતા એ વેળા તેમના સાંભળવામાં આવ્યું કે ગોવાલકર સાવંત નામના સરદાર પાસે ૩૦૦ હૂણ (હૂણ=લગભગ ચાર રૂપિયાની કિંમતનો ચાંદીનો સિક્કો) કિંમતની એક નામચીન મૂલ્યવાન તલવાર છે. આ સાંભળી શિવાજીના સરદારોએ એ તલવાર બળજબરીથી તેની પાસેથી પડાવી લેવાની સૂચના કરી. પણ શિવાજીએ દેવદાનવોના અમૃત મંથનવાળી કથાનો દાખલો આપતાં જણાવ્યું કે આપણે એવી ક્ષુદ્ર બાબતો માટે આપસઆપસમાં ઝગડા કરવા સારા નહિ.

આ બાજુ ગોવાલકર સાવંતના કામદારે શિવાજી સાથે મૈત્રી બાંધવામાં જ પોતાના સરદારનો ભાવિ ઉત્કર્ષ જોઈ એ તલવાર શિવાજીને ભેટ આપી દેવાની સાવંતને સલાહ આપી. શિવાજી ખુશ થઇ ગયા અને બદલામાં ૩૦૦ હૂણ સાથે કીમતી પોશાક ઉપરાંત પોતાના સૈન્યમાં એક મોભાદાર પદવી પણ આપી.

આ તલવારની શિવાજીએ પોતાની કુળદેવી ભવાનીના મંદિરમાં પ્રતિષ્ઠા કરી, ભાવપૂર્વક તેની પૂજા કરી અને દેવીના નામ પરથી તેનું નામ ભવાની રાખ્યું. શિવાજીને તેમાં સાક્ષાત્ જગદંબાનો વાસ દેખાયો. આ તલવાર હાથમાં પકડવાથી શિવાજીમાં નવું જોમ પ્રકટતું ને જ્યાંજ્યાં શિવાજીનો પગ પડતો ત્યાંત્યાં તેની ફતેહના ડંકા વાગતા. દર નવરાત્રિએ શિવાજી કુળદેવી ભવાનીની મૂર્તિને પડખે ભવાની તલવારની સ્થાપના કરી દેવીની આશિષ માગતા.

મરાઠા રાજ્યનો દૃઢ પાયો નાખીને સને ૧૬૮૦માં છત્રપતિ શિવાજી મહારાજ દેવલોક પામ્યા. તેમની પછી યુવરાજ સંભાજી ગાદીએ આવ્યો. તે સ્વચ્છંદી હોઈ મુઘલોની જાળમાં ફસાયો. ઈ. ૧૬૯૦માં ઔરંગઝેબે તેનો શિરચ્છેદ કર્યો અને ભવાની તલવાર હાથ કરી દિલ્હી મોકલી આપી. ઈ. ૧૭૦૭માં શિવાજીના પૌત્ર શાહુને તે પાછી મળી. શિવાજીના વીરત્વને યાદ આપતી એ તલવાર તે પછી ૧૮૨૭ સુધી તેના વંશજો પાસે રહી હતી એ વાત નિઃસંશય છે. પણ ત્યાર પછી એ તલવાર ક્યાં અને કોની પાસે ગઇ તે સંબંધી ઘણા વિદ્વાનો વચ્ચે મતભેદ છે.

કેટલાક ઇતિહાસવેત્તાઓ એમ માને છે કે કોલ્હાપુર નરેશની કુળદેવી ભવાનીના મંદિરમાં જે તલવાર છે તે જ શિવાજીની ભવાની તલવાર છે. ભવાનીને તે ઘણી રીતે મળતી આવે છે ખરી, પણ તેના પર કોતરાએલા અક્ષરો 'सरकार राजा शाहु छत्रपतिकड' બતાવે છે કે એ શિવાજીની નહિ પણ તેમના પૌત્ર રાજા શાહુની છે.

બીજી વાત એમ ચાલે છે કે કોલ્હાપુર નરેશે એ તલવાર બાદશાહ એડવર્ડને ભેટ આપેલી ને અત્યારે તે લંડનના બ્રિટિશ મ્યૂઝિયમમાં છે.

પૂનાવાળા ખાનબહાદુર બમનજી પદમજી પાસે જે તલવાર છે તે અસલ ભવાની તલવાર હોવાનું કેટલાક વિદ્વાનો સિદ્ધ કરે છે. સને ૧૯૧૨માં મુંબાઈના ડી. પી. મૂસ નામના શસ્ત્ર-પરીક્ષકને એક તલવાર સાફ કરવા માટે આપી હતી. સાફ કરતાં ધાર પર કોતરાએલા સોનું ભરેલા અક્ષરો અને બીજાં ચિહ્નો સ્પષ્ટ દેખાયાં. ધાર પર દેવનાગરી લિપિમાં 'छत्रपति महाराजा शिवाजी' એમ કોતરેલું છે. અત્યારની મહારાષ્ટ્રની લિપિથી ઘણી રીતે જુદા પડતા આ અક્ષરો ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટવાળા ડૉ. એસ. કે. બેલવેલકરે શિવાજીના સમયના હોવાનું સાબિત કર્યું છે.

એ તલવારની ધારની ડાબી તથા જમણી બાજુએ બીજના ચંદ્ર જેવાં બે સુશોભનો કોતરેલાં છે તે એમ બતાવે છે કે શિવાજીની આણ પૂર્વ તથા પશ્ચિમના સઘળા દેશોમાં હતી. ધાર પર ચંદ્રની વધઘટ પામતી કળા જેવાં કેટલાંક ગોળ તથા અર્ધગોળ વર્તુળો છે. શિવાજીએ રાજા જયસિંહ પર લખેલા એક પત્રમાં આ ચિહ્નો વિષે ઉલ્લેખ છે. શિવાજી લખે છે: 'જો આપને આ પત્રની કંઇ અસર ન થાય તો મારી તલવારથી આપના લશ્કરનો સામનો કરવા હું તૈયાર છું. આવતી કાલે જે ઘડીએ સૂર્ય સંધ્યાનાં ઘેરાં વાદળાંઓમાં સંતાઈ આથમી જશે ત્યારે મારી તલવારનો બીજચંદ્ર ઝળહળી ઊઠશે. ઈશ્વર આપનું કલ્યાણ કરો. અસ્તુ.' શિવાજીએ તલવાર માટે 'બીજચંદ્ર'નું રૂપક બે અર્થમાં યોજેલું. એક તો તલવારની વળાંક લેતી ધાર માટે ને બીજું ધાર પર ચંદ્રાકાર કરેલાં આ સુશોભનો માટે.

આ તલવાર મધરિબ નામના ઊંચા પોલાદની બનાવેલી અને તેગ જાતની છે જેની વચ્ચેના ભાગમાં પહોળા પાનાવાળી ધાર સારી પેઠે વળાંક લે છે. નીચેની અણીથી નવ ઇંચ સુધી આ તલવાર બેધારી છે અને પછી સળંગ એકધારી છે. છેડેથી મૂઠ સુધી માપતાં તેની લંબાઈ બે ફૂટ સાડા ચાર ઈંચ થાય છે અને પહોળાઈ વધારેમાં વધારે ત્રણ ઇંચની છે. મૂઠ પર સોનેરી ફૂલોની સુંદર નકશી કરેલી છે.

---

ઘપુર પાસે આવતાં મૂળ દિશા સાધે છે. નદીસુંદરી વક્રમુખ ફેરવીને જાણે પોતાની જ શોભા જોઇ જોઇ મોહ પામી જતી હોય અને ત્યાંથી વિમુગ્ધ નજરને પાછી ખેંચી શકતી જ ન હોય એમ લાંબે સુધી ચમકતી ઝમકતી ચાલે વાંક વળતી વળતી આગળ વધે છે.

એ વિશાળ વાંકની વિશિષ્ટ શોભા તેના ડુંગર ડુંગર જેવડા ઊંચા કાંઠા છે. વાંક જેમ જેમ આગળ વધે છે તેમતેમ નદીના જમણી બાજુના કાંઠા ઊંચા ને ઊંચા થતા કોટચક્રના પુરાતન મંદિરની આસપાસ સૌથી ઊંચા દેખાય છે. ત્યાંથી આગળ વધી ને વાઘપુર પાસે એ નીચા નમી જાય છે. પોચી ગોરાડ માટીવાળી જમીનને કોતરી કાઢીને નદીએ ઊંચા કોટની દીવાલો ચણી લીધી હોય એવો એથી આભાસ થાય છે. આખું વહેણ એ ઊંચી દીવાલોને ઘસાઇને ચાલે છે અને ડાબી બાજુ રેતીનો મોટો પટ વિસ્તરી રહે છે, જ્યાંથી ઉપરના ભાગમાં ઘણાં ઝાડ અને ઝાંખરાંવાળુ એક જંગલ આવી રહ્યું છે. એ ભાગમાં એક તૂટેલો કુંડ છે જેને 'સૂર્યકુંડ' તરીકે ઓળખા-

વવામાં આવે છે. ચોમેર મોટી ઈંટોના ટુકડા પડેલા છે એથી પુરાતન કાળમાં એ સ્થાન વસતિવાળું હોય એ સંભવિત છે.

વાંકના અર્ધથી યે ઉપરના ભાગે કોટચર્કનું મંદિર બરાબર કિનારાના એક ઊંચા ટેકરા પર જ આવેલું છે. ઉપર જવા માટે એક મોટો ઢોળાવ છે અને તેના ઉપર એક રૂપાળી પગથી છે. ઉપરનું પુરાતન મંદિર તો આજે પડુંપડું સ્થિતિમાં છે, છતાં તેમાં ચણતરની બાંધણી આકર્ષક લાગે છે. પણ પ્રવેશદ્વારની બાજુમાં શિલ્પમૂર્તિ છે એ ખાસ ધ્યાન ખેંચે છે. એક હેતાળ માતા અને બે બાળકોનું એ એક કુટુંબચિત્ર છે. માએ દીકરાને સોડમાં લીધો છે ને બાજુમાં લાડકવાયી પુત્રી ઊભેલી છે. હિંદુ શિલ્પમાં કુટુંબભાવના આલેખનનો એ એક સારો ને વિરલ અવશેષ છે.

ખરી મઝા તો મંદિરના ઘુમ્મટ ઉપરથી અને તેની બાજુની અગાસીમાંથી સાબરને જોવાની છે. આખો વિશાળ વાંક ત્યાંથી આંખમાં આવીને સમાઈ જતો હોય એટલો સ્પષ્ટ અને સુરેખ દેખાય છે. ઝંકાર કરતી કરતી કોઇક સુવર્ણઝાંઝરી પૃથ્વીમાતાના પાયને વીંટળાઈ વળી હોય એવું ઊંચેથી લાગે છે.

પ્રથમ એ સ્થાનેથી મેં સાબરમતીને જોઈ ત્યારે સૂરજ આથમવાની તૈયારીમાં હતો, અને વર્ષાઋતુનાં જળભર્યાં વાદળમાંથી પ્રતિબિંબિત થતી પ્રકાશની આભા નદીનાં પૂરને તપાવેલા સુવર્ણના રસ જેવી લાલચોળ બનાવી રહી હતી. પૂર ઓછાં હતાં એટલે રતૂમડી રેતીનો વર્તુલાકાર વિશાળ પટ ત્રાંબાના એક મોટા થાળ જેવો પથરાઈ રહ્યો હતો અને એ થાળની કોરેકોરે કનકરસ ફરી વળ્યો હોય એવો નદીનો દેખાવ હતો.

તે પછી કોટચર્કના પુરાતન મંદિરની અગાશીમાં ભાદરવી પૂનમની એક આખી રાત મેં ગાળેલી. વર્ષાઋતુ તરતમાં વીતેલી હતી એટલે નદીનાં પાણી આછરી ગએલાં હતાં, છતાં આસો માસની શુભ્ર વિશદતા એને વરેલી ન હતી. પ્રવાહ સામાન્ય કરતાં વધુ પહોળો અને જોરદાર હતો અને એના વળાંકો પર ઠેરઠેર ચંદ્રકિરણો ઝબકારા મારતાં હતાં. સામેનો વિશાળ પટ જાણે પૃથ્વી ઉપર રૂપાની ધાતુનાં પતરાં જડી લીધાં હોય એવો લાગતો હતો અને જંગલનાં ઝાડ પ્રવાસે નીકળેલા પંથીઓ થાકથી ઊભાઊભા જ માથું ઢાળીને ઊંઘી ગએલા હોય તેવાં જણાતાં હતાં.

નદીનો વિશાળ વાંક આ સ્થળેથી અદ્ભુત રમણીય દેખાવ આપે છે. દૂરના ક્ષિતિજ ઉપરથી હમણાં જ ઊતરીને દૂધની એક મોટી સેર દોડી આવતી હોય અને કયાં જવાનું છે તેની ખબર નહિ હોવાથી સીધો રસ્તો મૂકીને વાંકોવાંકો વહેતી હોય એવું જાણે લાગે છે; નિર્જન સ્થાન, સૂતેલી નદી અને શુભ્ર આકાશ એ ત્રણેને વર્તુલમાં વાળી લેતો ચંદ્ર તેના મધ્યબિંદુ જેવો અદ્ધર લટકી રહ્યો હતો.

વહેલી સવારે નીચેના આરે સ્નાન કરતાં ગ્રામજનોના અસ્પષ્ટ અવાજોથી હું જાગી ઊઠયો ત્યારે ચંદ્ર લગભગ આથમવાની તૈયારીમાં હતો. મને વિચાર આવ્યો કે સવારથી સાંજ સુધી સાબરનાં પાણી ખૂંદતા ખૂંદતા રોજ ચાલ્યા જ કરીએ તો કેવી મઝા પડે? સાબર એવી હળવી નદી છે કે એનાં પાણી ખૂંદતાં ખૂંદતાં લાંબે સુધી જવામાં બહુ અડચણ ન પડે. પણ એમ ભટકેલની માફક કેટલો વખત ભમી શકાય? ચટણીરોટલાની તો જોગવાઈ કરવી પડે ને? વળી સાબર જેવાં પથ્ય પાણીવાળી નદીને કિનારે રખડતાં ભૂખ સારી રીતે ઊઘડે એ પણ એક વધુ ઉપાધિ!

ચકલાં ચકચકવા લાગ્યાં અને તડકાની ટશરો ફૂટી એટલે હું નીચે ઊતરીને કિનારા પર ગયો. નદીનો શાંત પ્રવાહ નીરવ વહ્યા કરતો હતો. કિનારા પર નાહીનાહીને ચાલી ગએલાં માણસોનાં પુષ્કળ પગલાં પડેલાં હતાં અને બાજુમા ત્રણચાર બહેનો એમનાં બેડાં સાફ કરતી હતી. એક છોકરો વહેણમાં ઊભો ઊભો પાણી ઉછાળતો હતો અને બે આધેડ વયના માણસો સામે પાર જવા માટે કછોટો બાડતા હતા. થોડી વારમાં પાણી ભરીને પેલી પનિહારીઓ ચાલતી થઈ અને ઢોળાવ પર ધીમેધીમે ચડવા લાગી. બાલરવિના તેજમાં ઝગારા મારતાં તેમનાં બેડાં જોઈને સંસ્કૃત કવિઓએ, સુવર્ણકળશ ધારણ કરીને મદભર ચાલે ચાલતી પનિહારીઓનાં કરેલાં વર્ણનો યાદ આવ્યાં. મને થયું કે સંસ્કૃત કવિઓના સુવર્ણકળશ તે આ ઝગારા મારતાં બેડાંઓ જ હશે; નહિતર હેમની ગાગરો એમ કયાં ઘેરઘેર રેઢી પડી હતી?

નાહી પરવારીને પાછો ફરવાની હું તૈયારી કરતો હતો એટલામાં ગામ ભણીથી ભેંસોનું એક ટોળું આવ્યું અને પ્રવાહમાં પગ દઇને પાણી પીવા લાગ્યું. પાણી પીતાંપીતાં બધી ભેંસો વારાફરતી માથાં ઊંચાં કરીને સામે જોઈ રહેતી હતી અને જાણે વિમાસણમાં પડી જતી હોય એમ ઊંડા શ્વાસ ખેંચતી હતી. આખરે એક પાડીએ પહેલ કરી અને પ્રવાહની અધવચ્ચે જઇ જરા આડાઅવળા ફરીને ઝુકાવ્યું. એની પાછળ ભેંસોએ પણ ઝંપલાવ્યું અને ખાસું એક લંગર નદીની વચમાં થઇ ગયું. સાબરકાંઠાનાં અનેક ગામોના આરે દીઠેલી અસંખ્ય ભેંસોનાં સ્મૃતિચિત્રો મારા મગજમાં એક પછી એક પસાર થઈ ગયાં, અને દિલમાં આપોઆપ ઊગી આવ્યું કે સાબર એ ખરેખર ઉત્તર ગુજરાતની અંબા જ છે. એ માત્ર સૌન્દર્ય-શોભન આરસી નથી, પણ જીવનની ધાત્રી છે; એ ખાલી રસની પ્રતિમા જ નથી પણ માંગલ્યની ભર્ત્રી છે. એ ન હોત તો ગુજરાતનાં ગામડાંઓને આટલાં પથ્ય પાણી કોણ પિવડાવત, અને હાથીનાં બચ્ચાં જેવી આ ભગરી ભેંસોનું શું થાત?

સાબરમતી એ માત્ર સંગમશોભના નદી જ નથી, કેવળ કવિહૃદયની એ કોમળ સહચરી જ નથી; એ તો છે ઉત્તર ગુજરાતની ભેંસોનો ભરવાડ અને પનિહારીઓનું પિયર. જેની કાન્તિમય કાયા જોઇને પગમા જ પડી જવાય, જેની ભવ્યતાથી અંજાઈ જઇને પ્રણિપાત જ કરી રહેવાય એવી એ જાજરમાન જોગમાયા નથી; એ તો, જેના ખોળામાં ખાંતે ખાંતે ખૂંદી શકાય, જેના ખભા પર ચડીને ખેલ કરી શકાય, જેના કાનમાં ફાવે તે કહી શકાય, અને જેનાં વાત્સલ્યને વરતી શકાય એવી વહાલસોયી માતા છે. અરે! માતા શબ્દ પણ એનાં લાઘવને માટે ગુરુવર્ણ છે. એ તો છે માડી—ઉત્તર ગુજરાતના માનવસમાજની માવડી, સાદી સાબર.”

---

અનુસંધાન] **વ્યક્તિવિશેષ** [પૃષ્ઠ ૨૨૩થી

એમની ઉજ્જવળ સમાજસેવાની કદર રૂપે બ્રિટિશ સરકારે એમને 'એમ. બી. ઈ.' અને 'કૈસરે હિંદ'ના ઈલ્કાબથી નવાજેલાં. એમની કુશાગ્ર બુદ્ધિ અને વિદ્વત્તાને લક્ષમાં લઈ કર્વે વિદ્યાપીઠે ડી. લિટ.ના ઉપાધિ પણ આપેલી.

સ્વભાવે શાંત અને ઠાવકાં વિદ્યાબેન ૩૦ વર્ષ સુધી ગુજરાત વિદ્યાસભાના મંત્રીપદે તથા આખર સુધી ગુજરાત સાહિત્યસભાના પ્રમુખ તરીકે રહેલાં. અનેક સંસ્થાઓનાં ક્રિયાશીલ સભ્ય તથા સામાજિક સેવાઓમાં રત રહેવા ઉપરાંત વિદ્યાવ્યાસંગી કુટુંબ પણ એમણે ઉછેર્યું અને ૮૨ વર્ષનું આયુ ભોગવી જીવનસાર્થક્યનો સંતોષ લઈ ઈ.સ. ૧૯૫૮ની ૭મી ડિસેમ્બરે અવસાન પામ્યાં.

એક દરદી (દાકતરને): સાહેબ મને રાત્રે ઊંઘ આવતી નથી. વળી હું એટલો ગરીબ છું કે દવા માટે પૈસા ખર્ચી શકું તેમ નથી. મહેરબાની કરીને કોઈ એવો ઇલાજ બતાવો કે હું સારો થઈ જાઉં અને પૈસા ન ખર્ચવા પડે.

દાકતર (વિચાર કરીને): રાતે પહેરો ભરવાની નોકરી કરો.

# હિતચર્યા ——— ૭] કેશપ્રસાધન

**આ**યુર્વેદ સિવાયના ગ્રંથોમાં પણ કેશપ્રસાધન વિષે અનેક ઉલ્લેખો છે. શરીરને સુશોભિત કરવાની માનવવૃત્તિ એની સામાજિકતાને વ્યંજિત કરે છે. પણ દેહશુદ્ધિ વિના દેહશોભા સંભવે નહિ. એમાં પ્રથમ આવે શિર. કેશપ્રસાધનનો આરોગ્યમય દૃષ્ટિએ વિચાર કરતાં ચરકે

**पौष्टिकं वृष्यमायुष्यं शुचि रूपविराजनम्। केशश्मश्रुनखादीनां कल्पनं संप्रसाधनम्॥**

કેશ, દાઢીમૂછ વગેરે કાપવા અને બરાબર વ્યવસ્થિત કરવા (સંપ્રસાધનમ્) એ પુષ્ટિજનક, વૃષ્ય, આયુષ્યને હિતકારી, પવિત્ર અને સૌંદર્યવર્ધક ગણાવ્યા છે. સુશ્રુતે પણ તેને માટે લઘુતા લાવનાર, હર્ષદાયી અને ઉત્સાહવર્ધક એ ત્રણ ગુણોનો વિશેષ ઉલ્લેખ કર્યો છે.

માથું સ્વચ્છ રાખવા માટે અમુક નિયમિત આંતરે વાળ કપાવતા જ રહેવું જોઇએ. માથામાંથી પણ પ્રસ્વેદ અને ચીકણો મેલ નિયમિત નીકળે છે, એટલે માથા પર જો વાળનાં ઝીંથરાં વધી જાય તો એ મેલ ત્યાં નિયમિત જમા થયા જ કરે. વાળ ઓછા હોય તો જ માથામાં એકત્રિત થએલા મેલને સરળતાથી દૂર કરી શકાય. વળી વાળને કપાવીને ઓછા તથા વ્યવસ્થિત કરવાથી માથું હલકુંફૂલ બની જાય છે. પરિણામે મગજની જ્ઞાનેન્દ્રિયો ચેતનવાળી અને પટુ રહે છે. એથી પ્રસન્નતાનો અનુભવ થાય છે; પ્રસન્નતા તો શરીર અને મન બંનેને અનુકૂલ ભાવ છે. એટલે એની પોષક અસર થાય છે, અને જે શરીરપોષક હોય એ આયુષવર્ધક પણ હોય જ.

પણ કેવળ વાળ કપાવ્યાથી જ લાભ નહિ થાય. વાળને વ્યવસ્થિત રાખવા માટે એનું 'નિત્ય-સ્નેહન' થવું જોઇએ. એ માટે કેશને હિતકર એવાં સુગંધી દ્રવ્યોથી સિદ્ધ કરેલા તેલનો ઉપયોગ પરાપૂર્વથી થતો આવ્યો છે. વળી વાળને કાપીને વ્યવસ્થિત રાખવા એ આયુષ્ય છે, પણ મસ્તક પર તદ્દન વાળ ન હોય તો એ અનાયુષ્ય છે. શિર એ જ્ઞાનતંત્રનું અધિષ્ઠાન છે. એના રક્ષણ માટે વાળનું ઉપર્યુક્ત આચ્છાદન તો શિર પર હોવું જોઇએ. આ બંને દૃષ્ટિએ માથામાં તેલનું સિંચન જરૂરી છે. મહર્ષિ ચરક તેના ફાયદા ગણાવતાં કહે છે કે 'જેનું શિર સ્નેહથી કાયમ આર્દ્ર રહેતું હોય તેને શિરઃશૂલનો રોગ થતો નથી, માથામાં ટાલ પડતી નથી, વાળ ધોળા થતા નથી, વાળ ખરી પડતા નથી, ખોપરીઓનું બળ ખૂબ વધે છે, વાળનાં મૂળ મજબૂત થાય છે, વાળ લાંબા તથા સુંવાળા થાય છે, ઇન્દ્રિયો પ્રસન્ન થાય છે, વદનની ત્વચા સુંદર બને છે, તથા મસ્તક પર તેલનું નિત્ય સેવન કરવાથી નિદ્રાલાભ અને સુખની પ્રાપ્તિ થાય છે.

આયુર્વેદે તેલને પરમ વાતશામક માન્યું છે, કારણ કે તેલ સ્નિગ્ધ, ઉષ્ણ તથા ગુરુ હોઈ રૂક્ષ—શીત અને લઘુ—ગુણવાળા વાયુનો નાશ કરે છે. શૂળ (વેદના)માં સર્વત્ર વાયુ જ કારણભૂત હોય છે. એટલે નિત્ય તૈલસિંચન કરનારને માથાનો દુખાવો થતો નથી. અનિદ્રાના રોગીઓ પણ મોટે ભાગે વાયુના જ રોગીઓ હોય છે. માનસવિકારોમાં પણ આયુર્વેદે વાયુને જ કારણભૂત માન્યો હોઈ અનિદ્રાના રોગીને સૂતાં પહેલાં રોજ ધીમા હાથે માથામાં તેલ ઘસાવવાથી અન્ય કોઈ પણ ઔષધ કરતાં ઉત્તમ લાભ થશે.

તેલને અભાવે વાળ રૂક્ષ થાય છે અને બટકણા થઇ ખરી પડે છે. તેલથી વાળનાં મૂળને સ્નિગ્ધતા અને પોષણ મળતાં હોઇ વાળ લાંબા ને સુંવાળા બને છે અને એનો કુદરતી રંગ ઊડી જતો નથી. અહીં નોંધવું જોઇએ કે પાણીથી પચપચતા વાળ ઉપર સહેજ તેલ ચોપડી દેવું એ યોગ્ય શિરઃસ્નેહન નથી. વાળને બરાબર સૂકવીને આખા માથાને સંપૂર્ણ સ્નેહન મળે એ પ્રમાણે તેલ નાખવું જોઇએ. તૈલસિંચન વાળ સુકાયા પછી જ કરવું જોઇએ. પ્રાચીન કાળમાં તો અગરુના ધૂપથી વાળને સૂકવવાની સુંદર પ્રથા હતી. અગરુ સુગંધિત કાષ્ઠ છે. એનો ધૂપ જંતુનાશક, વાળના દોષોનું અપનયન કરનાર અને કેશ્ય છે. ધૂપ પોતાના સૂક્ષ્મ ગુણને કારણે શિરના સૂક્ષ્મતમ સ્રોતોનું શોધન કરવાનો ગુણ ધરાવે છે. અગરુના ધૂપથી વાળ સૂકવવાની પ્રથા આજે આ દેશમાં ક્યાં ય હોય તો જાણ નથી. સ્ત્રીઓને માટેની એ ઉત્તમ પ્રથા લુપ્ત જ થઈ ગઈ છે.

છેલ્લે, બજારમાં વેચાતાં નાનાવિધ સુગંધી તેલોથી ઉપર્યુક્ત લાભો થશે નહિ, બલકે નુકસાન જ થશે. એ તેલોમાં મોટે ભાગે ખનિજ તેલો વપરાતાં હોય છે, જે માથામાં પચી શકતા નથી, પણ બહારના ભાગમાં જ જામી જાય છે. પરિણામે માથાનો મેલ નીકળવામાં તે ઊલટાં આડરૂપ બને છે. હું તો બજારના કીમતીમાં કીમતી તેલ કરતાં આપણા ગામડિયા ધૂપેલને વધુ મૂલ્યવાન ગણું છું. તલનું તેલ, કોપરેલનું તેલ વગેરેમાં સુગંધી અને કેશ્ય પદાર્થો નાખી ઘેર જ તેલ પાડી લેવું અત્યુત્તમ છે. બહેનોએ તો પોતાના વાળની કિંમત સમજી ઘરના તેલનો જ ઉપયોગ કરવો જોઇએ.

લાભશંકર ઠાકર

૨૧૩ ('કુમાર' અંક ૪૫૦)

### દાંત સ્વચ્છ રાખવા

(૧) ચા-કૉફીનો ઉપયોગ બંધ કરો (૨) પ્રવાહી ખોરાકનો મોહ છોડી દાંતને કસરત મળે તેવો ખોરાક ચાવીને ખાઓ (૩) ભોજન પછી પાણીના કોગળા કરી મોં સાફ કરો (૪) એકબીજાનું એંઠું ખાવાનું કે પીવાનું છોડી દો; હોટેલ કે લૉજમાં શૉખને ખાતર જશો નહિ (૫) ખોરાક પચે તેટલો જ ખાઓ; કબજિયાત કે અજીર્ણ ન થાય તેની કાળજી રાખો (૬) માત્ર સડા વગરના લીલા દાતણથી દાંત બરાબર સાફ કરો. પેસ્ટ કે પાઉડરની જરૂર નથી (૭) બહુ ગરમ ને ગળ્યો ખોરાક દાંતને બગાડે છે. આટલી કાળજી રાખશો તો દાંત મજબૂત રહેશે અને પાયોરીઆનો ડર રહેશે નહિ. (સુશ્રુત)

### દૂધના દુશ્મન

મૂળા, લસણ, સરગવો, ધોળી કે કાળી તુલસીની બધી જ જાત વગેરે ચીજો ખાઇને તેના ઉપર દૂધ પીવાથી કોઢનો ભય રહે છે.

શિયાળામાં દૂધમાં લસણ ઉકાળી પીવાની ફૅશન છે. મારા ઘરમાં ય એક મુશ્કેલી છે! મારા કમ્પાઉન્ડમાં તુલસી વાવ્યાં છે. રોજ ચા કે ઉકાળામાં તુલસી નખાય. હું ધ્યાન ખેંચું તો બધાં વેદિયો કહી મશ્કરી કરે. પણ જ્યારે મારા દીકરાને ચામડી ઉપર કરોળિયા જેવા સાદા ડાઘ નીકળ્યા ત્યારે બધાએ કહ્યું કે હવે આપણે દૂધમાં તુલસી નથી પીવી! જોકે કેવળ હરડેથી જ ડાઘ જતા રહ્યા; પણ ત્યારપછી સૌને શ્રદ્ધા બેઠી કે શાસ્ત્રમાં ગપ્પાં નથી. તુલસીનો ઉપયોગ દૂધ કે ચામાં બહુ પ્રમાણમાં ઇચ્છનીય નથી.

મૂળા, લસણ, સરગવો, તુલસી, ડમરો, ડુંગળી એ બધાંમાં ઊડી જનારાં સુગંધી તેલ છે. આવાં ઊડી જનારાં તેલવાળા પદાર્થો સાથે દૂધ ન લેવાય એમ કહેવાનો મહર્ષિ ચરકનો ભાવ છે. તેથી કોઢ થાય જ એમ નથી, પણ થવાનો સંભવ ખરો. (જનસત્તા)

### ખીલ મટાડો

ચારોળી તો. ૫, કરંજિયાનાં બીજ તો. ૧, હળદર તો. ૧, ખસખસ તો. ૧, ગુલાબનાં ફૂલ તો. ૧, ગુલે અરમાની તો. ૧, રતાંજલી તો. ૧, ચમેલીનાં પાન તો. ૧, સુગંધી વાળો તો. ૧, પીળાં સરસવ તો. ૫. સઘળી વસ્તુને ખાંડી, ભૂકો કરી રાખી, ગાયના દૂધમાં ચટણી જેવું લસોટો અને ચહેરા ઉપર ધીમા હાથે ઘસી કલાક રહેવા દઇને ગરમ પાણીથી ધોઈ નાખો. ચામડીને સુંવાળી બનાવી ડાઘ અને ખીલને નાબૂદ કરવામાં ઉત્તમ કાર્ય કરે છે. ખજવાળ-વવળાટ દૂર થાય છે. કોઈ પણ અંગ ઉપર આ ઉબટન લગાવી શકાય છે.

# ક્વેટાનો ધરતીકંપ

ત્રણ સેકંડમાં ત્રીસ હજાર માનવીઓ જમીનમાં ધરબાઈ ગયા. એમની માલમિલકત, કુટુંબપરિવાર, આશા અને સ્વપ્નાં બધાં સમેટાઇ ગયાં. સંયુક્ત હિંદુસ્તાનના ઉત્તર-પશ્ચિમ વિભાગમાં આવેલું ક્વેટા શહેર ઈ. ૧૯૩૫ના મે મહિનાની ૩૧મી તારીખે રાતના ૩ વાગે અને ત્રણ મિનિટે (૧લી જૂને) ધરતીકંપના આંચકા અનુભવી રહ્યું. મીઠી નીંદમાંથી કોઇ નસીબદાર જાન સલામત રાખી બચી શક્યું.

યુરોપિયન વિસ્તાર ને લશ્કરી છાવણીમાં નુકસાન એટલું ગંભીર ન હતું. ગોરા અને ગુરખા લશ્કરે અદ્‌ભુત કામગીરી બજાવી. હૉસ્પિટલમાં ડૉક્ટરો સતત બે દિવસ વ્હાડકાપ ને સારવાર કરતા રહ્યા. લશ્કરી સરંજામ છૂટે હાથે વહેંચવામાં આવ્યો. સરકારી શિથિલ રીતરસમોને બદલે કટોકટી સમજી લશ્કરી અમલદારોએ વહીવટીદોર હાથમાં લીધો ને સખ્ત હાથે અરાજક તોફાની તત્ત્વોને દાબી દીધાં.

હિંદી વિસ્તારમાં એકે મકાન, મસ્જિદ કે મંદિર સલામત ન હતું. રસ્તાઓમાં ભંગારના ઢગલા ખડકાયા હતા. ધૂળની ડમરી જામી હતી. નાની આગો ફાટી નીકળી હતી. ખરેખર, જાણે શેષનાગે પડખું ફેરવ્યું ને શહેરની વસતિ, મકાન, મિલકત, ધરતીના પેટાળમાં સમાઇ ગયાં.

ક્વેટામાં સૌથી મોટી લશ્કરી છાવણી હતી. રંગીલી રાતોમાં લંડનની મસ્ત મહેફિલ જામતી. શિસ્તબંધ સૈનિકો, ફાંકડા ઘોડેસવારો, ભભકાદાર વસ્ત્રોમાં સજ્જ યુરોપીય સ્ત્રીઓ, રૂપાળાં ભુલકાં, ફૂલ અને ફળના બગીચાઓ, અંગ્રેજી હકૂમતના તુમાખી અમલદારો, દોરદમામ, બ્યૂગલોના અવાજો, મશીનગનની ફૂટતી ધાણી, આવાં વિવિધ પાસાંઓની પહેલ પાડતું ક્વેટા ભારતની સરહદ સાચવતું ટટ્ટાર સીનો તાણી ઊભેલા સૈનિક સમું ખડું હતું. ક્વેટા જમીનદોસ્ત થયું તે ઘડીએ લશ્કરી અમલદારોને દહેશત હતી કે સરહદના ઝનૂની અરાજક કાફલા અને કબીલાવાળાઓ લૂંટ માટે ઊતરી આવે. એક બાજુ રાહત કામ ચાલુ રાખવામાં આવતું અને બીજી બાજુએ પૂરી લશ્કરી તૈયારીઓ ચોવીસે કલાક સજાગપણે રખાતી.

જનરલ કાર્લ્સલેકને પરિસ્થિતિનો ખયાલ અપાતો અહેવાલ રજૂ કરાયો. સેનાપતિનો જવાબ સંભળાયો: 'ત્યારે મામલો ગંભીર છે!'

'વધુ ગંભીર તો એટલા માટે છે કે ક્વેટા શહેરનો બહારની દુનિયા સાથેનો બધો સંપર્ક કપાઈ ગયો છે. જ્યાં સુધી તાર-ટેલીફોન ચાલુ ન થાય ત્યાં સુધી આપણે સદંતર વિખૂટા-અટૂલા પડી ગયા છીએ.'

સિત્તેર હજારની વસતિવાળા શહેરમાંથી ૩૫૦૦૦ કાટમાળ હેઠળ દટાઈ ગયા હતા. પોલીસદળમાંથી ફક્ત ૨૦ આદમી સલામત રહ્યા હતા. પાણી ને વીજળીના પુરવઠાનો પ્રશ્ન એટલો જ ગંભીર હતો.

૨૭ વિમાનોમાંથી ફક્ત ત્રણ ઓછાં નુકસાન પામેલાં હતાં. એક વિમાનીને સીબી મોકલવામાં આવ્યો, જ્યાંથી આ ભયંકર હોનારતનો પહેલો સંદેશો સીમલા ખાતેના લશ્કરી વડા મથકને મોકલાયો:

'ભયંકર ધરતીકંપ. વિમાનીઓ ને જાહેરપ્રજાની ગંભીર જાનહાની. વધારાની નર્સો અને ડૉક્ટરો માટે તારસંદેશો મોકલાયો છે. અમલદારો અને એ. જી. જી. સલામત; પણ તેમના બંગલા તૂટી પડ્યા છે, શહેર આખું નાશ પામ્યું છે. રાહતકાર્ય ચાલુ છે. ઘોડદોડના મેદાન અને રેસિડન્સી ગ્રાઉન્ડ પર તંબૂ નાખ્યા છે. હાલ પુરવઠો સંતોષકારક છે.'

કાટમાળ હેઠળ દટાઇ ગએલાં શબો મારફતે રોગચાળો ફેલાવાની શક્યતા મૂંઝવનારી હતી. લશ્કરી સૈનિકો મારફતે બને તેટલાં શબો શોધી કાઢવામાં આવ્યાં અને તેમને ગાડાં ભરીભરી વગે કરવામાં આવ્યાં. પણ જે ન ખોદી શકાયાં તેનું શું? તે ઉપરાંત લોકોની કરોડોની માલમિલકત દટાએલી પડી હતી.



૩૧મી તારીખના સવારના ૩ ક. ૩ મિ.નો સમય દર્શાવતું તે જ સમયે બંધ પડી ગએલું ઘડિયાળ.

લશ્કરી કાયદો જાહેર કરવામાં આવ્યો. લશ્કરી ખોરાકમાંથી પહેલે દિવસે લગભગ ૩૦,૦૦૦ માણસો માટે સીધું આપવામાં આવ્યું.

ક્વેટા અને અફઘાનિસ્તાનમાં ધરતીકંપની નવાઇ નથી; પણ આટલો ગંભીર પ્રકારનો આ પહેલો જ હતો. ધરતીકંપની આગાહી બે-ત્રણ શખ્સોને થઈ હતી. પણ આટલા પરિણામનો સ્વપ્ને પણ ખયાલ ન હતો. જાત, ધર્મ કે દરજ્જાના પક્ષપાત વિના રાહતકાર્ય શિસ્તબદ્ધ અને લશ્કરી ઢબે થતું હતું. સેનાપતિ કાર્લ્સલેકે હુકમ આપ્યો હતો: 'આ પણ યુદ્ધમોરચો છે. આપણે કેટલી હદે અચૂક ફરજ બજાવીએ છીએ તેના ઉપરથી આપણી કિંમત થશે.'

શહેરની આસપાસ રણગાડીઓ અને ઘોડેસવાર ટુકડીને પાથરી દેવામાં આવી હતી. સહેજ પણ લૂંટની ધાસ્તી જણાય તો સખ્ત હાથે કામ લેવાની સૂચનાઓ આપી દેવામાં આવી હતી. પહેલાં હવામાં ગોળીબાર કર્યા પછી જ નછૂટકે વધુ કડક હાથે કામ લેવાનું હતું.

પ્રાણીઓ અને પક્ષીઓને અગમચેતી થઈ હતી. કેટલાક કિસ્સામાં તેમના પાલકો બચી પણ ગયા હતા. પહેલા દિવસ દરમિયાન બીજા હળવા આંચકા ચાલુ હતા. તેને અંગે કામ અટકાવવું પડતું.

ડૉક્ટરો અને નર્સો વગર અટકયે સેવા આપ્યે જતાં હતાં. આ સેવાકાર્યમાં ખાનગી વ્યક્તિઓએ પણ પોતાનો ફાળો નોંધાવ્યો.

બીજા દિવસથી ફરમાન કાઢવામાં આવ્યું કે કોઈ પણ શખ્સે ચાર દીવાલવાળા મકાનમાં સૂવું નહિ. વધુ આંચકા લાગે તે સામે આ અગમચેતી હતી.

દરજ્જાઓ ભૂલી જઈ બધાએ જ કામ કરવાનું હતું. તેનો એક સરસ દાખલો: ત્યારે પતિયાલાનો પાટવી કુંવર તાલીમ માટે લશ્કરી કૉલેજમાં હતો. તેને નધણીયાતાં ઢોરોને ભેગાં કરી, લશ્કરી ફાર્મમાં

## ચમત્કાર

જાણીતા નૃત્યકલા-વિશારદ અને કલાવિવેચક શ્રી મોહન ખોકરે આજથી એક વરસ અગાઉ નીચેની હકીકત પ્રકટ કરેલી.

૧૯૩૫ની ૩૧મી મેના દિવસે સવારના ૩ ઉપર ૫ મિનિટે કવેટામાં જે પ્રચંડ ધરતીકંપ થએલો તેને પરિણામે એ આખા શહેરનો વિનાશ થઈ ગએલો. ૫૦ હજાર ઉપરાંત શહેરીઓ મરણ પામ્યા હતા.

સૌથી વધુ નુકસાન બાબુ મહોલ્લા નામે ઓળખાતા લત્તામાં થયેલું. આશરે ૪૦ એકર જેટલા વિસ્તારના આ આખા મહોલ્લામાં એકેએક ઘર જમીનદોસ્ત થઈ ગયું હતું. ફક્ત જે ઘરમાં હું રહેતો હતો તે એક ઘર બચી ગએલું. તે ધ્રૂજી ઊઠયું ખરું, પણ પડયું નહોતું; એક ચિરાડ સરખી પણ એમાં પડી નહોતી! ને મારા કુટુંબનાં અમે નવે નવ માણસો એ આપત્તિમાંથી સહીસલામત ઊગરી ગયા. આવડા મોટા કુટુંબનાં સઘળાં માણસો એ ધરતીકંપમાં સહીસલામત રહી ગયાંનો દાખલો એ એક જ હતો.

એ ચમત્કાર શી રીતે બનેલો તે કહું. ધરતીકંપ થયો તે અગાઉ આઠેક વરસ ઉપર મારા પિતા બહુ માંદા પડી ગએલા અને ડૉકટરોએ તેમના જીવનની આશા મૂકી દીધી હતી. એ અરસામાં મારી માને કાને એવી વાત આવી કે શહેરની બહાર આવેલા મરદાર પર્વતની એક ગુફામાં ચમનશાહ નામનો એક ફકીર વસે છે તેનામાં કોઈ દૈવી શક્તિઓ છે. મારા પિતાની જિન્દગી બચવાની આશા નહિવત્ હતી એટલે એક આખરના ઇલાજ તરીકે માએ એ ફકીરનો આશરો લેવાનો વિચાર કર્યો. એ એકલી ચમનશાહ પાસે પહોંચી અને તેને અમારે ત્યાં આવવાની વિનતિ કરી. ફકીર આવ્યો. તેણે મારા પિતાને જોયા ને તેની સમક્ષ કેંક કલમા પઢયા. થોડા જ કલાકમાં મારા પિતા સંપૂર્ણ સાજા થઇ ગયા અને તે દિવસથી આજ લગી ફરી કદી માંદા પડયા નથી!

તે પછી એક અઠવાડિયું રહીને ફકીર ફરીથી અમારે ઘરે આવ્યો, કોઈના બોલાવ્યા વગર. એણે કહ્યું કે મારી માની ભક્તિ જોઇને તેના ઉપર ઘણી ઊંડી છાપ પડી હતી. જે ગુફામાં પોતે રહેતો હતો ત્યાં પહોંચવામાં ઘણી મુશ્કેલી પડે તેવું હોવાથી જવલ્લે જ કોઈ માણસ ત્યાં જતું. પણ મારી મા એ મુશ્કેલીઓ વટાવીને પણ ત્યાં પહોંચેલાં તેથી ફકીરે તેને પોતાની દીકરી ગણી લેવાનું નક્કી કર્યું હતું. આટલું કહીને ફકીર ઊઠયો અને પોતાની જેબમાંથી તેણે ચાર લાંબા લોખંડના ખીલા બહાર કાઢયા. એ ચારે ખીલા તેણે અમારા ઘરના ચાર ખૂણાઓ પાસે જમીનમાં ખોડી દીધા અને પછી અમને કહ્યું કે: 'હવે તમારું આ ઘર ગમે તેવા તોફાન કે ધરતીકંપમાં પણ અડગ ઊભું રહેશે અને તેમાં વસનારાં માણસોને ઊની આંચ પણ નહિ આવે!'

(નવચેતન) –રામુ ઠક્કર

---

એકઠાં કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું અને તેણે તે આનંદથી કર્યું.

બે દિવસ સુધી ભંગારમાં સપડાયા પછી પણ જીવતા નીકળવાના દાખલાઓ નોંધાયા હતા. નવા આગંતુકોને રેલ કે કોઈ પણ માર્ગે આ વિસ્તારમાં દાખલ કરવા દેવામાં નો'તા આવતા. જેમને જવું હોય તેમને વગર ભાડે રેલવે ટિકિટની સગવડ લશ્કરી તંત્ર મારફતે કરાતી. ડૉકટરે એક દિવસમાં ૧૫૭ ઑપરેશન કર્યાંનો વિક્રમ નોંધાયો હતો.

હોનારતના સંદેશા બહારની દુનિયામાં પહોંચ્યા પછી તો ઝડપથી રાહત મોકલવામાં આવી. આખી લશ્કરી ટ્રેઇન ડૉકટરો અને નર્સો તેમજ ડાક્ટરી સાધનો સાથે આવી પહોંચી. ૨૫ વિમાનો મારફતે સરંજામ આવ્યો. વાઈસરૉયનું પોતાનું વિમાન પણ પુરવઠા સાથે મોકલવામાં આવ્યું. લશ્કરી ઑસ્પિટલમાં લગભગ ૨૫,૦૦૦ જેટલા

૨૧૩/૭ ('કુમાર' અંક ૪૫૦)

શખ્સોની સારવાર કરવામાં આવી હતી. લગભગ ૨૦,૦૦૦ જેટલા નિરાશ્રિતોને કવેટામાંથી ખસેડવામાં આવ્યા હતા.

ધરતીકંપનો આ વિસ્તાર ૪૦ માઈલ જેટલો હતો. ચોરી અને લૂંટના બનાવો નોંધાયા તો હતા, પણ તેમાં ખૂબ સખ્ત હાથે કામ લેવામાં આવ્યું હતું. ધરતીકંપના વિસ્તારની આસપાસ કાંટાળા તારની વાડ બાંધી દેવામાં આવી હતી. છતાં પાસેની ટેકરીઓ ઉપર રઝળુ પઠાણોનાં ઝુંડના ઝુંડ ભેગા થએલાં જોવામાં આવતાં હતાં. તેની સામે અસરકારક પગલાં લેવામાં આવ્યાં. તેમને ચેતવણી આપવામાં આવી કે અમુક કલાકમાં જો તેઓ શહેરનો વિસ્તાર છોડી નહિ જાય તો... આ ચેતવણીની ધારી અસર થઇ અને કવેટાને લૂંટવાનો વિચાર આ ઝનૂની ટોળીવાળાઓએ પડતો મૂકયો. શહેર ઉપર ચૂનો પાથરી દઇને બાળી દેવાની ને બીજી રીતે તેનો સમગ્ર નાશ કરવાની દરખાસ્તોનો લેફ્૦ કર્નલ પારસન્સ ખુન્ચે પૂરો વિરોધ કર્યો. તેણે એક જ લાક્ષણિક સવાલ પૂછયો: 'જો કવેટા બર્મિંગહામ હોત, તો તમે બધા આવી રીતે વાતો કરત ખરા કે?' અને આ સૂચના માત્રથી વાઈસરૉય તેમજ અન્ય ઉચ્ચ અફસરોની વલણ ઉપર ભારે અસર થઈ.

આખરે શહેરને વિભાગવાર ફરી બાંધવાનો નિર્ણય વાઈસરૉયે જાહેર કર્યો અને તે માટે યોગ્ય પગલાં તરત જ લેવામાં આવ્યાં.

સરકારી અંદાજ મુજબ કવેટા ફરી બાંધવા માટે ૧૩ મહિના લાગત, પણ ખાનગી સંસ્થાઓની મદદથી આ કાર્ય છ મહિનામાં પૂરું થયું. રૂ. ૮૫,૫૭,૯૬૪ રૂપિયાની કિંમતની મિલકતો તેના માલિકોને પાછી સોંપવામાં આવી. વાઈસરૉયના ધરતીકંપ-ફાળાનો આંકડો રૂા. ૫૪,૦૦,૦૦૦ ઉપર પહોંચ્યો હતો. —રમેશ સૂરજલાલ

## ગણિત-ગમ્મત

૧૬૭૨ની વિચિત્રતા.

૧૦૦૦ના ગમે તેવા બે ભાગ પાડવા—મતલબ કે તે બે સંખ્યાનો સરવાળો ૧૦૦૦ થવો જોઇએ. એ પ્રમાણે ૧૦૦૦ના બે ભાગ ૧૬૭૨ની આજુબાજુ (બંને બાજુએ) મૂકવાથી જે સંખ્યા બને તે બધી જ ૨૩૯ વડે વિભાજ્ય હોય છે. ૧૦૦૦ના બે ભાગો પૈકી જો એક ભાગ ત્રણ એકી સંખ્યામાં ન હોય અને તેને જો ૧૬૭૨ની જમણી બાજુએ મૂકવામાં ઉપયોગમાં લેવો હોય તો તે ભાગની ડાબી બાજુએ ખૂટતાં ૦ મીંડાં મૂકીને ત્રણ અંકી સંખ્યા બનાવીને ઉપયોગમાં લેવો. જો તે ભાગ ૧૬૭૨ની ડાબી બાજુએ મૂકવો હોય તો ખૂટતાં મીંડાં મૂકી ત્રણ અંકી સંખ્યા બનાવવાની કાંઇજ જરૂર નથી. દા.ત. ૧૦૦૦ના બે ભાગ ૯૯૧ અને ૯ લઇએ તો, અને ૯ને ૧૬૭૨ની જમણી બાજુએ મૂકવા હોય તો ૦૦૯ એ પ્રમાણે મૂકવા અને જો ૧૬૭૨ની ડાબી બાજુએ મૂકવા હોય તો ફક્ત '૯' જ મૂકવા.

૧૦૦૦=૯૯૧+૯=૫૨૫+૪૭૫=૩૨૯+૬૭૧=૨૪૭+૭૫૩=......

એમ જેટલા પ્રકારે બને તેટલા બધા પ્રકારે બનતા બબ્બે ભાગો લઈ શકાય અને તેથી બનતી ઉપર મુજબની તમામ જુદીજુદી સંખ્યાઓ ૨૩૯ વડે વિભાજ્ય હોઈ શકે. દા.ત.

૯૯૧૧૬૭૨૦૦૯; ૯૧૬૭૨૯૯૧;
૩૨૯૧૬૭૨૬૭૧; ૬૭૧૧૬૭૨૩૨૯
૨૪૭૧૬૭૨૭૫૩; ૭૫૩૧૬૭૨૨૪૭
૫૨૫૧૬૭૨૪૭૫; ૪૭૫૧૬૭૨૫૨૫
૯૮૭૧૬૭૨૦૧૩; ૧૩૧૬૭૨૯૮૭

આ બધી જ સંખ્યાઓ ૨૩૯ વડે વિભાજ્ય છે, એટલે કે એ સર્વ સંખ્યાઓને ૨૩૯ વડે નિ:શેષ ભાગી શકાય છે. ૨૩૯ એ અવિભાજ્ય સંખ્યા છે એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે. એમ. એન. ખત્રી

# કંકાવટી

પુરુષ જનમંડળનું બલ છે, પણ સ્ત્રી તો તેનું લાવણ્ય, આભૂષણ તથા સુખ છે. સ્ત્રીઓની બુદ્ધિ પણ પ્રેમ દ્વારા જ બહાર પડે છે...પુરુષનું સ્મરણ માનપૂર્વક થયા કરે છે, જ્યારે સ્ત્રીના ઉપર અભિન્ન પ્રેમભાવથી લીનતા થાય છે. પુરુષ આપણને જે વાતની માત્ર શ્રદ્ધા કરાવી શકે છે તે વાત ઉપર સ્ત્રી તો આપણો પ્રેમ બેસાડી આપે છે. આમ સ્ત્રી દ્વારા જ આપણે ચારિત્ર્યના સ્વરૂપને પામીએ છીએ.

—મણિલાલ નભુભાઇ

## ગણિતી પ્રતિભા

**આ** પણા દેશમાં જે અનેક ગણિતી પ્રતિભાઓ પાકી છે તેમાં બૅંગલોરની શકુન્તલાદેવીનું નામ પણ મોખરે છે. એની એ પ્રતિભા દ્વારા એણે દુનિયાની સામાન્ય પ્રજાને તો ઠીક પણ ડયૂક યુનિવર્સિટીના અતીન્દ્રિયજ્ઞાન (એક્સ્ટ્રાસેન્સરી પર્સેપ્શન) પર પ્રયોગો કરી રહેલા ડૉ. રાઈન જેવાને પણ દંગ કરી દીધેલા.

દક્ષિણ ભારતીય એક બ્રાહ્મણ કુટુંબમાં એનો જન્મ થયો. બચપણથી જ ગણિતમાં બહુ હોશિયાર, તેને વડિલો તરફથી પણ સારું પ્રોત્સાહન મળતાં સતત અભ્યાસથી તેની આ પ્રતિભા એટલી તો વિકાસ પામી કે નાની ઉંમરથી તેણે જાહેરમાં પ્રયોગો કરવા માંડેલા.

અભ્યાસ અર્થે એ લંડન ગઈ ત્યારે ત્યાં પણ એની આ પ્રતિભાનો નહિ ધારેલો એવો પુરસ્કાર થયો; એટલે એથી પ્રોત્સાહિત થઈ એ યુરોપના લાંબા પ્રવાસે નીકળી અને ત્યાંથી અમેરિકા, હવાઇ, હોનોલુલુ, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ, ઇન્ડોનેશિયા વગેરે મુલકોની મુલાકાત તેણે લીધી. અમેરિકન છાપાંઓએ તો એને 'માસ્ટર ઑાવ ધ આર્મ-લૉંગ નમ્બર્સ'ની ઉપાધિથી નવાજેલી. કશી ચૂક વિના કે મુદ્દલ ક્ષોભ વગર દસદસ આંકડાઓની સંખ્યાના એણે ચતુર્થ, પંચમ ને ષષ્ઠ મૂળ કાઢી આપેલાં. ઓગણચાલીસ આંકડાનો જવાબ આવે એવા મોટા ગુણાકાર તો એણે નિમિષ માત્રમાં કરી આપેલા. ઘણી વાર તો રકમનો છેલ્લો આંકડો બોલાવા સાથે જ તે તેનો જવાબ પણ આપી દેતી! 'દક્ષિણ ભારતના અજબ પુત્ર' તરીકે ઓળખાએલા અનન્ય ગણિતજ્ઞ સ્વ. રામાનુજન્ સાથે તો નહિ પણ શ્રી રમેશચંદ્ર બોઝ, ડૉ. શાહ, શ્રી મન્મથનાથ ભટ્ટાચાર્ય વગેરે જેવા પ્રખર ગણિતજ્ઞો સાથે તેને સરખાવી શકાય.




લાંબા સમય સુધી એમની આ શક્તિનો ઉપયોગ ન કરાય તો તે કટાઈ જવાનો કે કુંઠિત બની જવાનો સંભવ ખરો કે નહિ? શકુન્તલાદેવી એનો જવાબ નકારમાં આપતાં જણાવે છે કે, 'ઊલટું જાહેર પ્રયોગો પછી કેટલાક સમય માટે આરામ લેવો જ પડે છે, શરીરની માફક મગજને પણ થાક તો લાગે જ.'

આ બધું એ કેમ કરી શકે છે, એ સવાલનો એનો જવાબ એવો છે કે, 'મને પોતાને પણ એ ખરેખર માલૂમ નથી. મારી સામે મુકાએલી રકમ સિવાય હું બીજું બધું ભૂલી જાઉં છું. ત્યાર પછીનું મારું મનશ્ચિત્ર કેવળ દાખલાના જવાબનું છે. એ બંને મનઃસ્થિતિ વચ્ચેની પ્રક્રિયાનો મને કશો ખયાલ નથી. ખાવાપીવા કે હરવાફરવા જેટલું જ મને એ સ્વાભાવિક લાગે છે. એના રહસ્યમાં ઊતરતાં હું પોતે જ અટવાઈ જતી હોઇને એનો કશો બુદ્ધિગ્રાહ્ય ખુલાસો હું આપી શકતી નથી.'

## કોકણી વડાં

એક શેર ચોખાને ધોઈ, સૂકવી નાખી બારીક દળો. એ લોટમાં દોઢ પાશેર ઘઉંનો લોટ ભેળવો. ચૂલા ઉપર ત્રણેક શેર પાણી મૂકી તેમાં એક તોલો મીઠું નાખી, તે પાણી ઊકળે એટલે ઉતારીને તે વડે આ લોટને જરા નરમ બાંધો. પછી તે કણેક એક તપેલામાં મૂકી, વચ્ચોવચ્ચ આંગળીથી ખાડો કરી, એ ખાડામાં એક અંગારો મૂકી, એક નાની પળી તેલથી એ અંગારો હોલવી નાખો, ને તરત એ તપેલા ઉપર એક થાળી ઢાંકી દઇ ૧૮ કલાક જરા ઉષ્ણ હવા જગામાં રહેવા દો. (ઉનાળામાં બાર કલાક રાખવું) પછી કણેક કાઢીને જોવી અને ખમીર ફૂલવા આવ્યું હોય તો ચૂલા ઉપર કડાઇમાં ઘી મૂકી, એ કણેકમાંથી મોટા લીંબુ જેવડા લૂવા કરી, હથેલી જેવડો કપડાનો કકડો પાણીમાં પલાળી હથેલી ઉપર પહોળો કરીને તેના ઉપર લૂવો મૂકી, પૂરી જેવો ગોળ થાપવો, ને વચ્ચોવચ્ચ આંગળીથી કાણું કરવું. પછી ધીમા હાથે તળવાં કણેક જેમ નરમ તેમ વડાં નરમ થાય છે. રસાદાર તીખા શાક સાથે ખાતાં બહુ સ્વાદ આવે છે.—બી. કે. ઠાકુર (સૂરત)



સ્ત્રીઓની ચોળીમાં છેલ્લા ચાર-પાંચ દાયકામાં જે ફેરફાર થતા રહ્યા એ જોતાં જણાશે કે ઘડિયાળનો કાંટો હતો ત્યાં જ આવી રહ્યો છે! અગાઉના હાથવણાટના મોળિયા વાળા ખંડના કમખા (૧), આગળ નાકાં ને બોરિયાવાળી કે માત્ર ગાંઠ જ બાંધીને પહેરાતી ચોળી (૨), અને લગભગ આખો વાંસો ઉઘાડો રહે તેમ માત્ર કસ બાંધેલા કમખા (૩). પછી પરદેશી ભાતીગળ કાપડ આવવા સાથે આકાર પણ ફેરવાયો. ત્યારની ઝાલરવાળી ફુલકાબાંહ્ય ફૅશનમાં ગણાતી (૪). પછી આવ્યાં મેગિયા બ્લાઉઝ (૫). એમાં બાંહ્ય છૂટી નહિ પણ સીધી કાપડમાંથી કોઠા સાથે જ વેતરાતી. તે પછી પફબાંહ્ય કે ફુગ્ગાબાંહ્ય આવી (૬). પછી જંપર આવ્યાં : ઝબલાં જેવાં એ પોલકાં (૭). કમર નીચે પણ એકાદ વેંત લાંબાં લટકતાં. ગળાનો કાપ પણ ચોરસ કે 'વી' ઘાટનો. તે પછી તો બાંહ્ય જ નીકળી ગઈ (૮). એની સાથે બૅાબ્ડવાળની ફૅશન પણ ચાલેલી. પણ ફરી બાંહ્ય આવી—અરધી પણ નહિ, આખી. ગળું પણ બંધ (૯), ને કાપડમાં ખાદી. તે પછી 'ફૅશન'નો પ્રવાહ મૂળ દિશા તરફ ઢળતો થયો. ટૂંકા કોઠાનો ને કોણી જેટલી લાંબી બાંહ્યનો ચાલ ફરી શરૂ થયો (૧૦). ફરી કમખો (૧૧) અને પીઠ પર કસવાળી ચોળી (૧૨) 'ફૅશન' તરીકે પ્રસરતી થઈ ગઈ.

(વિનોદિની નીલકંઠના નિરૂપણને આધારે)

## વાળની માવજત

(૧) ઘણી બહેનોના વાળ ઊતરે છે. તે માટે ૧૦ તોલા પાણીમાં ૨ તોલા કળીચૂનો નાખી ઓગાળવો. ચૂનો નીચે બેસી જાય ત્યારે ઉપરનું આછરેલું પાણી કાઢી લઈ ૧૦ તોલા શુદ્ધ કોપરેલમાં નાખી ખૂબ જ ફીણવું. તેથી સફેદ ક્રીમ બનશે. તે માથા પર ઘસીને લગાડવું.

(૨) આંબળાં, શીકાકઈ, નારંગીનાં છોડાં, લીંબુનાં છોડાં તથા લીંબોળી સરખા વજને લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ બનાવવું. ગરમ પાણીમાં જોઇતું ચૂર્ણ નાખી તે પાણી ગાળી લઈ ઠંડું પડવા દઇ તેનાથી માથું ચોળવું. એનાથી વાળ છૂટા, કાળા અને લાંબા થશે તથા ખોડો દૂર થશે.

(૩) લીંબુની ફાડ લઈ વાળની જડમાં ઘસવી. આથી પણ ખરતા વાળ અટકે છે.

(૪) માથામાં ઑલિવ ઑઈલ લગાડવાથી પણ વાળ કાળા અને લાંબા થઇ શકે છે.

(૫) કોપરેલમાં મેંદીનાં પાન નાખી ઉકાળી તે તેલ રોજ માથે માલિશ કરવાથી વાળ લાંબા તથા કાળા થાય છે.

(૬) વાળને ધોવામાં ખાસ કરીને છાશનો ઉપયોગ કરવો.

(૭) વાળની જડોમાં તેલ સારી રીતે ઘસવું. આયુર્વેદની પ્રખ્યાત બનાવટ ભૃંગરાજ તેલના ઉપયોગથી વાળમાં સારો સુધારો થાય છે.

(ધરોડા) —ઉર્મિલાબહેન હરિલાલ મહેતા



રવીન્દ્રનાથ ઠાકુર અને મોતીલાલ નેહરુના આ શતાબ્દીવર્ષમાં ઈન્ડિયન ઑક્સિજન કંપનીએ કાઢેલા કૅલૅન્ડરના અગ્રપૃષ્ઠ પર છાપેલી આકૃતિ પરથી રચાએલી આ રચનામાં શંખનું મંગલ પ્રતીક હોઈ રંગોળી માટે આ ભારચક્ર ડિઝાઈન ઉપયોગી નીવડે એવી છે.

ઝાંખાં પડી ગએલાં ચાંદીનાં વાસણો એમોનિયા નાખેલા ગરમ પાણીમાં બોળીને કાઢી લઈ તેને સાફ કરી પૉલિશ કરી દેવાથી નવા જેવી જ ચમક આવી જશે. (લગભગ રાશેર પાણીમાં એક ચમચી ઍમોનિયા લેવું.)

૨૯૫ ('કુમાર' અંક ૪૫૦).



## ટમાટાં વાવવાની ઋતુ

જૂનની અધવચથી છેક નવેમ્બરની અધવચનો ગાળો ટમાટાં વાવવાને અનુકૂળ સમય છે. અગાઉના અંકોમાં બતાવી ગયા મુજબનું ખોખું તથા તેમાંની માટી તૈયાર કરી સામાન્ય માણસ પણ ઘરઆંગણે તે વાવી શકે.

એક નાના કૂંડા કે મટકામાં બી વાવી, તેનાં ધરુ કરી (રોપા ઉછેરી) એ રોપાની પછી ખોખામાં ફેર-રોપણી (અગાઉ બતાવ્યા મુજબ) કરવી. છોડવાઓ વચ્ચે ૨ા ફૂટનો ગાળો અને હરોળમાં ૨ ફૂટનો ગાળો રાખવો. આ રીતે ૭ા ફૂટ લાંબા, ૫ ફૂટ પહોળા અને ૬ ફૂટ ઊંડા ખોખામાં ૬ છોડવા ઉગાડી શકાય.


સલ્ફેટ ઑવ ઍમોનિયા, સલ્ફેટ ઑવ પોટાશ ને સુપરફૉસ્ફેટનું ખાતર, અનુક્રમે ૨:૧:૧ના પ્રમાણમાં મિશ્રણ કરી, માટીના થોડાક ઇંચની ઊંડાઈએ ભેળવી દેવું. એક ચોરસ વાર દીઠ ૪ ઔંસ ખાતર બસ થશે.

પાણી અઠવાડિયે એક વખત આપવું. તે માટે ઝારીનો ઉપયોગ કરવો. ટમાટાં વધારે પડતું પાણી સહન કરી શકતાં નથી. માત્ર એની માટી ભીની રહેવી જોઈએ.

છોડ એક ફૂટ જેટલા ઊંચા થાય એટલે તેમને કામડીના ટેકા આપવા જોઇએ. સુકારા વગેરે જેવા રોગ માટે કાળજી રાખવી. સપ્ટેમ્બરથી એપ્રિલની અધવચ સુધીમાં પુષ્કળ પ્રમાણમાં ટમાટાં થાય છે. (ખેડૂતબંધુ)

**ખરો મુત્સદ્દી એ, જે પત્નીને એમ સમજાવી શકે કે જે દાગીના અથવા સાડી તે ખરીદવા માગે છે તે તેના સૌંદર્યને બગાડી નાખશે!**

## ભરતકામનાં વૈવિધ્ય : ગાજનો ટાંકો



આ જ વિભાગમાં અગાઉ (અંક ૪૪૧માં) ભરતકામના કેટલાક પ્રાથમિક ટાંકાઓ આપ્યા હતા. એ જ ટાંકાઓને વિવિધ રીતે યોજી તેમાંથી અનેક અવનવી ખૂબીઓ ઉપજાવી શકાય. દાખલા તરીકે તદ્દન સાદો ગાજનો ટાંકો કાપડની કિનારી બાંધવા માટે પણ ઉત્તમ છે. તેની આ વિશિષ્ટતાને જુદીજુદી રીતે પ્રયોજીને કેવી અવનવી રમત થઈ શકે તેના કેટલાક ઉદાહરણ રૂપ ટાંકા અહીં આપ્યા છે. એ બધાના મૂળમાં તો ગાજનો ટાંકો જ છે. સાથેનાં ઉદાહરણોમાં પહેલી બે આકૃતિઓ તો સરળતાથી સમજાય તેવી છે. આ જ ટાંકાને ગોળાકારે લઇને કે નાનામોટા ટાંકાને એ જ રીતે યોજીને નાનીનાની બુટ્ટીઓ બનાવી શકાય. (આકૃતિ ૩–૪) કિનારી બાંધતી વખતે (આકૃતિ ૫) સીધો જ ગાજનો ટાંકો ન લેતાં સોય ફરતો બેવડો ગાળો નાખી કાંગરી પર ઝીણીઝીણી કરકરી ઉપજાવી શકાય. એની નીચે (આકૃતિ ૬માં) સાદા ગાજના જ નાનામોટા ટાંકા લઇને, અને દોરો કાપ્યા વિના એવી જ રીતે તેની નીચે બીજી હાર કરીને મોટી, પાંખડી જેવો જે આકાર ઉપજાવ્યો છે તેને મોટા ફૂલગોટામાં યોજી શકાય. તેની નીચેની સાતમી આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે આંતરે-આંતરે ગાંઠ જેવા ઝીણા ગાળિયા આવતા જાય એવી રચના છે. તેમાં યે છે તો ગાજનો જ ટાંકો; પણ ગાળિયો કરવા માટે સોય ફરતા દોરાના વધુ આંટા લેવાના એટલું વધારામાં. છેલ્લે ગાજના જ સાદા ટાંકાને નાનો મોટો કરી ઉપજાવેલી કિનારીને યોગ્ય ભાત તો બહુ સરળતાથી સમજાય એવી છે. વાચકો પણ આ જ પ્રકારની બીજી યુક્તિઓ મોકલી શકે.

## શબ્દકથા : ઓલવવું—હોલવવું

આગ, સ્ટવ કે દીવો ઓલવાય. 'ઓલવવું' એટલે 'બુઝાવવું'. આ અર્થમાં 'ઠારવું' પણ વપરાય છે: આગ ઠારી, સ્ટવ ઠાર્યો, દીવો ઠાર્યો. પણ 'ઠારવું' એટલે મૂળમાં તો 'ઠંડુ કરવું'. ઓલવાએલી વસ્તુ ગરમને બદલે ઠંડી થાય તેથી 'ઠરી ગઇ' કહેવાતું થયું. 'ચૂલો ઓલવ્યો' એટલે 'ચૂલો ઠાર્યો', 'ચૂલો ટાઢો કર્યો'. 'ઓલવવું'નો મૂળ અર્થ પણ 'ઠંડુ કરવું', 'ભીનું કરવું' એવો છે. પ્રાકૃતમાં પણ उल्हव, उल्लव 'બુઝાવવું' એ જ અર્થમાં છે, પણ તેના મૂળમાં છે પ્રાકૃત उल्ल 'ભીનું'. આથી उल्लव, उल्हवनो યૌગિક અર્થ છે 'ભીનું કરવું' 'પાણીવાળું કરવું', 'પાણી રેડી શાંત કરવું'. પછીથી તે માત્ર આગ વગેરે ઠારવા માટે વપરાતો થયો.

પ્રાકૃત उल्ल તેના મૂળની દૃષ્ટિએ સંસ્કૃત उदक 'પાણી' અને समुद्र (=सम्+उद्र) સાથે સંકળાએલો છે. ક્યાં 'સમુદ્ર' ને ક્યાં 'ઓલવવું' કે 'હોલવવું'? બંને વચ્ચે શબ્દ લેખે કશો સંબંધ હોવાની કલ્પના પણ ન આવે. બંનેને પાણી સાથે સંબંધ છે, એ સમાનતા ખાસ પ્રયત્ન કરીએ તો જ નજરમાં આવે. અને મૂળમાં 'ઓલવવું' ભલે પાણી સાથે સંકળાએલું હોય; અત્યારે તો આપણે વગર પાણીએ, ફૂંકથી પણ—અરે, ચાંપ બંધ કરીને પણ ઓલવી શકીએ છીએ!

ગુજરાતીને मद्र પરથી 'મહાલવું' મળ્યો, (જુઓ અંક ૪૪૯ની 'શબ્દકથા') ને उद्र પરથી 'ઓલવવું'.

—હરિવલ્લભ ભાયાણી

# સાહિત્યસંપર્ક

### ઉમાશંકર જોષીનાં પુસ્તકો

**વિસામો:** ગુજરાતના અગ્રણી કવિ તથા સાહિત્યકારની રસમય શૈલીમાં લખાએલી બાવીસ વાર્તાઓના આ સંગ્રહમાં 'શ્રાવણી મેળા' પછીના બે વાર્તાસંગ્રહો રદ કરીને તેમાંની તથા તે પછીની નવી વાર્તાઓ ગ્રંથસ્થ કરી છે. કૉલેજનાં આધુનિક યુવક-યુવતીથી માંડીને ભૂતપ્રેતમાં ઓતપ્રોત એવા ગ્રામસમાજ સુધીના વિસ્તૃત ફલકમાંથી ઉપસાવેલાં વિવિધ પાત્રોનું એમાં પારદર્શી આલેખન છે. લેખકે ભલે પોતાની ઉચ્ચતર ગંભીર લેખનપ્રવૃત્તિમાંથી વિસામો મેળવવા આ લખી હશે, પણ સ્થિર ને વિવેકી વિકાસ ધરાવતી આ વાર્તાઓમાં વાતાવરણની જમાવટ અને સૂક્ષ્મ ભાત્રોનો ઝીણો કસબ એવો છે કે વાર્તાના અંત સુધી વાચકને તો વિસામો લેવાનું મન નથી થવા દેતી બે 'બહેનો' જેવી કેટલીક વાર્તાઓમાં કલમના હળવા સ્પર્શથી લેખક માનવમનને ઓળખવાની સારી તક આપે છે.

**શૈલી અને સ્વરૂપ:** કોઇ પણ પ્રદેશના સાહિત્યને એનું વિશિષ્ટ સ્વરૂપ અને શૈલી હોય છે. પણ આ સ્વરૂપ શું? શૈલી શું? એનો તલસ્પર્શી અભ્યાસ કરવો હોય તો 'શૈલી અને સ્વરૂપ' ઘણું ઉપયોગી થાય એમ છે. પૂર્વ ને પશ્ચિમની કાવ્યશાસ્ત્રધારા તેમજ શૈલીનો તુલનાત્મક પરિચય પણ આ પુસ્તકમાં સાંપડે છે.

સાહિત્યનાં વિવિધ સ્વરૂપો—જેવાં કે નિબંધ, એકાંકી, નાટ્ય, ટૂંકી વાર્તા, વિવેચન, લોકસાહિત્ય વગેરેની માહિતીપૂર્ણ છણાવટ માર્મિકરીતે કરવા ઉપરાંત કાવ્યપ્રકારોની વિસ્તૃત વિવેચના લેખકે આમાં રસપૂર્વક કરી છે. પદ, લઘુકાવ્યો, મુક્તક, સૉનેટ અર્વાચીન ઊર્મિકાવ્ય વગેરેનો એમાં સમાવેશ થાય છે, જેમાં આજની તથા આવતી કાલની કવિતા વિષેનાં એમનાં મંતવ્યો ધ્યાન ખેંચે એવાં છે.

**નિરીક્ષા:** એક ઉચ્ચ કોટિના બંગાળી સામયિકની યાદ આપતા મધુર નામધારી આ લેખસંગ્રહમાં સીધી સાહિત્યચર્ચા નથી પરંતુ કેટલીક ગદ્ય તેમજ પદ્ય કૃતિઓ અથવા એના સર્જકોનાં (મોટે ભાગે ગ્રંથાવલોકન કે પુરોવચન રૂપે લખેલાં) નિરીક્ષણ છે, જે દ્વારા લેખક આપણને તે કૃતિ કે કર્તાની સાક્ષાત અનુભૂતિ કરાવવા ઇચ્છે છે. અખો, ગ્યૂઇથે, બ. ક. ઠાકોર, રાજેન્દ્ર શાહ, શ્રીધરાણી જેવા કેટલાક સુપ્રસિદ્ધ કવિઓ તથા 'દીપનિર્વાણ' 'માનવીની ભવાઈ', 'ગુલાબી સાડી', (અનુક્રમે લેખકો સર્વશ્રી દર્શક, પન્નાલાલ પટેલ અને બારકર) વગેરે ગદ્યકૃતિઓ પર અભ્યાસપૂર્ણ તથા રસપૂર્ણ નિબંધો ધરાવતું આ પુસ્તક આપણા યુગપ્રવાહોનો તૃપ્તિકર પરિચય આપે છે. અખા ઉપરની પ્રશ્નોત્તરી તથા અંગ્રેજી અમલના કાવ્યસાહિત્ય વિષેનો લેખ બે મુખ્ય યુગસન્ધિને સમજવામાં મદદરૂપ થાય એવા છે. આ રીતે સંગ્રહસ્થ થએલા આ નિબંધો વાચકને કોઈ પણ સર્જકને માણવાની શક્તિ તથા દૃષ્ટિ આપે છે.

ત્રણેના પ્રકાશક: વોરા ઍન્ડ કં. પબ્લિશર્સ લિ., કાલબાદેવી રોડ મુંબાઈ-૨

### વોરા ઍન્ડ કં.નાં બીજાં પ્રકાશનો

**બારી બહાર:** શ્રી પ્રહ્‌લાદ પારેખના કાવ્યસંગ્રહની સંવર્ધિત નવી આવૃત્તિ. સરળભાષા અને રોચક પદ્યરચનાવાળાં આ કાવ્યો વિષે પુરોવચનમાં શ્રી ઉમાશંકર કહે છે, 'પાણીદાર મોતી જેવાં ઊર્મિકાવ્યો તથા રસની ઘૂંટેલી કણિકાઓ જેવી શ્લોકપંક્તિઓ આ કવિતામાંથી સારા પ્રમાણમાં મળી રહેશે... માનવહૃદયની ગૂઢ ઉત્સુકતા, તીવ્ર વેદના, નિસ્તલ નિરાશા અને અમોઘ મુદિતા કવિ સહેજમાં શબ્દસ્થ કરી શકે છે.' (કિ. ૨-૭૫). **મોરપીંછ:** 'કુમાર'ના ચિરપરિચિત કવિ શ્રી રાજેન્દ્ર શાહનાં બાલકાવ્યોનો નાનકડો સચિત્ર સંગ્રહ જેને મુંબઈ રાજ્ય સરકારની ૧૯૫૯ની બાલસાહિત્ય સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક મળેલું (કિ. ૦-૮૦). **પ્રેક્ષક માફ કરે:** શ્રી રંભાબેન ગાંધીનાં સામાજિક નાટકોનો એક નવો સંગ્રહ (કિ. ૪-૦૦). **પૃથ્વીનાં પનોતાં:** જગવિખ્યાત ફ્રેંચ નવલકથાકાર વિક્ટર હ્યુગોની વિખ્યાત કૃતિ 'ધ લાફિંગ મૅન'નું સંક્ષિપ્ત રૂપાંતર: સમાજે તિરસ્કારેલા ધરતીનાં છોરુંમાં રહેલી માનવતાનું એમાં કલાત્મક દર્શન છે. **મુક્તિજંગ:** વિક્ટર હ્યુગોની જ એક બીજી કૃતિ 'ધ ફૉર્ટી ફાઈવ ગાર્ડ્ઝમેન'નું રૂપાંતર. મુક્તિ માટેની માનવીની અભીપ્સાને એમાં વાચા અપાઈ છે. બંનેના લેખક—શાંતિ ના. શાહ ('સત્યમ્'). દરેકની કિંમત ૧-૭૫. **હૃદયવિભૂતિ:** સ્વ. રમણલાલ વ. દેસાઈની, ઉત્તર ગુજરાતની કહેવાતી ગુનેગાર કોમોના જીવનના પ્રશ્નો તરફ નિર્દેશ કરતી જાણીતી નવલકથાનું સંક્ષિપ્ત રૂપાંતર. (કિ. ૨-૦૦). **પંખીનો મેળો અને પાતાળ કૂવો:** અસ્ત થતા જતા સમાજજીવનનું દર્શન કરાવતી આ મૂળ લાંબી અને બે વિભાગમાં વહેંચાએલી શ્રી ઈશ્વર પેટલીકરની કથાનો એક પુસ્તકાકારે સંક્ષેપ. (કિ. ૧-૭૫). **તેજરેખા:** આજની વિષમતામાં માણસાઇની શ્રદ્ધા દૃઢ કરતી શ્રી પીતાંબર પટેલની નવલકથાનો સંક્ષેપ. (કિં. ૧-૭૫). **પથેર પાંચાલી:** જેના પરથી ઊતારવામાં આવેલા બોલપટને જગતનાં શ્રેષ્ઠ ચિત્રોમાં સ્થાન મળ્યું એ નીચલા મધ્યમવર્ગના સામાન્ય કુટુંબનું વાસ્તવદર્શી આલેખન કરતી મૂળ શ્રી વિભૂતિભૂષણ વંદ્યોપાધ્યાયની બંગાળી નવલકથાનો ગુજરાતી સંક્ષેપ. અનુવાદક: રમણલાલ સોની (રૂા. ૧-૭૫). **ઘરવટ અને બીજી વાતો:** શ્રી પન્નાલાલ પટેલની કેટલીક ટૂંકી વાર્તાઓનો સચિત્ર સંગ્રહ (૧-૭૫). **સમુદ્રના સાવજ:** દરિયાવીરોની એક વાર્તા. લેખક: નવનીત સેવક. (કિ. ૧ ૭૫). **અવકાશયાત્રા:** શ્રી

પ્રેમેન્દ્ર મિત્રની બંગાળી સાહસકથાનો અનુવાદ કરનાર: શ્રીકાન્ત ત્રિવેદી. (કિં. ૨·૦૦) **ધરતીનાં છોરુ:** અમેરિકાના વસાહતી જીવનની પ્રેરક ને પ્રાણવાન કથા આલેખતી ઑલ ઈ. રોલ્વાગની જાણીતી નવલકથા 'જાયન્ટ્સ ઑવ ધી અર્થ'નો શ્રી હરીન્દ્ર દવેએ કરેલો અનુવાદ. (કિં. ૧·૫૦) શેક્સપિયરનાં જગપ્રસિદ્ધ નાટકોની વાર્તારૂપે રજૂઆત કરતી પુસ્તિકા-શ્રેણીના બે વધુ મણકા. **રોમિયો અને જુલિયેટ** લેખક: કરસનદાસ માણેક **ઍન્ટની અને ક્લીઓપેટ્રા** લે.: સુરેશ દલાલ. (દરેકનો ૧·૦૦). **તારાસ બુલ્બા:** એક રશિયન જવાંમર્દની સચિત્ર વાર્તા. મૂળ લેખક: નિકીલાઈ ગોગોલ, અનુવાદક: બટુક વોરા (કિં. ૧·૨૫). **જમીનનો જાદુગર:** મહાન અમેરિકન હબસી વૈજ્ઞાનિક ડૉ. વૉશિંગ્ટન કાર્વરનું સચિત્ર જીવનચરિત્ર. લેખક: ઈશ્વરભાઈ પટેલ (કિં. ૧ ૨૫). **ડૉ. આલ્બર્ટ શ્વાઈટ્ઝર** જગતના મહાન ત્યાગવીર ડૉક્ટરનું બાલભોગ્ય શૈલીએ આલેખાએલું પ્રેરક ચરિત્ર, લેખક: ચંદુલાલ પરીખ (૦·૬૦) **પ્રેમમૂર્તિ કાગાવા:** જાપાનના એ સંતના કરુણામય જીવનની કથા. લેખક: ઈશ્વરભાઇ પટેલ. (કિં. ૦ ૬૦) **અમેરિકાનો સંક્ષિપ્ત ઇતિહાસ:** ફ્રૅંકલિન એશ્વરના લખેલા મૂળ અંગ્રેજી ઇતિહાસ 'એ બ્રીફ હિસ્ટરી ઑવ ધ યુનાઇટેડ સ્ટેટ્સ'નો શ્રી નગીનદાસ હ. સંઘવીએ કરેલો ગુજરાતી અનુવાદ. (કિં. ૩·૦૦).

## નવજીવન પ્રકાશન મંદિરનાં નવાં પુસ્તકો

આપણા એક અગ્રણી રાજકારી નેતા બલવંતરાય મહેતાની સાહિત્યિક શક્તિથી ઘણા અજાણ હશે. **વિજ્ઞાનયોગિની માદામ ક્યૂરીના** (એમની પુત્રી ઇવ ક્યૂરીએ લખેલા) જીવન-ચરિત્રના અંગ્રેજી ઉપરથી એમણે કરેલો અનુવાદ વાર્તા જેવો રસમય છે. (૩·૫૦).

**બાપુને પ્રતાપે:** ગાંધીજી સાથે પોતે યરવડા જેલમાં રહેલા તે દરમ્યાન કાકાસાહેબે પોતાના દેખતાં તથા પોતાને કારણે ત્યાં જે પ્રસંગો બન્યા તેનું આલેખન એમની પ્રાસાદિક ને હૃદયસ્પર્શી શૈલીએ આમાં કરેલું છે. કાકાસાહેબની રસવતી કલમે લખાએલા ગાંધીજીના સાધનામય જીવનના આ પ્રસંગો સૌને પ્રેરક થાય તેવા છે. સાથેસાથે એમણે એ વખતે લખેલી ડાયરી, ગાંધીજીએ લખેલા અમુક પત્રો, યાદગાર તારીખો વગેરે પણ તેમાં ઉમેરેલાં છે (૧ ૦૦). **બાપુના પત્રો-૫:** કુ. પ્રેમાબહેન કંટકને લખાએલા આ પત્રસંગ્રહમાં આશ્રમજીવનને અંગે વખતોવખત કરેલી સૂચનાઓ દ્વારા ગાંધીજીના વિચાર અને તેમનું કાર્ય સમજવા માટે કીમતી સામગ્રી મળી રહે છે. (૩·૫૦). **બાપુના પત્રો-૬:** ગં. સ્વ. ગંગાબહેનને. (૧·૦૦) બંનેના સંપાદક: કાકાસાહેબ કાલેલકર. **જીવનપ્રદીપ:** કાકાસાહેબના ગીતાવિષયક લેખોનો સંગ્રહ (૨·૦૦). **બા અને બાપુના** ગૃહસ્થજીવનનું મંગળ દર્શન કરાવતા પ્રસંગોનું શ્રી મુકુલભાઇ કલાર્થીએ કરેલું પ્રેરક સંપાદન. (૧·૫૦). **સરદારની અનુભવવાણી:** શ્રી મુકુલભાઇના આ સંપાદનમાં સરદારશ્રીના વ્યક્તિત્વનું સાચું દર્શન જોવા મળે છે (૦·૬૦) **રચનાત્મક કાર્યક્રમ** મૂળ ઈ. ૧૯૪૦માં લખાએલા આચાર્ય કૃપાલાનીના 'પૉલિટિક્સ ઑવ ચરખા'નો શ્રી ચંદ્રશંકર શુક્લે કરેલો આ અનુવાદ ગાંધીજીના તત્ત્વજ્ઞાન અને કાર્યપદ્ધતિના કોઈ વિચારશીલ અભ્યાસીને આજે પણ ઉપયોગી નીવડે એ બનવાજોગ છે. (૧·૦૦) **પ્રેમપન્થ ૮:** ઉદ્યોગ કાંડા–ઉત્તરરાર્ધ (૦·૪૦) અને **પ્રેમપન્થ ૧૦:** યુદ્ધકાંડ–પૂર્વરંગ (૦·૬૦). શ્રી દેસાઈ વાલજી ગોવિન્દજીની એ પુસ્તિકાઓના બે બીજા મણકા. **ગ્રામભજનમંડળી** ભૂદાન-આરોહણના પ્રતિનિધિરૂપ ગીતોના ઉમેરણ સાથેની ત્રીજી આવૃત્તિ. સં૦: જુગતરામ દવે. (૦·૭૦).

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં નવાં પુસ્તકો

**સ્વપ્નદ્રષ્ટા:** સમકાલીન રાજકીય બળોને નવલકથામાં મઢવાના શ્રી કનૈયાલાલ મુનશીના પહેલા પ્રયત્નમાંથી ઈ. ૧૯૩૭માં સરજાએલી એ નવલકથાની આ છઠ્ઠી આવૃત્તિ છે (૬ ૦૦). **સ્વતંત્રતાનો શહીદ:** આઝાદીની લડતના એક પાસાની પાર્શ્વાદ્ભૂમિ પર લખાએલી નવલકથા (૩·૦૦). **આશા અને રેણુકા:** ભારતીય નારીની ભક્તિ, વફાદારી ને પાતિવ્રત્યનાં ગુણગાન કરતી કથા (૫ ૨૫). બંનેના લેખક: રતિલાલ ગિ. શાહ. **૪૪ રાત્રિઓ:** શ્રી યશોધર મહેતાએ અમદાવાદથી કન્યાકુમારી સુધી કરેલા મોટર પ્રવાસનું રોચક અને માહિતીપૂર્ણ વર્ણન (૨·૫૦). **શોધ અને સિદ્ધિ** અનેકવિધ ક્ષેત્રે વિસ્તરેલા આજના વિજ્ઞાનની સિદ્ધિઓના આરંભથી અત્યારની સંસિદ્ધિ સુધીના વિકાસના ઇતિહાસની ભૂમિકાઓ અને તેમાં જેમનું જેમનું ઋણ જગતે કૃતજ્ઞભાવે સંભારવું અને સ્વીકારવું રહે છે તે સર્વ વૈજ્ઞાનિકો અને શોધકોના હિસ્સા વિષે સંક્ષેપમાં પણ કડીબંધ રીતે સરળ અને લોકભોગ્ય ભાષામાં રજૂ કરેલી માહિતીઓનું આ સચિત્ર પુસ્તક એક ઉપયોગી અને આવકારપાત્ર પ્રકાશન છે. લેખકો: પ્રા. ડૉ. સુરેશ મં. શેઠના અને પ્રા. ડૉ. નરસિંહ મૂ. શાહ. **ફૂલ બિલાયતી:** શ્રી 'જયભિખ્ખુ'ની 'ફૂલ શ્રેણી'નાં આ ત્રીજા પ્રકાશનમાં પાશ્ચાત્ય વ્યક્તિવિશેષોનાં જીવનના પ્રેરક પ્રસંગોનું આલેખન છે. એ જ રીતે આ શ્રેણીના ચોથા પ્રકાશન **ફૂલ નવરંગ** માં આવા જ પ્રકીર્ણ પ્રેરક પ્રસંગોનો સમાવેશ કરાયો છે (દરેકની કિં. ૨·૦૦). **રૂપેરંગે રાણી** 'લવ્હલી ટુ લુક ઍટ' નામના અંગ્રેજી પ્રહસનનું ગુજરાતી ત્રિઅંકી નાટ્ય રૂપાંતર. કરનાર: શ્રી દુર્ગેશ શુક્લ (૨ ૦૦). **પરમ માહેશ્વર:** લંકાપતિ રાવણના જીવન ઉપર રચાએલું શ્રી ચંદ્રવદન ચી. મહેતાનું ત્રણ અંકનું નાટક. આ જ પુસ્તકમાં એમની અન્ય બે કૃતિઓ પણ છે: એક તો છેક ઈ. ૧૮૫૦માં લખાએલા એક તુર્કી નાટક પરથી તખ્તાને લાયક બનાવેલો તરજુમો અને બીજો, લેખકના બહુ જાણીતા નાટક શાકુન્તલનો ચોથો અંક 'કન્યાવિદાય' (૧·૫૦). આ જ રીતે 'સંસ્કૃતિ' માસિકમાં સ્વામી આનંદે લખેલા સ્વ. શ્રી છોટુભાઈ દેસાઇ (સ્વ. મહાદેવભાઈના પિતરાઇ)ના કેટલાક જીવનપ્રસંગોને વણી લઈ તળપદી અનાવિલ બોલીના પ્રયોગ સાથે શ્રી ચન્દ્રવદન મહેતાએ રચેલું ચરિત્રાત્મક નાટક **કપુરનો દીવો** અને તેની સાથે તેમનું એક બીજું રેડિયો-નાટક **પ્રીત ભઇ** પણ પ્રકટ થયાં છે (૧·૫૦). **જાહ્નવી** સમાજ આગળ કવિતા દ્વારા સાચા મૂલ્યો રજૂ કરતા શ્રી નાથાલાલ દવેના આ નવા કાવ્યસંગ્રહમાં, વિષયવૈવિધ્યવાળાં ગીતો દ્વારા સમકાલીન બનાવો અને પ્રવાહોને સફળ રીતે ઝીલીને બહુજનસમાજ પાસે શિષ્ટ રીતે પહોંચવાનો પ્રયત્ન અભિનંદનપાત્ર છે (૨ ૫૦). **પંચતંત્ર** અને બીજી નૃત્યનાટિકાઓ લેખક: પ્રબોધ દેસાઇ (૧·૦૦). **બાળવાર્તાવલિ** સં. હંસાબહેન મહેતા. 'કુમાર'ના વાચકો આ સચિત્ર સુંદર વાર્તાવલિથી અજાણ નથી. ચાર રંગીન અને અન્ય અનેક સાદાં ચિત્રોવાળી, બાળકોને વાંચવામાં સુગમ પડે તેવાં મોટાં બીબાંમાં છપાએલી આ છઠ્ઠી આવૃત્તિના પુનર્મુદ્રણમાં પૂઠા પર નવું જ રંગીન ચિત્ર ઉમેરવામાં આવ્યું છે (૨·૦૦). **'ધૂમકેતુ' પાઠસંગ્રહ:** માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને આજના આપણા જીવન્ત સાહિત્યનો નિકટતર પરિચય કરાવવાના ઉદ્દેશથી અને એ માટે બને તો કોઈ એક જ શિષ્ટ સાહિત્યકારને રજૂ કરી, એક પ્રકારની શૈલીનો અભ્યાસ કરવાની તક આપવાના હેતુથી તૈયાર કરેલા આ પાઠસંગ્રહમાં 'ધૂમકેતુ'ના પ્રકટ અને અપ્રકટ ગ્રંથોમાંથી ચૂંટેલા લખાણોનું (તે સાથે વિશદ અને દ્યોતક ટિપ્પણ આપીને) સંપાદન કરેલું છે. સંપાદક: મધુસૂદન ચિ. મોદી (૧·૫૦).



પ્રીત કરે તે જાણે.
ધરતીમાં હળ ફેરવનારો ગંધ માટીની માણે.
વળોવતાં અંબરને વાદળ
વીજ આમળા લેતી પલપલ
ઝરમર-મૂશળધાર પડે જલ
ફસલ રળે તે જત મખલખ, જેખી વાવે ધમસાણે.

—જયન્ત પાઠક

## રાજદૂત રાજેશ્વર દયાળ

મહાસત્તાઓની સ્વાર્થી રાજરમત એક શક્તિશાળી માણસની તેજસ્વી કારકિર્દીને કેવી છોભીલી પાડી દે છે તેનું ગ્લાનિજનક ઉદાહરણ કૉંગોમાંના રાજદૂત રાજેશ્વર દયાળ બન્યા છે.

'છેલ્લા મહાયુદ્ધ પછી આંતરરાષ્ટ્રીય શાંતિદૂત તરીકે કપરામાં કપરી કામગીરી જો કોઇના ઉપર આવી હોય તો તે કૉંગોમાંથી હારી-ખખડી ગએલા ડૉ. રાલ્ફ બન્ચને સ્થાને નીમાએલા ભારતના રાજેશ્વર દયાળ ઉપર. ગયે અઠવાડિયે એણે કર્નલ મોબુતુની ઉદ્ધત મૂર્ખાઈ સામે જે શાણી નિશ્ચલતા દાખવી તે એની લાક્ષણિક શક્તિનો પુરાવો છે. એણે બતાવી આપ્યું કે શાન્ત મોહક માધુર્ય ધરાવવા છતાં એ રાજદૂત કોઈ દમદાટીથી તો ગાંજ્યા જાય એવા નથી.'

આવા શબ્દોમાં જે દેશના એક અગ્રણી અખબારે શ્રી દયાળની પ્રશંસા કરી એ જ દેશના રાજપુરુષોની ખટપટે સત્યની નિષ્પક્ષ સમતુલા જાળવવા મથતા એના હાથ પર સફળ ફટકો મારીને સત્તાવીસ વર્ષની સમર્થ કારકિર્દીને નાચારીની નિરાશા સંપડાવી છે.

ઈ. ૧૯૦૨ની બીજી ઑગસ્ટે નૈનીતાલના એક ગર્ભશ્રીમંત બ્રાહ્મણ કુટુંબમાં પ્રોફેસર પિતાને ત્યાં જન્મેલા રાજેશ્વર નૈનીતાલ અને અલ્લાહાબાદમાં અભ્યાસ કરી ઑક્સફર્ડની ન્યૂ કૉલેજમાંથી ઇતિહાસના ગ્રૅડ્યુએટ બન્યા, અને આઈ.સી.એસ.ની ખુલ્લી સ્પર્ધામાં વિજયી નીવડી આવીને ભારતમાં સૌપ્રથમ ઉત્તર પ્રદેશમાં જિલ્લા મૅજિસ્ટ્રેટ તરીકે નિમાયા. એ નાના પદની કામગીરી દરમ્યાન જ તેને એક લશ્કરી ટુકડીના જુવાન કપ્તાન અયૂબખાં સાથે જીવનભરની મૈત્રી બંધાઇ,—જે પાછળથી પાકિસ્તાનના પ્રમુખ થવાના હતા.

ચડતાં ચડતાં તે ઉત્તર પ્રદેશની સરકારના ગૃહમંત્રીપદે પહોંચ્યા ત્યાં ભારત સ્વતંત્ર થયું, ને એમને પાણી બતાવવાની તક મળી. ૧૯૪૮ માં તે રશિયામાં ભારતીય એલચીના મંત્રી તરીકે ગયા, અને થોડો સમય એલચી તરીકે પણ કામ કર્યું. પણ તે પછી ૧૯૫૦માં તે સંયુક્ત રાષ્ટ્રસંઘ (યૂનો)માં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે ગયા ત્યાં તેમનું હીર પરખાયું. સુએઝની નહેર, દક્ષિણ આફ્રિકા, કાશ્મીર આદિ ગૂંચવણભર્યા પ્રશ્નો પર તેમણે જે શાન્ત, તટસ્થ મક્કમતાપૂર્વક રજૂઆત કરી તેણે આંતરરાષ્ટ્રીય રાજપુરુષોમાં ઊંચી છાપ પાડી. અહીં તે યૂનોના મહામંત્રી હૅમરશૂલ્ડની નજરમાં બેસી ગયા.



એ ઉપરાંત યુરોપમાં પણ રાજેશ્વર યુગોસ્લાવિયા, બલ્ગેરિયા, રૂમાનિયા ને ગ્રીસમાં ભારતના એલચી હતા. પછી ૧૯૫૮માં લખનાનના તોફાની વાતાવરણમા યુનોના નિરીક્ષક-પંચ તરીકે જે મધુર શાણપણથી એમણે કામ લીધું તેણે તો હૅમરશૂલ્ડનું દિલ જીતી લીધું. એટલે જ કૉંગોના તોફાની વાતાવરણમાં ડૉ. રાલ્ફ



## વાંદરાં: કપિ અને માંકડાં

દુનિયાભરમાં વાંદરાંની અનેક જાતો [illegible] છે. એમાંના કેટલાંકનો દેખાવ તો વાંદરાં કરતાં તદ્દન ભિન્ન લાગે તેવો યે હોય છે. એશિયાનાં વાંદરાંનાં પૂછડાં લાંબાં હોય છે. આપણે ત્યાં લાંબી પૂછડી ને કાળાં મોં વાળાં કપિ તથા લાલ મોં વાળાં માંકડાં વધુ જાણીતાં છે. ગુજરાત બાજુનાં કપિનાં તો મોં ઉપરાંત હાથ પગ ને પૂંઠ પણ કાળાં હોય છે.

માંકડાં કપિ કરતાં વધુ ચપળ ને લુચ્ચાં હોય છે. અંને પાણીની નજીક ઘટાદાર વૃક્ષમાં ઊંચે રહે છે. આહારપ્રાપ્તિ અર્થે ઘણી વાર ખેતરોમાં કે વસતિ વચ્ચે પણ ઊતરી આવે છે ત્યારે ખાવા કરતાં નુકસાન વધુ કરે છે. ખાવા વિષે તેઓ બહુ કાળજી રાખે છે. અને ખાદ્ય-અખાદ્યની પહેચાન તેમને પ્રેરણાથી જ થાય છે.

કપિ કૂદવામાં બહુ ચપળ. એક ફલાંગે ૨૦-૩૦ ફૂટ સહેજે કૂદી જાય. એકાદ પુખ્ત શક્તિશાળી નરના મુખીપણા નીચે હમેશાં ટોળાંમાં રહે. કેટલીકવાર ટોળામાંથી હાંકી કઢાએલો નર એકલો પણ પાટકે. વનમાં વાઘ ચિત્તાનાં આગમનની જાણ એમને સૌથી પહેલી થઈ જતી હોવાથી ચિચિયારી કરી મૂકે ને એથી અન્ય પ્રાણીઓ પણ ચેતી જાય.

પ્રવૃત્તિમાં સવાર સાંજ આહાર ને બપોરે પાણી નજીક ટાઢે છાંયે આરામ. એ વખતે એમનાં અટકચાળાં બહુ જોવા જેવાં હોય છે. એમની અનુમાનયુક્ત અનુકરણબુદ્ધિને પ્રતાપે એક વખત જોએલી ક્રિયા લાંબા ગાળા પછી પણ તેઓ પોતાની મેળે ફરી કરી શકે છે.

જાન્યુઆરીથી માર્ચ એ એમનો પ્રજનનકાળ. માણસના ઉત્કૃષ્ટ માનસિકવિકાસને બાદ કરતાં એનામાં અને વાંદરાંમાં જૂજ શારીરિક ફેરફાર સિવાય બહુ ઓછો તફાવત જોવા મળશે. હા, માણસ કરતાં કદાચ એનામાં સહકારની ભાવના વધુ જોવા મળે!



# વિવિધ વ્યક્તિ



બન્ચ જેવાને જ્યારે થાકીને પાછા ફરવાની વેળા આવી ત્યારે, પાકિસ્તાનમાં ભારતના એલચી તરીકે (પોતાના યુવાનવયના મિત્ર અચૂ બખાં સાથે) નહેરના પાણીના ઝગડાનો ઉકેલ લાવનાર ઠંડામુત્સદ્દી રાજેશ્વર દયાળની સેવાઓની માગણી હૅમરશૂલ્ડે નેહરુ પાસે મૂકી.

પણ કૉંગોમાં પરસ્પર વિરોધી દેશોના દાવપેચોથી પરિસ્થિતિ વિષમ હતી. બેલ્જિયમ પાસેથી તાજું સ્વાતંત્ર્ય મેળવીને લોકશાહી પાર્લમેન્ટ સ્થાપી વડા પ્રધાન ચૂંટાએલા સ્વ. લુમુમ્બા ત્યાંથી પશ્ચિમી લાગવગ ભૂંસી નાખીને ખરા અર્થમાં સ્વતંત્ર થવા માગતા હતા; પણ બેલ્જિયમ અને તેના ઓથે પશ્ચિમી રાજ્યો એ ખનિજ-સમૃદ્ધ દેશ પરની પકડ છોડવા માગતા ન હતા. તેમને ત્યાંના પ્રમુખ કાસાવૂબૂ, કટાંગાના ખાણપ્રચુર દેશના અગ્રણી ચોમ્બે ને આડી રાતમાં સેનાપતિ થઈ બેઠેલા કર્નલ મોબુટુ જેવા ભાડૂતી માણસો મળી રહ્યા. એમણે લુમુમ્બાને કેદી બનાવ્યો અને છેવટે તેનું ખૂન કરાવ્યું.

આ બધાંની સાથે ધીરજ, બુદ્ધિ, આવડત અને મુત્સદ્દીગીરીથી કામ પાડતા જઇ રાજેશ્વર દયાળે જ્યારે ત્યાંના અનર્થો પ્રત્યે અને બેલ્જિયમનાં દુષ્કૃત્યો પ્રત્યે ધ્યાન ખેંચતા રીપોર્ટો યૂનોને મોકલ્યા ત્યારે પશ્ચિમી દેશોની શેહમાં દબાએલા હૅમરશૂલ્ડે થાબડથાબડ ભાણાં કર્યાં, અને સલામતી સમિતિએ કરેલા ઠરાવોને અમલમાં મૂકવાના અખાડા થયા. બીજી બાજુ કૉંગોમાં, યૂનોમાં ને પશ્ચિમી દેશોમાં દયાળ સામે ઝેરી પ્રચારનો વંટોળ ઉઠાવાયો. કૉંગોમાં અમેરિકાના એલચી ટિમ્બરલેઇક (જે પહેલાં મુંબાઇમાં અમેરિકન એલચી હતા) અને બ્રિટનના એલચી સ્કૉટ (જે બ્રિટિશ હિંદમાં રાજેશ્વર દયાળના હાથ નીચે નોકરી કરતા હતા) એ બંનેએ વ્યવસ્થિત ષડયંત્ર રચ્યું; પ્રમુખ કાસાવૂબૂ પાસે યૂનોને ધમકી મોકલાવી કે રાજેશ્વર દયાળને કૉંગોમાં રાખશો તો અમે યૂનોને સહકાર નહિ આપીએ; પરિણામે હૅમરશૂલ્ડે રાજેશ્વરને મંત્રણાને બહાને યૂનોમાં બોલાવી ત્યાં બે-એક માસ રોકી રાખ્યા, જેથી આખરે કંટાળીને રાજેશ્વરે ત્યાં રાજીનામું આપી દીધું.

બંગાળી સાહિત્યને ગુજરાતીમાં ઉતારનાર એક આરંભિક અનુવાદક, અનુભવી પત્રકાર ને પોતાના મૂળ નામ **ભીમજીભાઇ હરજીવન પારેખ** કરતાં '**સુશીલ**'ના સાહિત્યિક ઉપનામથી વિશેષ જાણીતા ગ્રંથકાર આજથી પચાસેક વર્ષ પર શરદ્‌બાબુના 'શ્રીકાન્ત'ને પ્રથમ ગુજરાતીમાં ઉતારનાર તરીકે અને જૈન સમાજમાં તો 'જૈન' પત્રની તંત્રીનોંધોથી શાણા અને પ્રગતિશીલ લેખક તરીકે ઘરઘરના જાણીતા હતા. છેલ્લાં ૧૩-૧૪ વર્ષ થયાં લકવાને લીધે નિષ્ક્રિય બની વિસ્મૃતિમાં વિલાઈ ગએલા એ પત્રકાર અને ગ્રંથકારનું ગઈ તા. ૧૫મી મેએ ભાવનગર ઑસ્પિટલમાં ૭૩ વર્ષની વયે અવસાન થયું. સૌરાષ્ટ્રમાં લીંબડી મુકામે ૧૮૮૮ની ૧૮મી જાન્યુઆરીએ એમનો જન્મ. વતનમાં જ અંગ્રેજી ચાર ધોરણ સુધી અભ્યાસ કરી અમદાવાદ અને કાશીની જૈન પાઠશાળાઓમાં સંસ્કૃત તથા અર્ધમાગધી શીખી જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસની સાથોસાથ અંગ્રેજીનું પણ સારું જ્ઞાન મેળવ્યું અને વિવેકાનંદ તથા રામતીર્થના અભ્યાસથી અપનાવેલી ઉદાર વિચારસરણી તથા ભાવનાશીલતાથી પૂત થઇને આજીવન અપરિણીત રહેવાના નિરધાર સાથે તેમણે લેખનપ્રવૃત્તિને જ પોતાનો મુખ્ય વ્યવસાય બનાવ્યો. 'જૈન' ઉપરાંત બીજાં અનેક સાપ્તાહિકો, પાક્ષિકો અને માસિકોમાં તે લખતા; ને કાઠિયાવાડમાં રાજકીય જાગૃતિ આણનાર 'સૌરાષ્ટ્ર'ના તંત્રીમંડળમાં અમૃતલાલ શેઠ તથા મેઘાણીના સાથી હતા ત્યારે ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લઇને ૭ માસની જેલ પણ ભોગવેલી.

જીવનચિત્રો, કથાસંગ્રહો, ઐતિહાસિક ગ્રંથો નવલકથાઓ તથા અન્ય વિષયોનાં મળીને ૪૪ જેટલાં પુસ્તકો તથા બેશુમાર તંત્રીલેખોના એ અવિરામ લેખક, બહુશ્રુત વિચારક ને ચિંતક પણ હતા અને આજીવન અપરિણીત છતાં સુરુચિ, રસિકતા, પ્રસન્નતા અને વિનોદ તેમની પ્રકૃતિમાં સહજ રીતે વ્યાપ્ત હતાં. દર્દથી નાચાર બનેલાં છેલ્લાં વર્ષોમાં સૌરાષ્ટ્ર સરકારતરફથી તેમને મળતી નિયમિત આર્થિક સહાય અંત સુધી ચાલુ રહેલી.

ભારતના સૌથી વધુ વિવાદાસ્પદ અને સ્ફૂર્તિશીલ સેનાપતિ **જનરલ તિમૈયા** ગયા માસમાં નોકરીમાંથી તો નિવૃત્ત થયા, પણ કુર્ગના આ પહાડી પુરુષમાં અણવપરાએલી શક્તિ અને સ્ફૂર્તિ એટલી બધી છે કે તેઓ જે ક્ષેત્રમાં ઝુકાવશે ત્યાં ઝળકશે.

માછલીને જેમ પાણીમાં જ ફાવે તેમ તિમૈયાને યુદ્ધમાં ફાવે છે; અને જ્યારે શસ્ત્રોનું યુદ્ધ ન હતું ત્યારે તેમણે પોતાના ઉપરી, સંરક્ષણ-પ્રધાન શ્રી મેનન સામે તુમારી યુદ્ધમાં પણ ઝંપલાવ્યું! બીજા વિશ્વવિગ્રહમાં બ્રહ્મદેશમાં બહાદુરી બતાવ્યા પછી તિમૈયાને બીજી તક કાશ્મીરમાં મળી. જ્યારે પાકિસ્તાનીઓ શ્રીનગરના પાદરમાં પહોંચી આવ્યા ત્યારે તેમને મારી કાઢી શ્રીનગરના વિમાની મથકને બચાવી લેનાર બટાલિયન તિમૈયાની હતી.

લદાખ પાકિસ્તાનને હાથ પડતું બચી ગયું તેનો યશ પણ તિમૈયાની હિંમત ને યુદ્ધકુશળતાને છે. તેમણે ઝોજિ-લા (લા એટલે ઘાટ)માં ૧૪ હજાર ફીટ ઊંચે રણગાડીઓ ચડાવીને જગતની લશ્કરી તવારીખમાં વિક્રમ સ્થાપ્યો, અને લદાખના ઇતિહાસમાં પહેલી વાર તેના આકાશમાં વિમાન ઉડાડીને નદીના સુકા પટમાં પહાડની વચ્ચે ઉતાર્યું! આ બે પરાક્રમોએ પાકિસ્તાનીઓને નાહિંમત કરી નાખ્યાં.

પણ યુદ્ધમાં ઉત્સાહથી ઝંપલાવનારા તિમૈયાને કોરિયામાં શાંતિ જાળવવા માટે મોકલવામાં આવ્યા ત્યાં તેમની કસોટી થઈ. ૬૦ કોરિયાનો સરમુખત્યાર ડૉ. સિંગમાન ર્‌હી તિમૈયાના ભગીરથ કામને નિષ્ફળ બનાવવા કૃતનિશ્ચયી હતો. છતાં તિમૈયા એ અશક્ય કામમાં વિજયી બનીને આવ્યા અને ભારત સરકારે તેમને પદ્મભૂષણ બનાવ્યા. (પ્રવાસી)

ગઈ ૧૩મી એપ્રિલે રાષ્ટ્રપતિએ જલિયાંવાલા બાગના હત્યાકાંડના અમર શહીદોની યાદમાં સ્મારક ખુલ્લું મૂક્યું તે પછી તેઓ રતનદેવી નામનાં ૬૫ વર્ષની એક વૃદ્ધાને મળ્યાં.

મુલાકાત દરમ્યાન વૃદ્ધાએ કહ્યું 'મારા જીવનની આ ધન્ય ઘડી છે. મારા પતિએ ૪૨ વર્ષ પહેલાં વહાવેલા લોહીનો બદલો આજે મળી ગયો. આ ઋણ અંગ્રેજો રૂપિયા આપીને ચૂકવવા માગતા હતા, પણ તે લઇને મારી જાતને મેં અભડાવી નથી. મારા પતિ જેવા બીજા પોણા ચારસો માનવીઓની યાદ આ સ્મારકથી સદા તાજી રહેશે.'

આ રતનદેવીના પતિ ૧૯૧૯ના એપ્રિલમાં જલિયાંવાલા હત્યાકાંડમાં ડાયરની ગોળીઓના શિકાર થયા. ત્યાર બાદ બ્રિટિશ સરકારે નીમેલી તપાસ પૂરી થયા બાદ અંગ્રેજ કમિશનરે રતનદેવીને રૂપિયા પચ્ચીસ હજારનો ચેક તેના પતિના મૃત્યુના બદલામાં આપ્યો, તે તેણે સેંકડો માનવીઓની સમક્ષ ટુકડેટુકડા કરીને ફાડી નાખ્યો અને બોલવા લાગી: 'ઈસકા મતલબ તો યે હોગા કિ મૈંને મેરે પતિ કે ખૂન કે પૈસે લિયે. યે હરગીઝ નહીં હોગા!'

આ વીરાંગના 'રતનબા'ને અનુલક્ષીને કવિ ત્રિભુવન વ્યાસે લખેલો ગરબો તે સમયે લોકકંઠે ખૂબ રમતો થયો હતો.

## વાજપુર

સોનગઢથી ૨૯ માઈલના અંતરે આવેલો વાજપુરનો કિલ્લો ચારે બાજુની વસતિથી દૂર પ્રગાઢ જંગલમાં આવેલો છે. સુરતથી સોનગઢ થઇને ત્યાં જવાય છે. આ વાજપુરથી જ સાગબારા થઇને માંડવગઢ અને માળવામાં જવાનો–જંગલનો ટૂંકો રસ્તો છે. વાજપુર અત્યંત ગીચ જંગલમાં આવેલું હોઈ વાઘોની વસતિવાળું સ્થાન છે. એટલે એ રસ્તે જતા લોકો માટે દુશ્મનથી, લૂંટારુઓથી અને વાઘથી સુરક્ષિત મુકામ તરીકે તે વખતના રાજ્યકર્તાએ આ કોટ બંધાવ્યો મનાય છે. વખત જતાં વાઘપુરનું વાજપુર થયું લાગે છે. 'ક' વર્ગનો ત્રીજો અક્ષર 'ગ–ઘ', ઉચ્ચારભેદે 'ચ' વર્ગનો ત્રીજો 'જ' અક્ષર બને.

આ કોટ આમ તો જમીનની સપાટીએ છે, પણ પાસે વહેતી તાપીમાંથી જોતાં કોઈ ઊંચી ટેકરી પર હોય એમ લાગે છે. કોટની ફરતે તાપીમાંથી લીધેલી ઊંડી ખાઈ છે. કોટમાં રાજમહેલ છે. તેમાં કુંડ અને વાવ પણ છે. પાંચ નાની અને ત્રણચાર મોટી તોપો છે, જેના પર તેના બનાવનારનું નામ તથા સાલ છે.

વિજયસેન નામના રાજાએ વાજપુર પાસે તાપીસ્નાન કરેલું અને તે વખતે પોતાનાં મા-બાપનાં પુણ્યાર્થે એક બ્રાહ્મણને બાવલી ગામ દાનમાં આપેલું તેનો તામ્રલેખ નવસારી પ્રાંતના એક ગામમાં એક બ્રાહ્મણ પાસે છે. તેમાં બાવલીની સીમા ઘણી લાંબી દર્શાવી છે: 'પૂર્વમાં આમ્રકૂટ, દક્ષિણ–પશ્ચિમે તાપી અને ઉત્તરે ખાંડવવન.'

વાજપુરમાં કિલ્લાની પૂર્વમાં હનુમાન તથા મહાદેવનાં મંદિરો છે. મંદિર પાસેથી નદીમાં ઊતરવાના રસ્તા ઉપર બીજાં બે નાનાં મંદિરો આવેલાં છે, જેમાંના એકમાં ભાલા સાથેની મૂર્તિ છે તે ખંજોબા તરીકે ઓળખાય છે. કિલ્લાની ઉત્તરે ઘણાં ઝાડ, અને પગથિયાંવાળી એક વાવ પણ છે. વાવમાંથી કોશ ચલાવીને પાણી કાઢી શકાય અને વાડીમાં ફેરવી શકાય, એવી જાતનું બાંધકામ તથા નીક પણ જોવા મળે છે. વાજપુરની પૂર્વ તરફ એક માઈલ દૂર ગુંદી ગામની નજીક એક કોતર છે તેના કિનારા ઉપર કાળા પથ્થરનો પાકો બૂરજ બાંધેલો છે. એ બૂરજ પછી રસ્તો આવે છે. એ રસ્તા પછી લગભગ ૩૦૦ ફૂટ દૂર એક રોજો બાંધેલો છે, ને ઉત્તર તરફ રસ્તાના કાંઠા પર શંકરનું મંદિર હોવાના અવશેષો દેખાય છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે વાજપુર અને ગુંદી વચ્ચે મોટી વસતિ હોવી જોઇએ.

અહીંનું જંગલ એટલું ગીચ છે કે ઇમારતી લાકડાં પૂરાં પાડવામાં ડાંગ પછી તેનો ક્રમ આવે છે. —ચન્દ્રકાન્ત વાઘેલા

## પીલુ

પીલુનો ઉપયોગ હજારો વર્ષથી થતો આવ્યો છે. દાતણ તરીકે બાવળના દાતણ કરતાં પણ એનો કૂચો વધુ મુલાયમ થાય છે, અને સ્વાદ મુખને રંજન કરનારો બને છે. ભારત સિવાયના દેશોમાં પણ તેનો દાતણ તરીકેનો ઉપયોગ પહેલાં થતો હશે, કારણ કે ફારસી ભાષામાં તેનું નામ 'દરખ્તે મિરવાક' છે. (દરખ્ત=વૃક્ષ ને મિરવાક=દાતણ) અંગ્રેજોએ પણ આ ઉપરથી તેનું નામ ટૂથ બ્રશ ટ્રી રાખેલું હોય. દુર્ભાગ્યે આપણો સુધરેલો સમાજ આવા નિર્દોષ, દાંતનાં પેઢાનું રક્ષણ કરનાર દાતણને બદલે ટૂથ બ્રશની ફૅશને ચડી અવાળુ બગાડી નાખે છે. દાંત અને પેઢાના રોગીઓ તો આ સુલભ ઉપાય શ્રદ્ધાપૂર્વક અજમાવે છે.

પીલુનો ખાસ ગુણ તો અર્શ મટાડવાનો છે. સૂકા કે દૂઝતા બંને અર્શમાં પીલુ હિતકારી છે. અર્શ કબજિયાતથી મંદાગ્નિવાળાને, વાત પ્રકૃત્તિવાળાને થાય છે. માટે અર્શને મટાડનાર ઔષધોમાં કબજિયાત મટાડવાનો, પેડુના પવનને જીતવાનો, જઠરાગ્નિ સતેજ રાખવાનો અને અર્શમાંથી વહી ગએલા લોહીને સ્થાને નવું લોહી ભરવાનો ગુણ હોવો જોઇએ. તે બધા-જ ગુણો પીલુમાં છે. મળે ત્યાં સુધી તાજાં પીલુનું સેવન અર્શના રોગીએ કરવું જોઈએ. સીઝન પૂરી થઈ ગયા પછી બારે માસ પીલુનું સેવન કરવા માટે નીચેનો પ્રયોગ કરવા જેવો છે.

પાકાં પીલુ લાવી તેને હાથથી ખૂબ મસળી નાખવાથી તેનાં બીજ અને છાલ જુદાં પડી જશે. કપડાંથી ગાળવાથી પીલુનો રસ નીકળશે. આ રસના અરધા વજને ગોળ અને વીસમા ભાગે સૂંઠ, મરી, પીપર અને ચિત્રકનું ચૂર્ણ મેળવીને માટલામાં ભરી મોઢું બાંધી સાચવી રાખી મૂકવું. મહિને તેનો આસવ તૈયાર થશે. આ આસવ રોજના એકથી બે તોલા અર્શના રોગીને આપી શકાય છે. યકૃતવૃદ્ધિ, બરોળની વૃદ્ધિ અને ગુલ્મ તથા ઉદરરોગમાં આ આસવનો ઉપયોગ અકસીર મનાય છે.

પીલુ વાપરવામાં નિર્ભય છે. પીલુનું તેલ સૂંઘવાથી કે ગરમ કરી તેનાં ટીપાં નાકમાં પાડવાથી છીંકો આવી નાકના, ગળાના ને માથાના સ્રોતો ખુલી જાય છે, નાકમાંથી પાણી આવીને દોષો બહાર નીકળી જાય છે, આથી તેને શિરોવિરેચન કહે છે. શરદી, સળેખમ, આધાશીશી અને માથાના દુખાવામાં આ નિર્દોષ પ્રયોગ કરવા જેવો છે.

પીલુના તેલને ખાંખણના તેલના નામથી કરિયાણાના વેપારીઓ વેચે છે. આ તેલ ગરમ છે. સાંધાના, હાથપગના અને અન્ય અવયવોના વાયુના કારણે ઉત્પન્ન થતા દુખાવા પર આ તેલને ગરમ કરી માલિશ કરવાથી ફાયદો થાય છે. પંજાબ ને સિંધના અનુભવીઓ સર્પદંશ પર પણ આનો ઉપયોગ કરે છે. મરુભૂમિમાં થનારી આ ધ્યાન બહારની વનસ્પતિ આપણા દેશમાં થતા ઘણા રોગો પર અદ્ભુત અસર કરે છે. (ઉદ્ધૃત)

## સમુદ્રમાં હદ

દુનિયાના દેશો પોતપોતાના સમુદ્રની હદ કેવી રીતે નક્કી કરે છે એ જાણવા જેવું છે. બિનકેરશુક નામના ડચ વિદ્વાને એવો સિદ્ધાંત રજૂ કર્યો હતો કે દેશના સંરક્ષણ માટે તોપોનો ગોળો જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી હદ ગણવી. એ જમાનામાં તોપનો ગોળો ત્રણ માઈલ જતો.

હવે તો તોપોનો ગોળો દસ વીસ કે વધુ માઈલ છેટે જાય છે; તેમ છતાં બ્રિટન, અમેરિકા ને પશ્ચિમ યુરોપી દેશો ત્રણ માઈલની મર્યાદાને વળગી રહેવા માગે છે. ચીન, રશિયા, આઇસલૅન્ડ, અરબસ્તાન વગેરે દેશો ૧૨ માઈલનો, ને સ્કૅન્ડીનેવિયન દેશો (ડેનમાર્ક, સ્વીડન, નૉર્વે) ચાર માઇલનો આગ્રહ રાખે છે. ચીલી, કૉસ્ટારિકા, ઇક્વેડોર, અલ-સાલ્વેડોર, પેરુ, હૉન્ડુરાસ વગેરે લૅટિન અમેરિકન દેશો ૨૦૦ માઈલ સુધી પ્રાદેશિક સમુદ્ર ગણાવવા માગે છે, અને ઈન્ડોનેશિયા કહે છે કે અમારા નાનામોટા પાંચ હજાર ટાપુઓની વચ્ચે જે સમુદ્ર છે તે તમામ અમારો પ્રાદેશિક સમુદ્ર ગણાય! (પ્રવાસી)

## રોગ મટાડનારી રેકર્ડો

આજના ધમાલિયા જીવનમાં માનસિક ને શારીરિક સમતુલનની ઘણી જરૂર છે. લાખો લોકો એવા હશે કે જેઓ કોઈ ધૂન, ચિત્તભ્રમ કે અન્ય પ્રકારની માનસિક અસ્વસ્થતા ભોગવતા હોવા છતાં તે કબૂલ કરતા નથી. બહુધા તેઓ ભીરુ અને બધાથી અતડા રહેનારા હોય છે અથવા તો કામમાં પરોવાઈ સમાજમાં ગાંડાતૂર દોડધામ કરતા રહે છે. માનસની આ વિકૃતિના ઇલાજ કરનાર બહુ ઓછા નિષ્ણાતો લભ્ય હોઈ તથા એ ઇલાજ પણ બહુ લાંબા અને ખર્ચાળ હોઈ ઘણા તેના લાભથી વંચિત જ રહે છે.

જર્મનીમાં સ્કોનાઉના સેનેટોરિયમના વડા ડૉ. આલ્ફ્રેડ બ્રુશેલે એને માટે એક સસ્તો ને સારો ઇલાજ શોધ્યો છે. એમનો મૂળ સિદ્ધાંત તંગ માનસને હળવું કરીને આરામ આપવાનો, અને પછી એના મગજમાં સૂચનો પસાર કરવાનો છે. એમણે આવાં સૂચનોની એક હારમાળા તૈયાર કરી તેને ૧૬ રેકર્ડોમાં વિભાજિત કરી નાખી છે. રોગના પ્રકારનું

નિદાન થયે એમાંની કોઈ પણ અમુક રેકર્ડોનો ઉપયોગ દર્દીએ કરવાનો રહે છે, અને પ્રયોગ દર્દી ઘેર પણ કરી શકે છે. પ્રો. બુશેલે લગભગ ૫,૦૦૦ દર્દીઓ પર તેની અજમાયશ કરી જોઈ છે અને એમાં એમને સારી સફળતા મળી છે. અનિદ્રા, લઘુતાગ્રંથિની પીડા, માનસિક અસ્વસ્થતા, લોહીનું ખામીભર્યું ભ્રમણ, હાઈ બ્લડ પ્રેશર, ખાંસી, જઠર આંતરડાં કે લીવરની તકલીફ, અને પથરી કે કિડનીના રોગ પર એનાથી લાભ થાય છે. કવચિત દર્દી પર હળવા કે ઘેરા હિપ્નોસિસની પણ જરૂર પડે છે. હાલ તો આ રેકર્ડો જર્મન ભાષામાં જ પ્રાપ્ય છે, પણ એની શોધથી માનસિક રોગો માટેના તબીબી ક્ષેત્રે એક નવો માર્ગ ખુલે છે.

### નવાં પ્લાસ્ટિક્સ

બ્રિટનની એક પેઢીએ કોઈ પણ પ્રવાહી, ધુમાડો તથા વાયુ પણ જેની આરપાર નીકળી જઈ શકે તેવો વ્યોન નામનો અદ્ભુત પ્લાસ્ટિક પદાર્થ બનાવ્યો છે. ખૂબ ઘટ્ટ પોલીથિલીનમાંથી બનતું આ પ્લાસ્ટિક અત્યંત સ્વચ્છ હોઈ ખાદ્ય પદાર્થોના ઉત્પાદન-ઉદ્યોગમાં પણ વાપરી શકાય છે; એટલું જ નહિ, વેલ્ડ પણ થઈ શકતા આ પ્લાસ્ટિક વડે તેજાબ ગાળવા છતાં પણ તે ખવાઈ જતું નથી.

આ જ રીતે 'મેલિનેક્સ' નામે એક એવું પ્લાસ્ટિક તૈયાર થયું છે જે યંત્રો, વીજળિક સાધનો, ગરમી, રાસાયણિક પદાર્થો વગેરે સામે મજબૂત રીતે ટકી શકે છે. ઉદ્યોગનાં ક્ષેત્રોમાં કે ઘરવપરાશમાં એથી એના અનેકવિધ ઉપયોગો યોજી શકાય તેમ છે.

'ડોહમકાસ્ટ' નામનું એક બીજું પ્લાસ્ટિક વળી બાંધકામ માટે શોધાયું છે. રેતીના જેવા ખનિજ પદાર્થોના કણો પર પોલીથિલીનનો પટ ચઢાવીને તૈયાર કરેલો આ પદાર્થ ગમે તે આકાર કે આકૃતિ મુજબ ઢાળી શકાવા ઉપરાંત વજનમાં બહુ જ હલકો છે, ને પાછો કિંમતમાં બહુ મોંઘો નથી. આ ડોહમકાસ્ટની દીવાલ પર સિમેન્ટના પ્લાસ્ટરની જરૂર રહેતી નથી. તેનાં લાંબાં પતરાં પણ બની શકે છે. એને વહેરી શકાય, તેમાં ખીલા ઠોકી શકાય કે કાંણાં પાડી સ્ક્રૂ જડી શકાય અને એની ઇંટો બનાવીને ચણતર પણ કરી શકાય. ૧૨૫ ડિગ્રી સેન્ટીગ્રેડ ગરમી આપી દર ચોરસ ઈંચે ૪૦ રતલના દબાણ વડે તેને વાળીને ગમે તે આકાર પણ આપી શકાય છે, તેના પર મનમાની કોતરણી થઇ શકે છે ને એ કોતરણીમાં રસાયણ, મીનો કે રંગ પણ ચડાવી શકાય છે.


કલોરિનવાળા રબર અને જસતના સૂક્ષ્મ રજકણોનું બનેલું 'ગેટ એનોડ' નામનું એક પ્રવાહી મિશ્રણ શોધાયું છે તે બાંધકામમાં વપરાતાં લોખંડ, પોલાદ કે બીજી કોઈપણ ધાતુ, પાણીની ટાંકીઓ, વહાણનાં ખોખાં વગેરે પર લગાડવાથી તે ખવાઈ જતાં અટકે છે. આ પ્રવાહી ૨૦૦ ડિગ્રી સેન્ટીગ્રેડ સુધીની સૂકી અને ૧૨૦ ડિગ્રી સુધીની ભીની ગરમી સામે પણ ટકી શકે છે.


પશ્ચિમ જર્મનીના નિષ્ણાતોએ એક એવું યંત્ર તૈયાર કર્યું છે કે જે કેળમાંથી તેના રેસા કાઢી એના તાર બનાવી શકે. આ રેસામાંથી દોરડાં, કોથળા, શેતરંજી કે કામળા પણ બની શકશે. શણના કરતાં વધુ સારા અને ટકાઉ આ રેસાના 'કેળપાટ' પર ક્ષારની અસર થતી નથી તેમજ તેને રંગી પણ શકાય છે.

કેળનો જ્યાં મબલખ પાક ઊતરે છે ત્યાં પાછળથી કેળને ગતે પાડવાનો પ્રશ્ન ઊભો થાય છે. મોટે ભાગે ખાતર બનાવવામાં જ એ વપરાય છે. આ યંત્રથી હવે એનો એક વધુ ઉપયોગ થઈ શકશે. રેસા કાઢી લઇ આ યંત્ર વધારાનો કચરો છૂટો ફેંકે છે. એનો ખાતરમાં ઉપયોગ થઈ શકે. દસેક મહિના સુધી આ યંત્રની લૅટિન અમેરિકાના દેશોમાં ચકાસણી થઇ છે. ઉપયોગની દૃષ્ટિએ એ બહુ ખર્ચાળ નથી તેમજ સંચાલનમાં બહુ અટપટું પણ નથી.

**પાર્વતી-શૈશવ**
અને નીચે
**પાર્વતી-પૂજા**
ચિત્રકાર
**ખોડીદાસ**
**પરમાર**
ફોટો · નરેન્દ્ર વોરા

ઉજ્જૈની કાલિદાસ જયંતી પ્રસંગે યોજાએલા મહોત્સવમાં (કાલિદાસની કૃતિઓ ઉપરથી કરેલાં ચિત્રસર્જનોની સ્પર્ધામાં) પારિતોષિકને પાત્ર ઠરેલી 'કુમારસંભવ' ઉપરથી કરેલી બે કૃતિઓ





પહેલું ચિત્ર 'કુમારસંભવમ્'ના પહેલા સર્ગમાંથી લીધું છે. તેનો શ્લોક આ મુજબ છે:

तया दुहित्रा सुतरां सवित्री स्फुरत्प्रभामण्डलया चकासे. विदूर भूमिर्नवमेघशब्दादुद्भिन्नया रत्न शलाकयेव ॥

બીજું-નીચેનું-ચિત્ર પાંચમા સર્ગમાંથી છે. તેમાં થોડી છૂટછાટ લીધી છે. પાર્વતીને વલ્કલ નથી પહેરાવ્યાં, પણ હજી તો શિવલિંગ સ્થાપીને પ્રથમ તપની શરૂઆત કરે છે, એ પ્રસંગ લીધો છે. તેનો શ્લોક (પાંચમા સર્ગમાં ૮મો ક્રમાંક) આમ છે:

अथानुरूपाभिनिवेशतोषिणा कृताभ्यनुज्ञा गुरुणा गरीयसा, प्रजासु पश्चात्प्रथितं तदाख्यया जगाम गौरीशिखरं शिखण्डिमत् ॥

જોકે બંને શ્લોકને વળગી ન રહેતાં રંગ અને રચનાને જ મહત્ત્વ આપ્યું છે. ચિત્રોમાં હિમાલય દર્શાવ્યો નથી, પણ 'પાર્વતી પૂજા'માં તમાલનું જંગલ, કર્ણિકાર વગેરે મૂક્યા છે. પક્ષીઓમાં પણ નર-માદા કોકિલા, દૈયડ, મોર, બગલો, બપૈયા વગેરે મૂક્યા છે.







## ગુજરાતનાં શિલ્પ

પ્રાચીન અને અર્વાચીન

ાબી બાજુએ આપેલું કુટુંબસુખનું સુમધુર શિલ્પ ગુજરાતનું કદાચ પ્રાચીનમાં પ્રાચીન ઈ.ના સાતમા સૈકાનું) હોઇ ઐતિહાસિક તેટલી જ કલાની દૃષ્ટિએ એક મૂલ્યવાન કૃતિ ગણાય છે. આજથી ૩૩ વર્ષ પર શ્રી રવિશંકર રાવળે 'કુમાર'ના ૬૧મા અંકમાં તેને પ્રકાશમાં આણ્યા બાદ આજે તો મધ્યસ્થ સરકારના પુરાતત્ત્વ ખાતા સુધી તેની પ્રતિષ્ઠા પ્રસરેલી છે. ઉપર વચ્ચે આપેલી પૂતળીઓ આબુ-દેલવાડાનાં શિલ્પસમૃદ્ધ જૈન મંદિરોની વિખ્યાત વાદ્યધારિણીઓ લાગે છે ને?—પણ ના; વસ્તુતઃ તે આજે (ઈ. ૧૯૬૧ની સાલમાં) સોમપુરા શિલ્પીએ અમદાવાદના આકાશવાણી કેન્દ્રના સુશોભન માટે ઘડેલી છે. (ફોટો નરેન્દ્ર રાવળ) 'કુમાર'માં વારંવાર આવી ગએલી દેલવાડાની મૂર્તિઓથી જેઓ પરિચિત હશે તેમને સહર્ષ પ્રતીતિ થશે કે હજુ આજના કારીગરો પણ એ પ્રાચીન પરંપરાને કેટલી નિષ્ઠા ને ચોક્સાઈપૂર્વક જીવતી રાખી રહ્યા છે. (વિશેષ આ અંકની 'કલાવાર્તા'માં) છેલ્લું ચિત્ર 'સ્નાતા' 'કુમાર'ના સુપરિચિત કલાકાર શ્રી યજ્ઞેશ્વર શુક્લનું ખરબચડા પોરબંદરી પથ્થરમાંથી કરેલું અદ્યતન શિલ્પસર્જન છે. આવેલી ઊર્મિને એમાં સદ્ય સાકાર કરી બતાવી છે.

# અથાણું

## મોટા માણસોની હળવી વાતો

જેનું નામ ઇરાદાપૂર્વક નથી આપ્યું એવો ઇગ્લંડનો એક વિખ્યાત સંગીત-નિર્માતા ઓરકેસ્ટ્રાની રીહસલ વખતે જરા પણ ખામી જણાતાં એટલો ચિડાઈ જતો કે જે હૈં હાથ ચડે તે ભાંગીતોડી નાખતો. હમણાં એક વખત એવા પ્રસંગે તે એટલો ગુસ્સે થઈ ગયો કે ગજવાનું કીમતી સોનાનું ઘડિયાળ ખેંચી કાઢી ભોંય પછાડી ચૂરેચૂરા કરી નાખ્યું.

આ નુકસાનમાં પોતાની જ જવાબદારી રહેલી જોઇને તેના ઓરકેસ્ટ્રાના સૌ સભ્યોએ ભેગા થઇને તેને એક અતિસુંદર કીમતી ઘડિયાળ ભેટ આપ્યું;–ને સાથે એક સસ્તું મામૂલી ઘડિયાળ પણ આપ્યું, જેના ઉપર કોતર્યું હતું: 'રીહર્સલ વખતે પહેરવા માટે.'

## અડપલું

શ્વેત

વ્હેલી વયે શ્વેત કર્યા સુકેશ
કાળાશને ક્યાંક કરી અલોપ,
સુહાવવા ખદ્દર સ્વચ્છ જે થઇ
ટિનોપલે, ને સિગરેટ સંગ.

પ્રિયકાન્ત મણિયાર

## આફ્રિકન કહેવત

"જ્યારે ગોરાઓ આફ્રિકામાં આવ્યા ત્યારે તેમના હાથમાં બાઈબલ હતું ને અમારા હાથમાં મુલક હતો; હવે તેમના હાથમાં મુલક આવી ગયો છે ને અમારા હાથમાં બાઈબલ.

## છેલ્લા સમાચાર

ભારતના પ્રોફેસરોનું એક મંડળ એવી માન્યતા ધરાવે છે કે તેમણે શેક્સ્પિયરના કોયડાનું નિરાકરણ શોધી કાઢ્યું છે. તેમની માન્યતા મુજબ શેક્સ્પિયર દક્ષિણ ભારતનો બ્રાહ્મણ હતો અને તેનું નામ શેશપ્પા આયર હતું. પછી કરાંચી જઈને તેણે શેખ પીરનું નામ ધારણ કર્યું અને પછી ઇંગ્લંડ જઈ પોતાના નામનું અંગ્રેજીકરણ શેક્સ્પિયર કર્યું!

(સ્ટ્રેટ્સ એકો–પિનાંગ)

## 'કંકાવટી' વિભાગની તા.ક.

ઉપરના બ્લૉકમાં મારામારી ને ફેંકાફેંકીના ખૂબ જ અવાજો આવવા લાગ્યા, એટલે એક પાડોશીએ ફોન કરીને પોલીસને બોલાવ્યો. પોલીસે ઉપરવાળાંના બારણે ટકોરા મારી બારણું ખોલાવ્યું તો ફર્નિચર, વાસણો, ચોપડીઓ બધું ગમે ત્યાંફેંકાઇને તૂટીફૂટી હાલતમાં પડ્યું હતું. બારણું ખોલનાર સ્ત્રી હતી. પોલીસે એને પૂછ્યું 'આ ઘરનું માલિક કોણ છે?'

સ્ત્રીએ જવાબ આપ્યો 'થોડી વાર બેસો,- અમે બંને એ જ નક્કી કરવા મથીએ છીએ.

## કાગવાણી



હું જેના માથા ઉપર બેઠો છું તે આપણા શહેરનો પોસ્ટમૅન છે. નીતિ માટે પહેલાં આપણું પોસ્ટખાતું વખણાતું હતું, પણ આઝાદી પછી અનીતિના ક્ષેત્રે આપણે ત્યાં ઝડપી પ્રગતિ થઈ રહી છે અને સરકારી ખાતાંઓમાં તો અનીતિ એ જ નીતિ એવો સિદ્ધાંત સાબિત થતો જાય છે. આ પોસ્ટમૅન ટપાલમાંથી ચેક ચોરી જવાનું અને ચોપડીઓ કે છાપાંઓ ઉઠાવી જવાનું કામકાજ સારી રીતે કરી જાણે છે. મોંઘા ભાવનાં માસિકો તે બજારમાં ચોપડી વેચનારને અર્ધી કિંમતે આપી દે છે!

(ચિત્રલેખા)

સિનેમા ચાલુ હતું એવામાં ધરતીકંપનો આંચકો આવ્યો. ખુરશીઓ હલબલી ઊઠી, થીએટર ડોલવા લાગ્યું, ફિલ્મ બંધ થઈ, ને થીએટરમાં દીવા થયા. સૌ ઊભા થઇને બહાર નીકળવા તલપાપડ થઈ રહ્યા ત્યાં રંગમંચ પર એક સ્ત્રીએ આવીને મોટે અવાજે કહ્યું, 'કોઈ ગભરાશો નહિ; સૌ પોતપોતાની જગ્યાએ જ બેસી રહેજો.' એકેએક પ્રેક્ષક ખુરશી પર બેસી ગયું. એટલે પછી તે સ્ત્રી ઉતાવળી ઉતાવળી ખુલ્લા દરવાજામાંથી બહાર નીકળી ગઈ.

વકીલ: તમે એ જગ્યાથી કેટલે દૂર હતા?

સાક્ષી: ચાર વાર, બે ફૂટ ને ચાર ઇંચ.

વકીલ: એવું ચોક્કસ તમે કેમ કહી શકો?

સાક્ષી: કારણ હું જાણતો જ હતો કે કોઈ મૂર્ખો મને એ સવાલ કરવાનો જ, એટલે તરત જ માપ લઈ લીધું હતું.

એક અમેરિકન ઑસ્ટ્રેલિયામાં ફરવા નીકળ્યો. બળદોનું ટોળું ત્યાંથી પસાર થતાં તેણે પાસેના શખ્સને પૂછ્યું, 'આ કયાં જનાવર છે?'

'કેમ? બળદો વળી.' જવાબ મળ્યો.

'અમારે ત્યાં તો એથી ત્રણગણા મોટા થાય છે!' અમેરિકને ડંફાશ હાંકી. ઑસ્ટ્રેલિયન તો તેની સામે જ જોઇ રહ્યો. ત્યાં વળી ઘેટાંનું ટોળું પસાર થતાં અમેરિકને પૂછ્યું, 'અને આ જનાવરો કયાં?'

'એ ઘેટાં છે.' ઑસ્ટ્રેલિયને કહ્યું.

'એમ? હું તો સસલાં ધારતો હતો!'

ઑસ્ટ્રેલિયન હવે તેની મકસદ પામી ગયો. એટલામાં કાંગારૂઓનું ટોળું ત્યાંથી પસાર થતાં અમેરિકને પૂછ્યું. 'આ વળી શું?'

'કેમ? એ તો તીડો!! તમારે ત્યાં એ કેવડાં થાય છે?' અમેરિકને તરત ચાલતી જ પકડી.




આમ નહિ; અમારે તો "પટેલ, પટેલ, પટેલ, વોરા, ઍન્ડ વોરા કં. લિ." ચીતરાવવું હતું.

## મુદ્રારાક્ષસ

કૉંગ્રેસનું ૬૬મું અધિવેશન ભાનવગર યોજાયું હતું,
(કૉંગ્રેસનું ૬૬મું અધિવેશન ભાવનગર યોજાયું હતું.)

લોકશાહીમાં હજામતનું સ્થાન અમૂલ્ય હોય છે,
(લોકશાહીમાં પ્રજામતનું સ્થાન અમૂલ્ય હોય છે.)

એમના અવસાનથી એમની ખોટ સહુને ચાલશે,
(એમના અવસાનથી એમની ખોટ સહુને સાલશે.)

માવજીકાકાને કાણે ત્યાં ઘણું માણસ આવ્યું હતું,
(માવજીકાકાને કારણે ત્યાં ઘણું માણસ આવ્યું હતું.)

તેઓ તમારે ત્યાં ખરખરે આવ્યા હતા,
(તેઓ તમારે ત્યાં ખરેખર આવ્યા હતા.)

મહેન્દ્ર પી. ઠક્કર

## નથી

અમદાવાદ એ કોઈ વાદ નથી!
નાયલોન એ કોઈ લોન નથી!
બંગાળ એ કોઈ ગાળ નથી!
બિહાર એ કોઈ હાર નથી!
ગુવાર એ કોઈ વાર નથી!
સાકર એ કોઈ કર નથી!
ગ્રાહક એ કોઈ હક નથી!
ગુજરાત એ કોઈ રાત નથી!
હડતાલ એ કોઈ તાલ નથી!
હજામત એ કોઈ મત નથી!



# જ્ઞાનોદયમાળા

સેટ નં.
૨

- ૧૭ મહાભારત
  સોમાભાઈ પટેલ
- ૧૮ નનુજી નટ
  'ધૂમકેતુ'
- ૧૯ ગાંધી-પારસમણિ
  રમણલાલ સોની
- ૨૦ ભગવાન પોતે
  રમણલાલ સોની
- ૨૧ દુનિયાને દોરનાર
  રમણલાલ સોની
- ૨૨ આરબ પહેરેગીર
  રમણલાલ વસંતલાલ દેસાઈ
- ૨૩ સંતોના પુનિત પ્રસંગો
  શાંતિ શાહ 'સત્યમ્'
- ૨૪ મહાપુરુષોના જીવનપ્રસંગો
  શાંતિ શાહ 'સત્યમ્'
- ૨૫ આસ્તિક
  'ધૂમકેતુ'
- ૨૬ સાચું ભગવાન જાણે!
  'ધૂમકેતુ'
- ૨૭ વર્ષગાંઠનું સુપ્રભાત
  વિનોદિની નીલકંઠ
- ૨૮ એકલિયો અલગારી
  ગુણવંતરાય આચાર્ય
- ૨૯ નેત્ર-દાન
  અમૃતલાલ યાજ્ઞિક
- ૩૦ પંચવટીના પુણ્યક્ષેત્રે
  ગોવિંદભાઈ પટેલ
- ૩૧ મોતીની માળા
  અમૃતલાલ યાજ્ઞિક

**મોટા ટાઇપ • ૩૨ પાનાં**

સુંદર બૉક્સબોર્ડની પેટી સાથે ૧૫ પુસ્તકોના
આખા સેટની કિંમત રૂા. ૬-૦૦

## વોરા ઍન્ડ કંપની

પબ્લિશર્સ પ્રાઇવેટ લિમિટેડ
૩, રાઉન્ડ બિલ્ડિંગ, મુંબઈ-૨

---

એક ઉમદા પ્રવાસવર્ણન

# જ્યાં દેવ વિરાજે

લેખક • દિલહર ભચેચ

પુરોવચન
**શ્રી કનૈયાલાલ મા. મુનશી**

**કિંમત રૂ. ૬-૭૫ (પોસ્ટેજ-૧-૦૦) આફ્રિકા માટે શિ. ૧૪**

ગુજરાતી ભાષાનાં અલ્પસંખ્ય પ્રવાસ-પુસ્તકોમાં આ પુસ્તકનું સ્થાન મોખરામાં મૂકી શકાય તેવું છે. માત્ર બે જ પાત્રો દ્વારા, વાર્તાકથનની પેઠે તેમાં રજૂ કરાએલું હિમાલયની યાત્રાનું હકીકત-નિષ્ઠ અને સંયમિત છતાં મધુર પ્રવાસવર્ણન તેની આગવી લખાવટથી વાચકના મન પર ધાર્મિકતાની એક સુંદર ઊંડી છાપ ઉપસાવે છે.

**પ્રાપ્તિસ્થાન**

## એન. એમ. ઠક્કર ઍન્ડ કંપની

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

---

ધી

# વલ્કન ઈન્સ્યુરન્સ કંપની લિ૦

**સ્થાપના : ૧૯૧૯**

• આગ • મોટર • અકસ્માત
• દરિયાઈ • વર્કમૅન્સ કૉમ્પેન્સેશન
• એમ્પ્લૉયર્સ લાયેબિલિટી
વગેરે વીમાનું
કામકાજ લખવામાં આવે છે.

| જનરલ મૅનેજર | અંડર રાઈટર |
| --- | --- |
| **શ્રી વી. સી. સેતલવડ** | **શ્રી કે. સી. દેસાઈ** |

બ્રાન્ચ તથા એજન્સી ઑફિસો હિંદભરમાં છે;
ઉપરાંત
બ્રિટિશ ઈસ્ટ આફ્રિકામાં પણ છે.

હેડ ઑફિસ : ૭૩, ચર્ચગેટ સ્ટેશનની સામે,
ઈન્ડસ્ટ્રિયલ ઍશ્યોરન્સ બિલ્ડિંગ, કોટ, મુંબઈ નં. ૧

# આ માસ (જૂન) ઇતિહાસમાં

### દિનવિશેષ

તા. ૩ સ્ત્રીઓની પ્રથમ વિદ્યાપીઠના બીજ રૂપ કર્વે મહિલા વિદ્યાલયની સ્થાપના, ૧૯૧૬.
તા. ૪ રાજા તરીકે પોતામાં દૈવી અંશોનો દાવો કરતા ચાર્લ્સ પહેલાએ હાર સ્વીકારી, ૧૬૪૭.
તા. ૮ પિતા શાહજહાંને બંદીવાન બનાવી ઔરંગઝેબે રાજવહીવટ પોતાને હાથ લીધો, ૧૬૫૮.
તા. ૧૦ ગુજરાતીમાં 'કેકારવ'ના કવિ લાઠીના ઠાકોર સુરસિંહજી–'કલાપી'નું નિધન, ૧૯૦૦.
તા. ૧૨ પછાત જાપાનમાં સૌ પ્રથમ રેલવે-વહેવારની શરૂઆત કરવામાં આવી, ૧૮૭૨.
તા. ૧૮ ૧૮૫૭ના બળવાની વીરાંગના ઝાંસીની મહારાણી લક્ષ્મીબાઈનું અવસાન, ૧૮૫૮.
તા. ૨૧ જર્મનીની જગપ્રસિદ્ધ અને સૌથી મોટી 'કીલ નહેર'નું ઉદ્‌ઘાટન થયું, ૧૮૯૫.
તા. ૨૩ ગુજરાતના વિખ્યાત બાળકેળવણીકાર ગિજુભાઈ ભ. બધેકાનું અવસાન, ૧૯૩૯.
તા. ૨૮ હજી યે ચાલુ રહેલું સૌ પ્રથમ ગુજરાતી અખબાર 'મુંબાઈ સમાચાર' શરૂ થયું, ૧૮૨૨.

### લેડી વિદ્યાગૌરી નીલકંઠ

ગુજરાતના અભ્યુદિત સમાજજીવનનાં સંસ્કારજનની સમાં વિદુષી ને ધીર-પીઢ સામાજિક કાર્યકર લેડી વિદ્યાગૌરી ર-



મણભાઈ નીલકંઠનો જન્મ, ગુજરાતના અગ્રણી નાગરિક સરદાર ભોળાનાથ સારાભાઈનાં પુત્રી બાળાબહેનને ત્યાં ઈ. ૧૮૭૬ની ૧લી જૂને અમદાવાદમાં થએલો. બચપણથી જ પ્રાપ્ત થએલા ઉચ્ચ સંસ્કારોના બળે, સ્ત્રી-શિક્ષણના અભાવના એ જમાનામાં, ઈ. સ. ૧૮૯૧માં એમણે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી ત્યાર પહેલાં બે વર્ષ પર જાણીતા સમાજસુધારક મહીપતરામ રૂપરામ નીલકંઠના સૌથી નાના પુત્ર રમણ[redacted] તેમનાં લગ્ન થઈ ગએલાં. પરિણીત હોવા છતાં ને સામાજિક બંધનો છતાં આગળ અભ્યાસ કરી તે ઈ. ૧૯૦૧માં બીજે નંબરે આવી ગુજરાતનાં પ્રથમ સ્ત્રીસ્નાતક થયાં ને ગુજરાત કૉલેજમાં ફેલો પણ નમાયાં.

ઈ. સ. ૧૯૦૦માં છપ્પનિયા દુકાળ વખતે સ્ત્રીઓ અને બાળકોની સેવા કરીને સમાજ-સેવાના ક્ષેત્રમાં તેમણે પ્રવેશ કર્યો ત્યારથી ગુજરાતના સમાજજીવન, શિક્ષણ, સાહિત્ય, સંસારસુધારા ને નારીપ્રતિષ્ઠાનાં અનેકવિધ ક્ષેત્રોને, જીવનની છેલ્લી ઘડી સુધી તેમણે પોતાની સંગીન કાર્યપદ્ધતિ ને દક્ષતાથી સીંચ્યાં. શ્રી રમણભાઈના તંત્રીપદ હેઠળના 'જ્ઞાનસુધા'ના સંપાદનમાં પણ તેમનો ઘણો ફાળો હતો. રમણભાઈની સાથે લખેલા તેમના કેટલાક લેખો 'હાસ્યમંદિર'માં ગ્રંથસ્થ થએલા છે. રમેશચંદ્ર દત્ત કૃત નવલકથાનું તેમણે કરેલું અવતરણ 'સુધાહાસિની' તેમજ મહારાણી ચીમનાબાઈ ગાયકવાડના 'હિંદના સામાજિક જીવનમાં સ્ત્રીનું સ્થાન' નામે પુસ્તકનો શારદાબેન સાથે કરેલો અનુવાદ શિષ્ટમાન્ય છે. 'નારીકુંજ', 'ગૃહદીપિકા' અને 'ફોરમ' એ એમની અન્ય જાણીતી કૃતિઓ છે. આ બધી સાહિત્યસેવાના ફલસ્વરૂપે ગુજરાત સાહિત્ય પરિષદે પોતાના વડોદરાના અધિવેશનનું પ્રમુખપદ એમને આપેલું. ઈ. ૧૯૩૨ની અખિલ હિંદ મહિલા પરિષદનું પ્રમુખપદ પણ એમને મળેલું.

(અનુસંધાન પૃષ્ઠ ૨૧૨મે)

### પ્રસંગવિશેષ : હુમાયૂંનો દિલ્હીમાં પુનઃ પ્રવેશ
### મુઘલ અમલનાં સાચાં મૂળ બંધાયાં ૨૩મી જૂન, ઈ. સ. ૧૫૫૫

બાબરના અવસાન વખતે મુઘલ સલ્તનતના પાયા હજી પૂરા ધરબાયા ન હતા. તેના પછી ૨૩ વર્ષની ઉમરે ગાદીએ આવેલો હુમાયૂં વિદ્વાન અને સંસ્કારી હોવા છતાં યુદ્ધ-કૌશલ અને રાજવહીવટ માટે હજી કાચો હતો. આવી પરિસ્થિતિમાં બિહારના અફઘાન સરદાર શેરશાહે તેની સામે માથું ઊંચકર્યું અને આખરે તેને એવી જબરી શિકસ્ત આપી કે આશરા માટે હુમાયૂંને સિંધ રાજપુતાનાના રણમાં છુપાતા–ભટકતા છેક ઇરાન નાસી જવું પડયું. એવામાં અહીં દિલ્હીમાં શેરશાહ કુશળ અને ઉત્તમ શાસક હોવા છતાં રાજ્યવહીવટમાં એકહથ્થુ કર્તાહર્તા હોવાથી એક યુદ્ધમાં તે માર્યો જતાં તેની બધી રાજવ્યવસ્થા ભાંગી પડી. હુમાયૂંએ આ તકનો લાભ લઈ ઇરાનની સહાયથી ફરી હિન્દ પર ચડાઈ કરી અને ઈ. સ. ૧૫૫૫ની ૨૩મી જૂને વિજય મેળવીને દિલ્હીમાં પુનઃપ્રવેશ કર્યો. મુઘલ રાજઅમલનું બીજ ફરી રોપાયું જેને છ જ માસ પછી ગાદીએ આવેલા અકબરે પોતાની અદ્વિતીય પ્રતિભા વડે સિંચીને સમગ્ર હિન્દને પોતાની છાયામાં મેળવી લીધું.

**પ્રભુને ગમે તે સમે સર્વ સ્હેવું**
**સદા રાજી રાજી હૃદેમાં રહેવું.**

—દલપતરામ

સત્તરમા સૈકામાં જાપાનમાં થઇ ગએલા ઓ ઓસાન નામના એક પ્રધાનના કુટુંબમાં સોએક માણસો હતાં, છતાં તે સૌ એટલા સંપથી રહેતાં કે લોકોમાં એમ કહેવાતું કે ઓ-ઓસાનના ઘરનો કૂતરો પણ બીજા કૂતરા સાથે ઝગડતો નથી! આ વાત ત્યાંના સમ્રાટ યામા-ટેના કાને પણ પહોંચેલી. એક વાર તેની પ્રતીતિ લેવા એ જઇફી મંત્રીની ખબર પૂછવાને નિમિત્તે રાજા તેને ઘેર ગયા અને વાતેવાત લાવી એ અદ્દ્ભુત કુટુંબસંપનું રહસ્ય પૂછ્યું. વૃદ્ધ પ્રધાને પોતાના પૌત્રને સંકેત કરી કાગળ-કલમ મંગાવ્યાં અને પોતાના ધ્રૂજતા હાથે સોએક શબ્દો લખી કાગળ રાજાના હાથમાં મૂક્યો. ઉત્સુક રાજા એ વાંચીને આશ્ચર્યથી અવાક જ થઈ ગયા. પ્રધાને કાગળ પર એક જ શબ્દ સો વાર લખ્યો હતો: 'સહનશીલતા'.

કહેવતોના અર્થ: 'વહુનો વાંક ને વેપારીનો આંક'—કોઇ વાતનું મૂળ પારખી કે કળી ન શકાય તેવા પ્રસંગે ઉપયોગમાં લેવાતી આ કહેવતમાં વપરાએલાં ઉદાહરણો સચોટ છે. સાસુની આકરી ફરિયાદ ને ગૃહક્લેશના મોટા ધાંધલમાંથી પણ વહુનો વાંક (તે નિર્દોષ હોવાથી) કળી શકાતો નથી; તેમ વેચાણની વસ્તુ પર વેપારીએ પોતાની સંકેત-ભાષામાં લખેલો તેનો ભાવ(આંક) પણ કળાવો અશક્ય હોય છે.

અનેકાર્થી શબ્દ: જાર=જુવાર; વ્યભિચાર; ઉપપતિ, પરસ્ત્રી સાથે પ્રેમ કરનાર પુરુષ; સ્નેહી, પડોશી; લુચ્ચો માણસ; સોદો; દાંતનું મૂળ; પીલુનું ઝાડ; એક ઔષધિ; દિલગીર; ઉશ્કેરણીભર્યું; જૂનું; ફરિયાદ કરતું; બહાદુર; નાશ કરનાર; સ્થળવાચક પ્રત્યય.



કલાકણિકા: સુશોભન-સુલભ અરબી લિપિના વિવિધ પ્રાણીઓના આકારમાં રચેલા થોડા નમૂના અગાઉ આ પાના પર આપ્યા હતા. તેવો એક વધુ: પોપટ આકારમાં પ્રભુપ્રાર્થના




દેશની વસતિ-ગણતરીના આ વર્ષના કાર્યમાં ભાગ લેનારા લગભગ એક લાખ સેવકો અને સરકારી કર્મચારીઓમાંથી અગત્યની અને ઉમદા સેવા આપનારા લગભગ ૧૬૦૦૦ કાર્યકરોને આગામી સ્વાતંત્ર્યદિન પ્રસંગે ઉપરનો ચંદ્રક આપવાનું ભારત સરકારે ઠરાવ્યું છે.

ડુંગળીના કાંદા પર ઊકળતું પાણી રેડી, એ ઠરે એટલે જ્યાં માખીઓનો ભય હોય ત્યાં લગાડવાથી એક પણ માખી બેસતી નથી.

'ક' કહે કે 'હું પૂર્ણ છું, તું અપૂર્ણ છે.'—એનું નામ 'વાદ.'

'ખ' કહે કે, 'તું જ અપૂર્ણ છે, હું પૂર્ણ છું.'—એ 'પ્રતિવાદ.'

'હું પણ અપૂર્ણ છું, તું પણ અપૂર્ણ છે. બંને મળીને આપણે પૂર્ણ બનીશું.'—આ 'સંવાદ.'

'હું પૂર્ણ છું, તું પૂર્ણ છે. બંને મળીને પરિપૂર્ણ બને છે!'—આ 'સમન્વય.'

ગણિત ગમ્મત: ચાર પાંચડાંની રમત

$૫(\frac{૫+૫}{૫}) = ૧૦$

$\frac{૫}{૫}+૫+૫ = ૧૧$

$(૫\times૫\times.૫)-.૫=૧૨$

$(૫\times૫\times.૫)+.૫=૧૩$

માણસ સિવાય વધુમાં વધુ અક્કલ ધરાવતાં નીચેનાં દસ પ્રાણીઓ ન્યૂયૉર્ક ઝૂલૉજિકલ ગાર્ડન્સના ડિરેક્ટરે જણાવ્યાં છે: શિમ્પાન્ઝી વાંદરો, ઉરાંગ-ઉટાંગ, હાથી, ગોરિલા, કૂતરો, બીવરો, ઘોડો, દરિયાઇઘોડો, રીંછ ને બિલાડી.

સીવવાના સંચામાં તેલ પૂર્યા પછી બ્લૉટિંગ પેપરના ટુકડાને થોડો સીવી લેજો; એથી વધારાનું તેલ ચુસાઈ જશે અને સીવાતાં કપડાંને ડાઘ પડતા અટકશે.



**બૉન-સાઇ** એ ઠીંગણાં વૃક્ષો ઉછેરવાનો જાપાનનો કળા-શૉખ છે, જેમાં એક છીછરા વાસણમાં નાનો વૃક્ષ-છોડ વાવીને તેને ઉચિત સમયે તથા રીતે છાંટવાની (કાપતા રહેવાની) તથા ઉચિત પ્રકારનાં ખાત આપ્યા કરવાની ચાતુરી વડે તે તેનું વય વધવા સાથે દેખાવમાં જંગીવૃક્ષ જેવાં લાગતાં છતાં કદમાં ઠીંગણાં જ રહે છે. આવાં વૃક્ષોનાં વય આશ્ચર્ય પમાડે એટલાં મોટાં હોય છે. લંડનની જાપાન સોસાએટી તરફથી હમણાં ત્યાંના વિખ્યાત ચેલ્સી પુષ્પ-પ્રદર્શનમાં રજૂ થએલાં આ ઉપર આપેલાં બે વૃક્ષો પૈકી જમણી બાજુનું ચીનાઇ જુનિયર ઝાડ પચાસ વર્ષ જૂનું છે અને ડાબી બાજુનું જાપાની વિસ્ટેરિયા વૃક્ષ પણ એટલી જ ઉમરનું છે. (કેટલાંક તો ૩૦૦ વર્ષ સુધીની વય સુધીનાં દુનિયામાં હયાત છે!

માર્ચ અંકના પૂઠામાં જેમનાં થોડાં આલેખન આવી ગયાં તે ભાઈ જયંત પરીખના કેટલાક સ્કેચ (પરિચય આ અંકની 'કલાવાર્તામાં)









'દોરડા પર ચાલતો સરકસનો વિદૂષક': આ અંકની કલાવાર્તામાં જેમનો ઉલ્લેખ છે તે અમેરિકન કલાકાર કુહ્નનું એક શીઘ્રાલેખન

